તંદુરસ્તી મનની, તનની અને ચૈતન્યની જરૂરી છે. સુંદર ખોરાક હોય, બધી જ ટોપ સામગ્રી હોય અને અનેક પ્રકારની વાનગીઓ તૈયાર થઈ હોય, ત્યારે આપણને ચાર ડિગ્રી ટેમ્પરેચર હોય તો કંઈ ગમતું નથી. એટલે 'પહેલું સુખ તે જાતે નર્યા.' કરોડો રૂપિયા કરતાં તંદુરસ્તી વધારે કીમતી છે. પૈસા એ તો સુખનું સાધન છે, પણ પૈસા પોતે જ સુખ નથી. તંદુરસ્તી એ તો જીવનનો આનંદ છે. પરંતુ જ્યારે તન બગડી જાય છે ત્યારે મનને બગડતાં વાર નથી લાગતી. તન તંદુરસ્ત હોય પણ જો મન તંદુરસ્ત ન હોય તો બધું બગડી જાય છે. મન બગડે એટલે તન બગડી જ જાય છે.

તન તો માટીનો પીંડ છે, જીવન તો મન છે.

શરીર પૃથ્વી, પાણી, હવા, અગ્નિ, આકાશથી બનેલું છે. શરીરને જીવંત રાખનાર મન છે. મન માણસને સારો કે ખરાબ બનાવી દે છે. મનને તંદુરસ્ત રાખવા શું કરવું? બોમ્બથી જેટલું નુકસાન દુનિયાને નથી થયું તેના કરતાં હલકાં ગીતો ને હલકા સિનેમાથી દુનિયાને નુકસાન થયું છે.

મનન કરે તે જ મન છે.

મરી જવું એ નવું નથી, પણ જીવવું એ જ નવીનતા છે. મન એ જ મોક્ષ અને બંધનું કારણ છે. વ્યાખ્યાન મનને ખોરાક આપે છે. મન સર્જન કરે છે અને મન વિસર્જન કરે છે. તેથી તન કરતાં મન પરત્વે વધારે ધ્યાન આપવાનું છે. મનના વલોણામાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. દુનિયાના ગમે તેવા વિચારોમાં પણ સમ્યક્ત્વ રહી રહે છે. શ્રેણિક મહારાજા જેવામાં પણ કર્મની નિર્જરા કરતા હતા.

સુખ આવે જીવિત વાંછવું ને દુઃખ આવે મરણ વાંછવું. તેને બદલે મનને ધીમે ધીમે શાંત બનાવવાનું છે, સમજાવવાનું છે. તેથી આત્મામાં પૂર્ણતા આવે છે. પૂર્ણતા પછી મગ્નતા આવે છે, ને ત્યાર પછી સ્થિરતા સહજ બની જાય છે.

મનને કષાયોનો સથવારો મારી નાખે છે. અગ્નિને સથવારો મળે તો તે બીજાને બાળે છે, સથવારો ન મળે તો પોતાની જાતને બાળે છે. ક્રોધનું, માનનું, માયાનું, લોભનું અને અજ્ઞાનનું આવરણ દૂર કરવાનું છે. મનને શાંત કરવા માટે, સમાધિ તરફ લઈ જવા માટે પહેલાં વિષયોને દૂર કરવાના છે. મનનું પરિણામ વચનમાં અને વચનનું પરિણામ કાયામાં આવે છે. વ્યક્તિ જતાં, વ્યક્તિની મહત્તાને મન જાણે છે. પ્રભુ ચાલ્યા ગયા, પણ પ્રભુનું

નામ તારે છે. નામની અસર મન ઉપર પડી શકે છે, કારણ કે ત્યાં ત્યાગ હતો. મહત્તા વ્યક્તિને નહિ, પણ ત્યાગને છે.

મન, વચન અને કાયાને વીતરાગના સ્મરણમાં રાખવાના છે. કામ વગરના માણસોને ઘરમાં આવવા દેવાના નથી, તેમ કામ વગરના વિચારોને મનમાં આવવા દેવાના નથી. એકલતા શૂન્ય નહિ હોવી જોઈએ, પણ એકલતા પૂર્ણ હોવી જોઈએ. આપણે એકલા નથી, પણ આપણી સાથે પડછાયાની માફક વીતરાગ છે.

મન શુદ્ધ કરીને, મન પ્રસન્ન કરીને પવિત્ર વાતાવરણમાં એકાંતમાં આર્દ્રકુમારે જિન પ્રતિમાને પેટીમાંથી કાઢી અને પ્રભુનાં દર્શન કરતાં કરતાં તેના મન પર તૃપ્તિની પ્રસન્નતા છવાઈ ગઈ. આ છે પ્રભુદર્શનની મન પર સુંદર અસર. મન ઉત્તમ થઈ પ્રસન્ન પામે છે, અને મન બેચેન હોય ત્યારે નિદ્રા નથી આવતી. સામાયિકમાં તનને ભૂલી જવાનું છે. અને મન સાથે સમાધાન કરવાનું છે. મનની સમાધિ સાધવાની છે. મન સ્વસ્થ બનશે તો તનની સ્વસ્થતા સહજ બનશે.

મન, વચન ને કાયાના સ્વાસ્થ્યથી જે સુખ ઊપજે છે, તે જીવનને પ્રસન્નતા અર્પે છે. આ સ્વાસ્થ્ય માટે વિશ્વમૈત્રી જરૂરની છે. વિશ્વમૈત્રી ભાવનાથી માનવ મહાન બની

થાકે છે. જગતને પોતાની વિશાળ પાંખોમાં લઈને ઊડવાનું છે. મૈત્રીથી સૂકાં હૃદયો ભીંજાય છે. વિશ્વમૈત્રીની ભાવનાથી અન્યના દુઃખથી આપણે દુઃખી થઈએ છીએ. ડુક્કરને દુઃખમાંથી મુક્ત કરનાર અબ્રાહમ લિંકને કહ્યું કે, "આ મેં દયાનું કામ કર્યું નથી, પણ મારા હૃદયના દુઃખને દૂર કરવા આ કાર્ય કર્યું હતું." દયાનું કામ કહેવાનું નથી, જીવવાનું કામ કરવાનું છે. આ છે તન-મનના સ્વાસ્થ્યનું ખરું સુખ.



જેમ જેમ વસ્તુ શુદ્ધ થતી જાય, તેમ તેમ તે સુંદર દેખાવા માંડે છે. તળાવની તડોમાં જળ પૂરાતાં સરસ બની જાય છે, તેમ જીવનમાં ધર્મનો રસ આવતાં, આપણે આનંદી બનીએ છીએ.

મન, વચન અને કાયાનાં ત્રણ સાધનો હથિયાર જેવાં છે. કડિયો જે સાધનોથી ૧૪ માળનાં મકાનો બાંધે છે અને મકાન બાંધતાં બાંધતાં તે ઊંચે ચડતો જાય છે, ત્યારે તે જ સાધનોથી કૂવો ખોદનાર નીચે ઊતરતો જાય છે. એક ઉપર પ્રકાશમાં જાય છે, બીજો નીચે અંધકારમાં જાય છે. મકાન બાંધવાનું કામ અઘરું છે, ખાડો ખોદવાનું કામ સહેલું છે.

તેવું જ આ મન, વચન અને કાયાનું છે. તેમનો સદુપયોગ કરવા માટે જ્ઞાનની જરૂર છે, પરંતુ જેને દુરુપયોગ કરવો છે, તેને જ્ઞાનની જરૂર નથી. જેને સાધના કરવી છે, તેને જ્ઞાન, સ્વાધ્યાય અને ઇન્દ્રિયોનો સદુપયોગ કરવાનો છે.

પહેલાં શરીર ને પછી મન અને વચન આવે છે. કાચબાની જેમ ઇન્દ્રિયોને સંકેલી લેવાની છે. દુનિયામાં

આપણા ઉપર વિષયોના વિકારનો, અને ક્રોધાદિ કષાયનો ભય રહેલો છે, તે સમયે ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાની છે. ઇન્દ્રિયોને વશમાં રાખીને ઘણા મહાસતી બન્યા છે. આવા સદ્ગુણી સંતો ચાલ્યા જાય છે ત્યારે તેમનાં સંસ્મરણો યાદ કરીને રડીએ છીએ.

આમ ન થવાય તો પણ ઇન્દ્રિયોનો સદુપયોગ કરીને સજ્જન તો બનવાનું જ છે. સજ્જન માણસ સાધુની નજીક જ છે, માણસની ઇન્દ્રિયો આશીર્વાદરૂપ બને અને શાપ દેનારી શકે છે. આત્માને ઇન્દ્રિયો સંત કે શેતાન બનાવી શકે છે. જીભને કાબૂમાં રાખવાથી શાંત મધુર વાણી બોલાય છે, ને તેથી શીતળતા પ્રસરી રહે છે.

સર્પ જેને કરડે તે જ મરે, પણ દુર્જન તો એકના કાન કરડે અને બીજો મરી જાય છે. તેથી માણસે વચનનો સદુપયોગ કરવો જોઈએ.

વચનનો સદુપયોગ સ્વર્ગનો આસ્વાદ ચખાડે છે, વચનનો દુરુપયોગ નરકની દુર્ગંધથી ગૂંગળાવે છે. પ્રભુ મહાવીરદેવ કોઈને "દેવાનુપ્રિય" કે "મહાનુભાવ" વિના સંબોધતા ન હતા.

સામો માણસ ખરાબ હોય તો આપણે તેના હેવટમાં આવવાનું નથી, પરંતુ તેના પર અનુકંપા, દયા, સહાનુભૂતિ દાખવી તેને ઉચ્ચ સ્થાને લઈ જવાનો છે, [illegible] માટે જ આ મનુષ્યભવ મળ્યો છે. ૮૪ લાખ જીવયોનિમાં

ઉચ્ચસ્થાન માનવનું છે. પ્રભુ મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે : "તું કંઈ ન બને તો માનવતાવાળો માનવ તો જરૂર બનજે." માનવ એટલે માનવતા સભર, ધર્મમય જીવન. ત્યાં માનવતા મહેંકતી હોય છે. તે માનવ મોક્ષનો અધિકારી બને છે. અનુત્તર દેવલોકના દેવોને મોક્ષ મેળ-વવા માનવભવ લેવો પડે છે. આવી ઉચ્ચ ભૂમિકા પરથી લપસી ન જવાય તેની પૂરતી કાળજી રાખવાની છે.

સિકંદરે એક માણસને સત્તા ઉપરથી ઉતારીને નીચી પાયરી પર મૂક્યો. પાંચ વર્ષ પછી સિકંદરે તેને પૂછ્યું: "તમે નીચે ઊતર્યા તેનું તમને દુઃખ નથી થતું?" પેલા માણસે જવાબ આપ્યો : "ના, પહેલાં કરતાં અત્યારે હું વધારે સુખી છું, કારણ કે માનવતાની ભૂમિકામાં હું આગળ વધ્યો છું, અને હવે મારાં સ્વજનો સાથે સારી રીતે વાત કરી શકું છું."

સારા માણસને ખરાબ વિચાર આવી જાય, પરંતુ તે મનના બારણા સુધી આવી શકે છે, પણ અંતરમાં પ્રવેશી શકતા નથી. જેના મન પર દુષ્ટ વિચાર આરોહણ કરશે તે પડવાનો ને નાશ પામવાનો.

માનવતા લાવવા ખૂબ વિચારવાનું છે. વૃત્તિઓને કાબૂમાં રાખવાની છે, વૃત્તિઓને જીતવાથી, સારી ટેવ પાડવાથી જીવનની સાધના સુખમય બને છે. સાધના, સ્વાધ્યાય, સંયમ દ્વારા અંતિમ સિદ્ધગતિ હસ્તામલકવત બને છે.

નવપદ આરાધક આત્મા સ્વય તરે છે, અનેકને તારે છે. જેના હૃદયમાં નવપદ છે, તેને કોઈનો ડર નથી. 'નમો અરિહંતાણં'ના પ્રભાવથી કાળો નાગ પણ પુષ્પમાળા બની જાય છે.

અઢાર દોષોથી વર્જિત અરિહંત પ્રભુ છે. અરિહંતો જગતમાં પ્રકાશ ફેલાવી દે છે.

અરિહંત પછી સિદ્ધપદની આરાધના સિદ્ધિ અપાવે છે

આચાર્ય આપણને મોક્ષ માર્ગ બતાવે છે. તેઓ પંચાચારનો ઉપદેશ આપે છે. મુનિરૂપી તારાઓમાં આચાર્ય ચંદ્ર સમાન છે. જગતને અજવાળનાર દીવા આચાર્ય છે. આચાર્યને સ્વદર્શન અને પરદર્શનનો ખ્યાલ હોય છે. જગતના બધા જ પ્રશ્નોના જવાબ આચાર્ય પાસે હોય છે. શાસનના રાજા આચાર્ય છે.

ઉપાધ્યાય ભગવંત તે રાજાના રાજકુમાર સમાન જેવા છે. તેઓ શાસનના વિદ્યાર્થીઓને તૈયાર કરે છે. ઉપાધ્યાય ભગવંત પથ્થર જેવા મનુષ્યોને સુંદર કોતરી, કંડારી પ્રતિમાનું રૂપ આપે છે સાધુને તૈયાર કરવા માટે ઉપાધ્યાયની જરૂર છે.

ઉપાધ્યાય ભગવંતો ૨૫ ગુણોથી શોભે છે. તેઓ બાર અંગના જાણકાર હોય છે.

નવપદમાં અરિહંતને સિદ્ધ તે દેવતત્ત્વ છે. ગુરુ તત્ત્વમાં આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ ભગવંતોનો સમાવેશ થાય છે. ગુણની યોગ્યતા પ્રમાણે સ્થાન પ્રાપ્ત થાય છે.

સાધુ એટલે જ્ઞાનનો પુંજ. સાધુએ ૧૦૦૦ દિવસમાં જે ભણવાનું છે, તે ભણી લેવાનું છે. જીવનને સુંદર ઉપવન બનાવવાનું છે. સાધુપણામાં આત્માને જ્ઞાનથી તેજસ્વી ચકચકિત બનાવવાનો છે.

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ પછી ધર્મતત્ત્વ આવે છે. તેમાં છે દર્શન. દર્શન એટલે શ્રદ્ધા. દર્શન એટલે તત્ત્વની અભિરુચિનો વિચાર. જીવનમાં સત્યતત્ત્વની સમજણ આવી જાય તો જીવન જુદું જ બની જાય છે. પ્રભુનાં દર્શન કરવાનાં છે. પ્રભુને જોતાં પોતાના સ્વરૂપની ઓળખાણ કરવાની છે.

દર્શન પછી આવે છે જ્ઞાન.

શ્રદ્ધાને જ્ઞાનની આંખ જોઈએ. ભવસાગરમાંથી પાર કરનાર જ્ઞાનરૂપી નૌકા છે. જેની પાસે જ્ઞાન છે, તેને સુખદુઃખ સમ લાગે છે. જ્ઞાન તો ત્રીજું લોચન છે.

જ્ઞાનથી તપ, ચારિત્ર, દયા જીવનમાં આવે છે. માણસને પશુથી જુદો પાડનાર કોઈ હોય તો તે જ્ઞાનતત્ત્વ છે. જ્ઞાનથી હેય, જ્ઞેય, ઉપાદેયની સમજણ પડે છે. સ્વાધ્યાય, શ્રવણને જ્ઞાનીનું સાનિધ્ય જ્ઞાન મેળવવામાં સહાયભૂત બને છે.

આઠમું પદ ચારિત્ર છે. સદાચાર, બ્રહ્મચર્ય પણ ચારિત્ર છે. ચારિત્રમાં પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ છે. ઇન્દ્રિયોને જરૂરિયાત પ્રમાણે પ્રવૃત્ત ને નિવૃત્ત રાખવાની છે. ચારિત્રમાં સ્યાદ્વાદનો ઉપયોગ કરવો જોઈએ. પાંચ સમિતિમાં પ્રવૃત્તિ ને ત્રણમાં નિવૃત્તિ રાખવાની. ચારિત્ર એ બહારની વસ્તુ નથી, પણ જીવનની શુદ્ધિ છે.

જીવનમાં પહેલાં શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધાને સમજવા જ્ઞાન જોઈએ. જ્ઞાનના આચરણ માટે તપ જોઈએ. તડકો બરાબર ન હોય તો અનાજ બરાબર પાકતું નથી. તપશ્ચર્યાની ગરમીથી જીવન મધુર બની જાય છે. સૂર્યનાં કિરણો બાર હજાર છે. તપરૂપી સૂર્યનાં પણ બાર કિરણો છે: છ બાહ્ય અને છ અભ્યંતર. જૈનદર્શનના તપમાં વિવિધતા છે: સ્વાધ્યાય, વિનય, ધ્યાન, કાઉસગ્ગ, નિયમ વગેરે. જે કામ કરીએ તે પોતાના આત્મા માટે કરવાનું છે.

આહાર શુદ્ધ ને સાત્ત્વિક હોવા જોઈએ. સાધુની કે સાધર્મિકની ભક્તિ કે તેમના વૈયાવચ્ચ પણ તપ છે. સ્વાધ્યાય પણ તપ છે. અગ્નિથી સોનું શુદ્ધ થાય છે, તેમ તપશ્ચર્યાથી આત્મા શુદ્ધ થાય છે, ને મનની વૃત્તિઓ શાંત થાય છે.

નવપદનું આ તો અતિ સંક્ષિપ્ત આલેખન છે. નવપદ નવનિધિ આપે છે. નવપદની આરાધના જીવનને મંગલમય બનાવે છે, આત્માને પ્રકાશિત બનાવે છે અને અંતે મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

સામાયિકની શ્રેષ્ઠતા

ચાતુર્માસમાં ખેડૂત અને ધર્મી બન્ને ખેતી કરે છે. ખેડૂત ધરતીની ખેતી કરે છે, ધર્મી આત્માની ખેતી કરે છે. ખેડૂતની માફક ધર્મીએ હૃદયની ધરતીને ઊંડી ને પોચી બનાવવાની છે. સંસારના સંબંધો ત્યજવાના છે. સામાયિક અંગીકાર કરવાનું છે.

સાધનામય જીવન બનાવવાનું છે. ખેડૂત પોતે સારો પાક લેવા ખાતર દુઃખો વેઠે છે, તેમ આપણે જીવનમાંથી સુંદર પરિપાક મેળવવા જીવનને સાધનામય બનાવવાનું છે. સાધનાની પ્રથમ ભૂમિકા સામાયિક છે. સમ+આય એટલે સમ્યક્ત્વ રીતે મેળવવું તે. સામાયિકમાં બેસો ત્યારે અંતરમાં ઊતરી જવાનું છે. પુણિયા શ્રાવકના સામાયિકને વીરપ્રભુએ વખાણ્યું હતું. તેના એક સામાયિક માટે શ્રેણિક મહારાજા રાજ્યવૈભવ છોડવા તૈયાર હતા. બધાં કર્તવ્યોમાં સામાયિકનું સ્થાન પરમ ને ઉચ્ચ છે. શાંત દીપશિખા સુંદર લાગે છે, તેમ શાંત મન આનંદ અર્પે છે. તે મનને શાંત સ્થિર કરવા માટે સામાયિક છે.

ભરદરિયામાં મોતી લેવા મરજીવા સાગરને તળિયે

જાય છે; પણ તે વખતે અનેક ભય અને મુસીબતોનો ડર છે, છતાંય પોતાના કાર્યની ધ્યેયપૂર્તિ તે એકાગ્ર, સ્વસ્થ ને ધ્યેયવશથી કરે છે. તે રીતે સામાયિકમાં મનને, શરીરને એકાગ્ર અને સ્વસ્થ બનાવવાનાં છે. સામાયિકથી આધ્યાત્મિક ભૂમિકાને વિકસિત કરવાની છે.

આપણને અતિદુર્લભ માનવભવ મળેલ છે. નરક ગતિમાંથી મનુષ્યગતિમાં તીર્થંકરપદની પ્રાપ્તિ સુલભ બને છે. સામાયિકમાં અંતર્મુખ બની ઊંડાણમાંથી મરજીવા માફક મોતી લાવવાનું છે. તે મોતી છે શુદ્ધસ્વરૂપી આત્મા. ચિત્તની શાંતિ માટે બહાર તીર્થધામ ફરવાની જરૂર નથી, તે તો પ્રાપ્ત થશે સામાયિકમાં.

સામાયિકમાં પર્વત જેમ અડોલ બનીને ધ્યાન ધરવાનું છે, ત્યારે શરીરની ફીકર કરવાની નથી, આત્માની ફીકર કરવાની છે.

સામાયિકમાં બેઠેલા કુમારપાળને મંકોડો ચોંટયો હતો. કુમારપાળ તો ધ્યાનમગ્ન હતા, તેમને મંકોડાના ડંખ કરતા મંકોડો મરી ન જાય તે માટે ન ખટકાવ્યો, દૂર ન કર્યો. પૂર્ણ ઉપયોગવંત હતા, મંકોડાને છૂટો ન પાડતા તેના મંકોડાને તેનું કાર્ય કરતાં માંસ સહિત ચામડી કાપીને મંકોડાને અભયદાન આપ્યું.

પ્રેરણા

અહિંસાનો પાલક જેમાં જીવહિંસા થતી હોય તેવાં સાધનો—ચરબીયુક્ત સાબુ, લીવરનાં ઇન્જેક્શનો, કોડલીવર ઓઇલ, ક્રોમના બૂટ ન વાપરે. અહિંસા વિના મનની સ્વસ્થતા જળવાય નહીં. અહિંસા સાથે સાદાઈ ને સત્યની માવજત કરવાની છે. સાદાઈથી મન સરળ બને છે. કપડાં ઉંમરને શોભે તેવાં પહેરવાનાં છે. ઉદ્ભટ પહેરવેશ પહેરવાનો નથી. આથી મનમાં ગ્લાનિ લાવવાની નથી. ચિત્તને સંયમમાં રાખવાનું છે.

સામાયિકમાં સમતા ને સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે બ્રહ્મચર્યની જરૂર છે. સંયમીના મુખ પર કાન્તિ હોય છે. તેના આત્મામાં પવિત્રતાનો ચમકાટ હોય છે. જેટલું બ્રહ્મચર્યનું તેજ સંચિત થાય તેટલું મગજ સરસ કામ આપે છે. તેમાં વિચાર–વિકલ્પો આવતા નથી. ઠરેલ જળની માફક સુંદર લાગે છે. દૂધ ઠરે તો જ દહીં બને છે. મગજ શાંત થાય તો જ ગૂંચનો ઉકેલ મળે છે. તેથી કેટલાય પ્રશ્નોનો જવાબ બ્રાહ્મ મુહૂર્તે મળી આવે છે. સામાયિક એ જ જીવનનું લક્ષ હોવું જોઈએ, તેથી જીવન સમતાથી સભર બનશે. રાગદ્વેષનાં દ્વન્દ્વો હેરાન નહીં કરી શકે. તે વખતે જે અનન્ય આનંદ આવશે, તેથી જે પ્રસન્નતાની સુરખી મુખ પર વિલસી રહેશે તે અદ્ભુત અને અનન્ય હશે.

⁂ | શ્રીપાલચરિત્ર

શ્રી રત્નશેખરસૂરિએ શ્રીપાલચરિત્રનું સુંદર આલેખન કર્યું છે. તેઓ કહે છે : 'વીતરાગની વાણીને હું આપવાનો છું.' પ્રભુની વાણી સૂર્ય જેવી છે. વીતરાગની વાણીરૂપ સૂર્ય-પ્રકાશ મળતાં લોકોનાં હૃદયકમળ ખીલી ઊઠે છે.

નવપદનું આલંબન જગતમાં શ્રેષ્ઠ છે. જેવી રીતે ચક્ર મળતાં ચક્રવર્તીને છ ખંડ મળી જાય, તેમ ભવ્ય આત્માને સિદ્ધચક્ર મળતાં ચૌદરાજલોક પર વિજય મળે છે.

જેના હૃદયમાં સિદ્ધચક્રનો પ્રકાશ છે, તે આત્મા ધન્ય બની જાય છે.

મયણાસુંદરીએ નવપદની આરાધના કરી, તેનું સૌભાગ્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું.

પ્રજાપાળ રાજાને બે રાણીઓ હતી. સૌભાગ્યસુંદરી અને રૂપસુંદરી. સૌભાગ્યસુંદરીથી સુરસુંદરી નામની રાજકન્યા જન્મી અને રૂપસુંદરીથી મયણાસુંદરી થઈ.

મયણા ને સુરસુંદરી બન્ને દરેક કળાનો સારો અભ્યાસ કરે છે. એક વખત તેમના પિતા પ્રજાપાળ રાજાએ તેમને પ્રશ્ન પૂછ્યો : "પુણ્યથી શું મળે છે?"

સુરસુંદરીએ ઉતાવળે જવાબ આપ્યો: "ધન, યૌવન, હોશિયારી, તંદુરસ્તી, મનગમતો પ્રિયતમ, બધું પુણ્યથી જ મળે છે."

પૂર્ણિમામાં ઉજવાયા પછી જેમ ના શરીર તંદુરસ્ત બની જાય છે.

પુણ્ય બે પ્રકારનાં છે : પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય.

પુણ્યના યોગે વિનય, વિવેક, સજ્જન મન, શીલાદિ શક્તિ મોટા પ્રમાણ થાય છે.

જે પુણ્યશાળી હોય તેના દિલમાં અરિહંતનું રાજ્ય હોય.

“અરિહંત હો મેરે મહંતે, ગુરુરાજ હો મેરે નિકટમેં” આ જ્યાં હોય ત્યાં પંડિત મરણ શક્ય બને છે.

સુરસુંદરીએ પિતાની ખુશામત કરીને પિતા જ સર્વસ્વ છે, અન્ય નહીં. મયણાએ દેવ–ગુરુ–ધર્મની પ્રશંસા કરી, સાંસારિક સંબંધ નિમિત્તમાત્ર છે. જેવું પુણ્ય તેવું જીવન.

આથી રાજા ગુસ્સે થયા અને મયણાને કોઢિયા સાથે વળગાડી. સુરસુંદરીના ધામધૂમપૂર્વક લગ્ન કર્યાં. પણ તેને ચોરો લૂંટી ગયા, સુરસુંદરીને વેશ્યાને ત્યાં વેચાવું પડ્યું. ત્યાં નૃત્ય કરનાર થાય છે.

પંચપરમેષ્ઠિની આરાધનાના પ્રભાવે શ્રીપાળને જલતારિણી-શસ્ત્ર નિતારિણી વિદ્યા મળી. વિદ્યાસિદ્ધિ માટે મદદ કરી તો તેમને અનિચ્છાએ સુવર્ણ મળ્યું. ધવલશેઠ સાથે જાય છે. શ્રીપાળ નિઃસ્વાર્થભાવે તેને સહાય કરે છે. પરંતુ ધવલશેઠ તો ઈર્ષાથી બળીને ખાખ થઈ જાય છે. મદનમંજૂષાને

મેળવવા ધવલશેઠે શ્રીપાળને દરિયામાં ફેંક્યા. ત્યાં મગર નાવરૂપે મળી ગયો ને થાણાના દરિયાકિનારે સહીસલામત આવ્યો. મદનરેખા અને મદનમંજૂષા શ્રીપાળને સ્મરીને વિલાપ થાય છે, ત્યારે ચક્રેશ્વરી દેવી આવે છે, ધવલશેઠને તેનાં દુષ્કૃત્યોની શિક્ષા આપે છે. ધવલશેઠ ત્યાંથી નાસી છૂટે છે. છેવટે શ્રીપાળને થાણામાં હેરાન કરવા પ્રયત્ન કરે. શ્રીપાળને ધવલશેઠના કુકર્મો જોઈને ખૂબ દુઃખ થાય છે. ધવલશેઠ એક વખત મુશ્કેટાટ બંધાયા હતા, ત્યારે શ્રીપાળે તેમને છોડાવ્યા હતા. શ્રીપાળ ધવલશેઠને ઉત્તમ જીવન બનાવવાનું કહે છે, પણ ધવલશેઠ માને ખરા? છેવટે ધવલશેઠનો બૂરો અંજામ આવે છે. મરીને તે સાતમી નરકે જાય છે.

ધવલશેઠના મરણના સમાચાર મળ્યા. શ્રીપાળને દુઃખ થયું. શ્રીપાળને ધવલનો પૈસા જોઈતા નહોતા. તેના દુઃખ વ્યથા ને નિસાસા હતા. શ્રીપાળ ધવલશેઠના પુત્ર વિમલને ૨૫૦ વહાણો આપી દે છે. વિમલ શ્રીપાળના સત્સંગમાં નમન કરે છે ને તેનું જીવન બદલાઈ જાય છે.

શ્રીપાળ ને મયણાસુંદરી નવપદની આરાધના કરીને જીવનને ઉત્કૃષ્ટ કોટિનું બનાવે છે. મયણાસુંદરીના જીવનને સુંદર બનાવવા પ્રયત્ન કરે છે. પોતાની ઉપરના કષ્ટને સમતાપૂર્વક સહન કરીને, હૃદયમાં અરિહંત સિદ્ધ આદિ પંચપરમેષ્ઠિને સતત સ્મરીને જીવન સાર્થક બનાવ્યું.

જીવનની ભ્રમણા

જીવનની ભ્રમણા નામથી જ શરૂ થાય છે. આપણે ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના છીએ એ તો આપણે ભૂલી જઈએ છીએ. આપણે નામ માટે જ દોડાદોડ કરીએ છીએ. નામમાં જ એકરૂપ બનીને આપણે આત્માને ભૂલી જઈએ છીએ.

એક ડોસી એક ગામ જતાં હતાં. રસ્તામાં જંગલ આવ્યું. ત્યાં રાત પડી ગઈ. ત્યારે એક માણસે તેને કહ્યું : "રાતનો રાજા આવીને તને મારી નાંખશે." આ શબ્દો સિંહના કાને પડ્યા ને તેનામાં ગભરાટ શરૂ થયો કે રાતનો રાજા તે કોણ હશે ?

થોડીવાર પછી પોતાના ખોવાઈ ગયેલા ગધેડાને શોધવા એક કુંભાર ત્યાં આવ્યો, ત્યારે સિંહને થયું : "મને કોઈ પકડવા આવેલ છે" ને અંધારામાં ને અંધારામાં તે સિંહને પકડીને ગધેડાના ટોળામાં લઈ ગયો. સવારે સિંહને જોતાં તેનાથી ચીસ પડાઈ ગઈ. ત્યારે સિંહને ભાન થયું કે રાતનો રાજા કે જંગલનો રાજા હું જ છું.

આમ આત્મા સિંહ સમાન છે. તેની પાસે અનંત શક્તિ છે. તે શક્તિ દ્વારા જીવનને અને જગતને સ્વર્ગ બનાવવાનું છે. જેવો આત્મા મહાવીરનો હતો, તેવો આત્મા આપણો છે. આપણે ગધેડાના ટોળામાં આવી ગયા છીએ, તેથી સત્ય તત્ત્વની ખબર પડતી નથી.

ભારતની પાસે આધ્યાત્મિક ભૂમિકા છે. પ્રભુ આદિનાથ, પ્રભુ મહાવીર, ગૌતમ વગેરે આ ભૂમિના સર્જન છે. તે ભૂમિમાં આપણે ભાભારી નામનું વિસર્જન કરવાનું છે ને સત્ય સ્વરૂપી આત્માનું સર્જન કરવાનું છે. ત્યાં એકતાપણું લાવવાનું છે. જ્યાં સંપ છે ત્યાં શક્તિ છે. આજે ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થઈ રહ્યો છે અને જૈન ધર્મના [illegible] પરંતુ જૈનોનો ઘટાડો થઈ રહ્યો છે!

આનું કારણ છે નામનો મોહ. અહમ્ અને મમ આ બે મંત્રો મોહરાજાના છે. જ્યાં અહમ્ ત્યાં વિરાધના. અહમ્ આત્મામાં અંધકાર ફેલાવે છે.

આપણા જીવનરૂપી દૂધમાં કષાયોના ગાંગડા પડે તો તે દૂધ ફાટી જાય છે અને જો ધર્મનો ગાંગડો પડે તો તે દૂધ મીઠું બની જાય છે. મિથ્યાત્વના સંસ્કારે આપણે દુઃખી થઈ રહ્યા છીએ.

મોહરાજાના મંત્ર સામે ધર્મરાજાનો મંત્ર કેવો છે

હળાહળ ઝેર સમાન છે. ધર્મશાસ્ત્રનો મંત્ર છે: "ન અહમ્, ન મમ" બાહુબલિજીએ દુષ્કર તપ તો કરી ગયા, "અહમ્"ને કાઢ્યો, કેવળજ્ઞાન પ્રાપ્ત થતું ન હતું. બેન સાધ્વીના મીઠા પ્રેમ-ટકોરાથી અહમ્‌નું વિસર્જન થયું ને કેવળજ્ઞાનનું દર્શન થયું.

પ્રેમ એ માસ્ટર કી છે. તેનાથી કોઈપણ આત્માનું તાળું ખોલી શકાશે. અહમ્ અને મમ ને ઓગાળવાના છે. તેનું sublimation કરવાનું છે અને તે માટે પ્રભુવાણી એક જ રસાયણ ઉપયોગી છે. અહમ્‌ને દૂર કરવા, મમત્વનો નાશ કરવા યોગ્ય પદ્ધતિની જરૂર છે. પદ્ધતિ વિના પ્રગતિ નહીં. પાણીમાં હાથ-પગ ગમે તેટલા પછાડીએ, પણ તરતાં આવડતું ન હોય તો ડૂબી જવાય છે. મનુષ્યજન્મ મળ્યો છે તે આલોક કે પરલોક સુધારવા માટે મળ્યો છે. મનુષ્ય-જન્મ પામીને હારી જવાનું નથી, જીતી જવાનું છે. અહમ્ અને મમના કેફમાં કેટલું પાપ થઈ જાય છે? ત્યારે ખબર નથી પડતી કે હું એકલો આવ્યો છું ને મારે એકલાને જવાનું છે; તો તે વખતે મનને અરિહંતમાં જોડી દેવામાં આવે તો અહમ્‌નો કાંટો નમ્ર બને. 'મમ'થી ઇન્દ્રિયોની દોડધામ ચાલુ છે. આથી આસક્તિ વધે છે અને તેમાંથી વિનાશ સર્જાય છે. આસક્તિને કારણે બિલ્વમંગલને મડદું તે લાકડું લાગ્યું, વિષધર નાગ તે દોરડું. ભૌતિક રૂપ, રંગ, યૌવન આ બધું નશ્વર છે. અહમ્ અને મમમાંથી

અનેકવિધ વિનાશની શાખાઓ ફૂટે છે અને તે શાખાઓ ઉપર અનેક દુર્ગુણોરૂપી પક્ષીઓ માળા બાંધે છે. ને જ્યારે પ્રભુ ભગવંતની કૃપા ઊતરે તો અહમ્ અને મમને બદલે વીતરાગની વાણીથી "નાહમ્" "ન મમ"નો મંત્ર સમજાવે છે. આથી એકત્રિત થયેલ દુર્ગુણો દૂર થઈને સદ્ગુણોની સુવાસ પ્રસરી રહેશે. જીવનની અશાંતિમાં અટવાતું મન શાંત-પ્રશાંત બનશે. જીવનનાં ભૂતકાળને ભૂલીને સ્વયંમાં રહેલ પ્રકાશને જોશે, અનુભવશે અને જીવનને અમર રંગીન બનાવશે.

●

ધર્મ

ધર્મ કોઈ સંપ્રદાયમાં, સંપ્રદાય કે વાડાબંધીમાં નહિ પણ કોઈ પણ ધર્મમાં, એવા અવતારમાં ધર્મ વસે છે

●

જીવન—એક સ્વપ્ન

સંસારમાં જન્મમરણના ફેરવાનું છે, તેમાં લપેટાઈ જવાનું નથી. આત્મા પ્રવાસી છે, વાસી નથી. આ જિંદગી એક સોહામણું સ્વપ્ન છે. આ જીવનમાં ગમે તેટલી સંપત્તિ-સમૃદ્ધિ હશે, તોય છેવટે તો તેનો ત્યાગ કરીને જવાનું નિશ્ચિત છે. પરલોકમાં જતી વખતે સુકૃતનું ભાથું લઈને જવાનું છે. શરીરની સગાઈ ખોટી છે, આત્માનું સગપણ સત્ય છે.

પતિ-પત્ની વચ્ચે અપાર પ્રેમ હોય, પણ પતિનો આત્મા ચાલ્યો જાય, તો તે મડદાની પાસે એક ક્ષણ પણ બેસી શકતી નથી. તો જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે જિંદગીના સ્વપ્નને અમર બનાવી દો, પ્રમાદ ત્યજી દો, પુરુષાર્થ પ્રારંભો. પ્રભુ મહાવીરે ગૌતમને વારંવાર કહેલ છે: "હે ગૌતમ, એક ક્ષણનો પણ પ્રમાદ ન કરીશ."

આપણા ધ્યેયનો આપણે શાંતિથી વિચાર કરવાનો છે. જીવનભર સુકૃત્યો કરવાનાં છે. મન, વચન અને કાયાથી સદાચરણ અને શુભભાવના ભાવવાની છે. પોતાને શોધવા માટે અંતરમાં ડૂબકી મારવાની છે. જ્ઞાનીઓ તો દ્રષ્ટા છે, બતાવનાર છે; તેમણે બતાવેલ માર્ગે આપણે જવાનું છે.

આપણે આપણને ભૂલી ગયા છીએ. 'હું' ના આગમનાગમનનો, કાર્યનો, ઉદ્દેશનો વિચાર નથી કર્યો. આપણા સુખને, આપણી શાંતિને, ચિત્તની પ્રસન્નતાને, વર્ષોના આનંદને એક ક્ષુલ્લક ક્રોધથી ભસ્મીભૂત કરવાના નથી. જીવન પ્રસન્નતાપૂર્વક વ્યતીત કરવાનું છે.

આ વિશ્વ તો ધર્મશાળા છે, તેમાં અત્યારે આપણે રહીએ છીએ. જ્યારે મરણ આવશે, ત્યારે પુણ્ય-પાપનું પોટલું લઈને ચાલ્યા જવાનું છે. જિંદગી મળી ઉછીના આભૂષણ જેવી છે. જિંદગીનાં એવાં કાર્ય કરવાં કે જેથી મૃત્યુ સમયે શોક કે વીલાપના પ્રસંગ ઊભા ન થાય.

"તારું લેશ માત્ર નથી, આ [illegible]" આવું યાદ આવતાં એ ઘડી સ્મશાનવૈરાગ્ય આવી જાય છે, અને તે વૈરાગ્ય પાછો ચાલ્યો જાય છે. [illegible] માનવ મહાન છે, દેવ મહાન નથી. "આજ આજ, કાલ કાલ રે" કહીને ધર્મ અત્યારે જ કરી લેવાનો છે, કારણ કે 'કાલ કોણે દીઠી છે!'

ઘડપણમાં ધર્મનો વિચાર કરવો, તે કરતાં ઘડપણ આવતાં પહેલાં જ ધર્મ જીવનસાત્ થઈ જવો જોઈએ, તો જ મનુષ્યજન્મ સફળ બની શકે.

જીવનમાં ધનનો, સત્તાનો, રૂપનો, કુળનો ગર્વ કરવાનો નથી; આ બધા ફૂલેલા ફુગ્ગા સમાન છે, એક ટાંકણી અડતાં હવા ઊડી જાય.

ઇન્દ્રિયોનો સ્વભાવ અને આત્માનો સ્વભાવ જુદો છે. આત્મજ્ઞાન એ બન્નેનું ભિન્નત્વ દર્શાવ્યું છે. તેમાં ઇન્દ્રિયોનો માર્ગ પ્રેય છે, પણ શ્રેય નથી. બાળકને પીપરમીન્ટ, આઇસ્ક્રીમ, બરફના ગોળા ભાવે છે, તે લેવા માટે રડે છે, પરંતુ તેના શ્રેયઃ ખાતર માતા તેને તે આપતી નથી. બાળક જેવો અજ્ઞાની જીવ ઇન્દ્રિયો પાછળ દોડી રહ્યો છે, ઇન્દ્રિયોનો પ્રેયઃ માર્ગ છોડાવવા જ્ઞાની ભગવંતો ઉપદેશ કરીને તેને શ્રેયઃ માર્ગે વાળે છે.

જ્ઞાનીની વાતો સમજશો તો આત્માનો માર્ગ કયો તે પણ સમજશો. તે માટે યોગ, એકાગ્રતા અને ધ્યાનની પ્રક્રિયા આવશ્યક છે. યોગ વખતે જે ચિત્તની એકાગ્રતા જોઈએ, તે મનમાં રહેલ કોઈ વિચારથી નથી આવતી. રસ્તે જતાં જોયેલ સિનેમા પોસ્ટરથી જે લાલસા જાગે, તે નીકળી જાય, ત્યાં સુધી એકાગ્રતા આવે નહીં. જોવામાં ખાવામાં, બોલવામાં કે ચાલવામાં આસક્તિ ન જોઈએ. સાધુ ખાય છે, પણ આસક્તિ વગર ખાય છે. માણસો જ્યાં ન ખાવાનું ખાય છે, ન બોલવાનું બોલે છે, બોલવું જોઈએ તે કરતાં વધુ બોલે છે, ત્યારે સમજવું કે તેણે માનસિક સમતુલા ગુમાવી છે. કોઈનું ભલું થતું હોય તો બોલવા જેવું છે. શરીરને ટકાવવા માટે ખાવું પડે છે. "ખાવું પડે છે, માટે સાધુ ખાય છે, ખાવું છે માટે તે ખાવાનું નથી."

જરૂરિયાત જેટલું ખાય-વાપરે તો તે અર્થદંડ છે, તેથી વધારે ખાય કે વાપરે તો તે અનર્થદંડ છે. જીવન જીવવા માટે અર્થદંડની જરૂર છે. અનર્થદંડથી પાપ બંધાય છે.

આસ્તિકતામાં સદ્‌ભાવ છે, અનાસ્તિકતામાં અસદ્‌ભાવ છે. અનાસ્તિકતા અને અનર્થદંડમાંથી દુઃખ ઉત્પન્ન કરે છે. યોગી ઇંદ્રિયોને મિત્ર બનાવે છે ને જીવનને સાર્થક બનાવે છે. સંસારી ઇંદ્રિયોને શત્રુ બનાવે છે ને નિરંકુશ બનેલ ઇંદ્રિયો જીવનને સ્વપ્ન બનાવે છે. આ સંસારના સ્વપ્નમાં જિંદગીને પૂર્ણ કરવાને બદલે જિંદગીના અંતિમ ઉદ્દેશ-પરમપદની પ્રાપ્તિ-સિદ્ધ કરો.



ભલાઈ

આપણું તો પરોપકાર કરે [illegible] કોઈ [illegible] ત્યાં સુધી [illegible] [illegible] ત્યારે [illegible] વાત. [illegible]



૪ | જીવનમાં કરુણા

આજે સંસાર આધિ, વ્યાધિ ને ઉપાધિના ત્રિવિધ તાપથી ઘેરાઈ રહ્યો છે. ચિંતાઓ ચિતા સમાન બની છે, ત્યારે માનવ પ્રભુની કરુણાની અભિલાષા સેવે છે. કરુણા બીજાઓ માટે નહીં, પણ આપણે આપણા તરફ કરુણા દર્શાવવી જોઈએ. આપણા પર કરુણા, દયા, પ્રેમ હશે, તો આપણે વિશ્વને કરુણા આપી શકીશું. આત્મા સાથે પ્રેમ બંધાશે, તો સારીય દુનિયાને આપણે પ્રેમ આપી શકીશું. શરીર પ્રતિ પ્રેમ બધા લોકો કરે છે, પરંતુ જ્ઞાની તો આત્મા સાથે પ્રેમ કરે છે. આ પ્રેમ તે ચિરાગ—જ્યોતિ છે. તેથી એક દીપથી અનેક દીપ પ્રગટે છે. One lamp enkindleth another 'દીપસે દીપ જલે'.

જીવનમાં જેમ આપણે સુખ શાંતિ વાંછીએ છીએ, તેમ જગતના સર્વ આત્મા સુખ શાંતિ ઇચ્છે છે. आत्मवत् सर्वभूतेषु। સર્વ પ્રાણીઓમાં આત્માની પ્રતીતિ થાય, આત્માનું એક સ્વરૂપ દષ્ટિગોચર થાય તો તેથી આપણા આત્મામાં એક શક્તિ ખીલે છે. આવા મહાત્માની વાત દરેકના દિલમાં ચોંટી જાય છે. તેમનાં ચિંતન અને સંવેદન દરેકના મનમાં

પકડ જમાવે છે, કારણકે તેવા સદાત્માઓમાં કરુણાનો સાગર ઉભરતો હોય છે.

આજે તો ઇન્સાન ઇન્સાનથી દૂર ભાગે છે. માનવ માનવ પર વિશ્વાસ રાખતો નથી, પોતાને પોતાના પર પ્રેમ નથી; તો પછી બીજા આપણા પ્રતિ કેવી રીતે પ્રેમ ધરાવી શકે?

આત્મા સુખ, શાંતિ ને આનંદ ઇચ્છે છે, આપણે દરેકને મિત્ર બનાવવા છે 'मित्ती मे सव्वभूएसु'। કોઈને શત્રુ બનાવવા નથી. 'वेरं मज्झं न केणइ'। આ સૂત્ર ભાવના અખંડિત રાખવાની છે. પાણી, હવા, ધરતી, આકાશ બધા એક છે, તો આપણે આપણા વિચારને અનેક કેવી રીતે કરી શકીએ? ટુકડે ટુકડા કેવી રીતે બનાવી શકીએ?

માનવે માનવનું કલ્યાણ કરવાનું છે અને તે માટે સહકાર, સહયોગ, સંપ ને ઐક્ય સાધવાના છે. આપણે કાતર ન બનતા નાનકડી સોય બનવાનું છે. અનેક દિલ પર ટેભાના ધોરણ વહાવવાના છે. જે ટુકડા જોડે છે, અનેકને સાંધે છે, તે સોયને હંમેશ માથા પર રાખે છે. અનેકને કાતરથી કાપે છે, વિખૂટા પાડે છે, તે કાતરને હંમેશ પગ નીચે રાખે છે.

આજે આપણે એ નિશ્ચય કરવાનો છે કે જ્યાં હું જઉં, ત્યાં પ્રેમની-કરુણાની ગંગા વહાવું.

મહારાજા અશોકે આક્રમણ કોઈ ન કર્યું, પરંતુ એક શક્તિશાળી (મહેન્દ્ર) ભિક્ષુ શાંત તેની સામે આવી ઊભો.

મહારાજા અશોકે મહેન્દ્રને પ્રશ્ન પૂછ્યો :

"તમારી પાસે સંપત્તિ નથી, સૈન્ય કશું યોગ્ય નથી, તોય આટલી શક્તિ આપની પાસે કેવી રીતે આવી ગઈ?"

મહેન્દ્રે જવાબ આપ્યો : "પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, શત્રુ પ્રતિ ઉદારતા અને મિત્ર પ્રતિ સમભાવ."

આપ જગતને પ્રેમ આપશો, તો જગત આપને અનેકગણો પ્રેમ આપશે.

ગાંધીના મૃત્યુ વખતે એક કવિએ ગાયું હતું કે.

"તુમને અપના પ્રાણ દિયા, ઔર માતકી શાન બઢાઈ,
તુમને અપના ખૂન દિયા, ઔર પ્રેમ કી જ્યોત બઢાઈ."

પ્રેમથી હિંસા નાશ પામે છે.

એક ઋષિની કરુણાથી વાલિયો લૂંટારો વાલ્મીકી મહર્ષિ બની ગયા. કરુણા કાયાની પલટ કરનાર છે. કરુણા પોતે કોમળ હોવાથી કઠિન હૃદયવાળામાં કોમળતા, આર્દ્રતા ને પ્રેમ ભરે છે.

જીવનમાં કરુણા–વાત્સલ્યનાં ઝરણાં ઝળકાવો અને અન્યના તપ્ત દિલને શીતળતા ને સમતા આપો. કરુણા તે શાંતિનું રસાયણ છે.

●

આજે આપણને ધર્મની કિંમત સમજાય છે, કારણ કે લોકોમાં દુઃખ વધી ગયું છે. અશાંતિ એમ જ દુઃખથી રાત્રે ઊંઘ આવતી નથી. દુઃખ દૂર કરવાનો ઉપાય ધર્મ જ છે. લોકોને ધર્મથી મળતું સુખ, શાંતિ, આરામ જોઈએ છીએ, પરંતુ ધર્મ કરવાને માટે પડતું કષ્ટ દુઃખ જોઈતું નથી; માટે ધર્મને આપણા જીવનનો અમૃત-કુંભ બનાવો.

આજે તો માણસ બોલે છે કાંઈને, મનમાં ચિંતવે છે કાંઈ, અને કાયાથી આચરણ કરે છે કાંઈ જુદું જ. આમ જ્યાં સંવાદિતતા નથી, ત્યાં શાંતિ નથી. જીવ માત્ર પર મૈત્રીભાવ પ્રદર્શિત કરવો જોઈએ. તે માટે જેઓ રવિવારનો દિવસ દેહને ધોવા માટે છે, તે દિવસ પ્રભુ ભક્તિ ધ્યાનથી જીવનને સંગીતમય બનાવવાની અદ્ભુત પ્રેરણા આપે છે.

આત્મા ઉપર આવરણ અશુદ્ધિના, અજ્ઞાનના, વિષય કષાયનાં ચઢી ગયાં છે. તેને દૂર કરીએ, જેથી પરમાત્મ સ્વરૂપ પ્રગટે. જ્યાં સુધી આ આચરણ કરતા નથી, ત્યાં સુધી પ્રભુનો કલ્યાણકારી ઉપદેશ દિલ સુધી પહોંચતો નથી. તે માટે મન, વચન અને કાયાની વૃત્તિ, પ્રવૃત્તિ એકમય બનવી જોઈએ.

પારસમણિ લોઢાને સુવર્ણ બનાવે છે, તેમ આ દેહની કોડીમાં શુદ્ધ સ્વરૂપી આત્મા બેઠેલ છે. તેનું જ્ઞાન દેવ, ગુરુ, ધર્મરૂપી પારસમણિના સ્પર્શથી થાય છે. તે માટે રવિવારે પ્રભુપૂજા કરો અને ગુરુવાણી સાંભળો.

પ્રભુપૂજન શા માટે ? તો તે જોડવા માટે કે તેમનામાં દિવ્યતા, પરમ ઉચ્ચતમ માનવતા, ત્યાગ તેમ જ સર્વ જીવો પ્રત્યે વહેતો અનંત કરુણાનો ધોધ છે. તેનો એક અંશ પ્રાપ્ત કરી તદ્રૂપ બનવા માટે પ્રભુપૂજન છે. આથી જીવન ઊર્ધ્વગામી બને છે. જીવનમાં શાંતિ, સંતોષ ને સમતા પ્રગટે છે.

આ માટે આપણે આપણને સમજવાની જરૂર છે કે હું કોણ છું ? મારું ધ્યેય શું છે ? આજે આપણે આપણી જાતને ઓળખતા નથી. નહિતર માનવ ધારે તે બની શકે છે. માનવ તે મહામાનવ બની શકે છે. આપણે નિશ્ચય કરવો જોઈએ કે મારે કાંઈક બનવું છે, તેમજ કાંઈક ઉત્તમતા પ્રાપ્ત કરવી છે. હું શું ન બની શકું ?" આને માટે અંતઃકરણપૂર્વકનો પુરુષાર્થ કરવો જોઈએ, અને તે જ ગૌરવની વાત છે. આ જગતમાં તમે પ્રવેશ કર્યો; ત્યારે બધા હર્ષ પામતા હતા, તમે રડતા હતા અને જગતમાંથી વિદાયગીરી લેશો ત્યારે તમારા સત્કૃત્યો સ્મરીને જગત રડતું રહેશે, અને પ્રાપ્ત થયેલ પુણ્યથી પ્રકાશ પથે જતાં તમો હસતા હશો.

આપણે જીવનને મધુર બનાવવાનું છે, સંવાદમય બનાવવાનું છે. તે માટે મન, વચન ને કાયાના વિચાર, વાણી ને વર્તનને સંવાદિત બનાવવાનાં છે. તેમાં એકરૂપતા લાવવાની છે. તે માટે જીવનને ચંદનની માફક ઘસીને સૌરભ અન્યને અર્પવાની છે. જીવન તો પશુ, પક્ષી, માનવ, કીડી, કીડી આદિ જીવે છે, પણ જીવન નિમકહરામ ન બનવતાં, નિમકહલાલ બનાવવું એટલે કે કૂતરો જેનું ખાય છે, તેને માટે જીવન સમર્પિત કરે છે તેની સેવા વફાદારી પૂર્વક કરે છે. તે પોતાના માલિકને કદાપિ બેવફા બનતો નથી. જ્યારે નિમકહરામ બને છે, ખાય તેનું ખોદે છે, કૃતજ્ઞતાને બદલે કૃતઘ્નતા પ્રદર્શિત કરે છે એવું જીવન તે જીવન નથી.

જીવનમાં આવતા ઝંઝાવાતોનો શાંતિપૂર્વક સામનો કરો. તે માટે આવશ્યકતા છે દેવની કૃપા, ગુરુના આશીર્વાદ અને ધર્મની પ્રેરણા. આ ત્રણે એકત્ર થશે ત્યાં જીવન જીવવા જેવું ને માણવા જેવું બનશે. જીવનમાં જ્યોતિ પ્રગટશે, અને તે જ્યોતિ તેજ ફેલાવશે, અને સુસંવાદિત સુરાવલી જીવનને પ્રસન્ન કરશે અને જીવનને સંવાદમય-સમરસ-લોકભોગ્ય બનાવશે. તેનું જીવન ઊર્ધ્વમાર્ગી બની શકશે.



માણસ ભલે નાનો હોય, પણ તેની શક્તિ અનંત સુધી પ્રસરી શકે છે. ભગવતી સૂત્રમાં પહેલું નમન બ્રાહ્મી લિપિને કર્યું છે. માણસમાં આત્મા છે, તો મોટું બળ છે. આત્માની વાણીની જગત પર મોટામાં મોટી અસર થાય છે.

એક શબ્દ સારો બોલો તો લોકોને આનંદ થશે. બીજો શબ્દ ખરાબ બોલો, તો શોક, દુઃખ થશે. એક શબ્દથી આંસુ સરશે, તો એક શબ્દથી હાસ્ય પ્રગટશે; એક શબ્દથી પ્રેરણા મળશે, તો એક શબ્દથી પતન થશે.

ચૌદપૂર્વનો સાર એક શબ્દમાં આવી જાય છે. અંતરનો પડઘો આપણી વાણી દ્વારા બહાર આવે છે.

એક માણસે પોપટનાં બે બચ્ચાં જુદી જુદી જગ્યાએ વેચ્યાં. સંતને ત્યાં ગયું, તે સંસ્કૃત ભાષા શીખી ગયું; દુર્જનને ત્યાં ગયું, તે ખરાબ શબ્દો શીખ્યું. શબ્દોની પાછળ આપણા જીવનની પ્રતીતિ પડેલી છે.

આપણે આપણી વાણીને સુધારવી હોય તો પહેલાં વિચારોને સુધારવા પડશે. ગાંધીજી ખૂબ ખિજાઈ જતાં ત્યારે, "પાગલ" શબ્દ જ વધારેમાં વધારે કહી શકતા. ભગવાન મહાવીરે "મહાનુભાવ" અને 'દેવાનુપ્રિય' સિવાય બીજા શબ્દો ઉચ્ચાર્યા જ નથી.

આત્માનું પ્રતિબિંબ મન ઉપર અને મનનું પ્રતિબિંબ વાણી ઉપર પડે છે. સુવાણી દ્વારા માણસનું ઊર્ધ્વ-

ગમન થાય છે ને કુવાણી દ્વારા અધઃપતન થાય છે.

જ્યારે માણસ સાંભળવા તૈયાર થાય ત્યારે જ તેને સંભળાવવું. સંદેશા માટે ચિંતન અને મનની જરૂર છે. આ રીતથી સંસારમાં શાંતિ ફેલાય છે અને કેટલીક નદીઓ પણ વહી શકે છે. માટે જેમ જેમ આપણી [illegible] શક્તિ વધતી જાય, તેમ તેમ માપીને બોલવું.

પાણીને જેમ ગાળીને વાપરીએ છીએ, તેમ જ રીતે વિવેકરૂપી ગળણાથી ગાળીને વાપરવાની છે. વિવેકી માણસ હંમેશ બોલતાં પહેલાં વિચાર કરીને બોલશે.

Run before you jump and think before you speak.

એક રાજાને પરોઢિયે સ્વપ્ન આવ્યું કે તેના બધાંયે દાંત પડી ગયા. તે તો ગભરાયેલા ફરતા, અને સ્વપ્ન [illegible] બોલાવ્યા. એક ઉતાવળા જ્યોતિષીએ રાજાને સ્વપ્નનો અર્થ કહ્યો કે "તમારા કુટુંબના બધાંય માણસો મરી જશે."

બીજા વિવેકી જ્યોતિષીએ કહ્યું "તમારું આયુષ્ય એટલું લાંબું છે કે તમારા કુટુંબમાં કોઈ તમારું [illegible] નહિ જોઈ શકે."

પહેલે દિવસે રાજાએ [illegible] બીજે દિવસે રાજાના [illegible]

સ્વપ્નનો અર્થ એક જ છે, [illegible] આ પરથી એ [illegible] છે કે [illegible]

આગળનો કાંઈક આવે છે. જૂઠું બોલવાની બાધા હોવાથી છે કે સારું બોલવાનું નહિ? બોલવું તેટલું સારું બોલવું, પણ સારું હોય તેટલું બધું બોલી નાખવાનું નથી.

ઘણી વાર બધું સારું બોલવાથી બીજા માણસને નુકસાન થાય છે. કોઈની ગુપ્ત વાત સારી હોય અને તે આપણું જીવનના માટે બોલીએ તો સામા માણસને દુઃખ થાય છે.

વચન એ મંત્ર છે, અને તેથી તે સિદ્ધ બની જાય છે. વચનસિદ્ધિ દરેકને જન્મતાંની સાથે જ મળે છે. મંત્રમાં શબ્દો થોડા હોય, પણ અર્થ ઘણા હોય છે. જો વચન વાપરવાનો વિવેક ન હોય તો લાખ રૂપિયાના ઝોકમાં રહેનાર કોડી માટે કોર્ટે જાય છે.

"વિણ ખાધે, વિણ ભોગવે, ફોગટ કર્મ બંધાય."

વધારાનું બોલવાથી ફોગટનાં કર્મબંધન થાય છે. તંદુલિયો-મત્સ્ય ચોખાના દાણા જેવડો હોય છે, અને મગરની પાંપણ પર બેઠો રહે છે; અને મગરના મુખમાંથી જીવો બચીને બહાર નીકળી જાય છે, ત્યારે તે વિચારે છે કે "મગરને મોઢું બરાબર બંધ કરતાં આવડતું નથી જેથી આટલા બધા જીવો બહાર નીકળીને ભાગી જાય છે. "આ સ્થળે હું હોઉં તો એક પણ જીવને ન જવા દઉં. એક પણ જીવ ન બાના" તંદુલિયો આવો રૌદ્ર વિચાર કરવાથી કર્મબંધન કરીને સાતમી નરકે જાય છે.

બોલવામાં વિવેક હશે, વ્યવહાર શુદ્ધ હશે-તો જીવન-શુદ્ધિ સરળ ને સહજ બનશે.

દરેક ક્રિયા પાછળ ધ્યેય હોય છે. કીડાને પણ ધ્યેય હોય છે, કે એક પાંદડા ઉપરથી બીજા પાંદડા ઉપર જવાનું. તેમ મનુષ્યે પણ વિચારવાનું છે કે "હું અહીં શા માટે આવ્યો છું? મારે શું કરવાનું છે? ક્યાં જવાનું છે?"

આ વિચારણા દ્વારા, તો જે તરફ જવાનું છે, તે પહેલાં નક્કી કરવાનું છે, અને નિશ્ચિત કરેલ ધ્યેય તરફ આગળ વધવાનું છે. સવારથી સાંજ સુધી જે કામ હું કરું છું, તે બધાનું કારણ શું? તે પ્રશ્ન [illegible] તેનો ઉત્તર મેળવવાનો. આ આપણને પૂર્ણ બનાવે છે.

સંસારની ભૌતિક વસ્તુઓનો ત્યાગ કરીને [illegible] દરેક શુભાશુભ કર્મનું [illegible] આત્માએ [illegible] છે. માટે પુરુષાર્થ કરવાનો છે, [illegible] પરંતુ આત્માને અમર બનાવવા માટે જે અંતર કરવું જોઈએ તેને બદલે સંસાર વૃદ્ધિ માટે [illegible] લીધેલ સત્તા, શ્રીમંતાઈ કે સાહ્યબી [illegible] વ્યવહારમાં [illegible] છે. [illegible] છે અને [illegible]

તો આપણા જ્ઞાનનું, જ્ઞાનની સાથે સાધના પુરુષાર્થનું, પ્રગતિ ને પ્રગતિનું ધ્યેય પૂર્ણ બનવા માટેનું હોવું જોઈએ.

પરંતુ લોકોની પ્રશંસામાં આપણે આપણી જાતને ભૂલી જઈએ છીએ; આ જિંદગી ગાંજવાના જગમાં પૂર્ણ કરવાની નથી. જગત તો ભ્રમ છે, મિથ્યા છે.

ત્રાજવાનો કાંટો ફરતો હોય ત્યાં સુધી વજનનું ચોક્કસ માપ નીકળી ન શકે, પણ તે સ્થિર બને ત્યારે જ માપનું પરિણામ નીકળે છે. 'હું કોણ છું?', 'અહીં શા માટે આવ્યો છું?' 'ક્યાં જવાનો છું?' 'ક્યાંથી આવ્યો?' 'જતી વખતે સાથે કોણ આવશે?" આ બધું જાણવા માટે દોડાદોડી કરવાની નથી, તે માટે મનની સ્થિરતા, ચિત્તની પ્રસન્નતા, કાયાની સ્વસ્થતા, સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન, મનનની જરૂર છે. રાગ-દ્વેષના બે પડ વચ્ચે આત્મા પિલાઈ રહ્યો છે, તેથી થોડો સમય ભૌતિક સુખ મળે એટલે ધ્યેય પ્રતિ પ્રગતિ કરવાને બદલે સુખ, સમૃદ્ધિ, સંતાન, સત્તા અને વૈભવમાં મગ્ન બની જિંદગીનો રાહ બદલી નાંખીએ છીએ. તેને જ સત્ય રાહ સમજી જિંદગીના કોયડાને વધુ ગૂંચવીએ છીએ; અને ત્યાં અંત આવી ઊભો રહે છે.

સંસારનું સાથે કાંઈ આવતું નથી કે કોઈ આવતું નથી. અંત સમયે મૂંઝવણની પરંપરા સર્જાય છે. તો તે વખતે જો જ્ઞાનદૃષ્ટિ હશે, તો મરણ પણ માણવા જેવું

લાગશે. મરણના ઘરમાંથી અમરના ગોખવાની છે. આંગી જિંદગીનો અર્થ મળે છે. ને અર્થપ્રાપ્તિ માટે ગુરુ પાસે જવાનું છે. સુખકર્તા ગુરુદેવ આપણા આત્માને [illegible] છે. આપણા હૃદયમાં ગવાયેલ છે, તેને દર્શાવે છે. [illegible] ખૂલેલી આંખ તો અંધારાભવ માટે [illegible] વાની છે [illegible] સુકૃત કરેલ હશે, તેથી આપણે [illegible] મનુષ્યજન્મમાં [illegible] આવ્યો. હવે આ ભવમાં અનેકવિધ સુકૃત [illegible], તો આત્માની ઉચ્ચ ગતિ થવાની. આ આત્માના [illegible] માટે થાય તેટલું સહન કરવાનું. આ આત્મા [illegible] કાળની મેલ લાગેલ છે, તે [illegible] માટે ત્યાગ, તપ ને સંયમની જરૂર છે. [illegible] સંસાર [illegible] અને [illegible] કે "[illegible] છે." [illegible] શુદ્ધ બનાવવાનું [illegible] છે. [illegible] સુધી [illegible] "આપ સ્વભાવમાં [illegible]" ધ્યેયની પૂર્ણતા થાય છે.



૪ | ધ્યેય-પ્રાપ્તિ

ઉપાધ્યાય મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ "જ્ઞાનસાર"માં સમજાવે છે કે જે વસ્તુ પ્રાપ્ત કરવાની છે, તેની પહેલાં ઓળખાણ કરવાની છે. લોકો ધર્મની વાતો તો ઘણી કરે છે, પણ આત્માને સમજ્યા વગર કદી ધર્મ થતો નથી અને કદી મોક્ષ મળતો નથી. આત્માની ઓળખાણ થાય તો દરેક ક્રિયા ધર્મમય બની જાય છે. ત્યાર પછી જગત સાથેનો વ્યવહાર નિર્મળ બનશે. પથ્થરમાંથી મૂર્તિ ઘડનાર શિલ્પીને ધન્ય છે, તે સમજણપૂર્વક પથ્થરને ઘડે છે, તેની સાધના સફળ બને છે; તેમ અજ્ઞાનીને જ્ઞાની બનાવનાર ગુરુને ધન્ય છે. ગુરુનો સમાગમ અને તેમનું સાન્નિધ્ય પારસમણિ સમાન છે. તેથી માનવી 'વિભૂતિ' બની જાય છે. ગુરુની આજ્ઞા એ મંગળમય તત્ત્વ છે.

જેમ ટાંકણા ખાધા વિના પથ્થરમાંથી પ્રતિમા બનતી નથી, તેમ ગુરુના ઉપદેશ વિના દાનવમાંથી માનવ બનતો નથી. ગુરુનો ઉપદેશ એ ડાયનેમિક ફોર્સ છે, તેથી ગતિ થઈ શકે છે. ગુરુ-આજ્ઞા એ રસાયણ છે. તેથી જગતનો સામાન્ય માનવી અસામાન્ય બની શકે છે, તે પ્રભુતાને માર્ગે જઈ શકે છે, પ્રભુતાઈ પામી શકે છે. માનવમાં રહેલ દિવ્ય-

તાનું અનેરું તત્વ ગુરુ–સમાગમથી બહાર આવે છે. અને માટે માનવે ગુરુ પ્રત્યે સમર્પણભાવ કેળવવો જોઈએ. ગુરુ પ્રત્યે અનન્ય પ્રેમ તેમ જ અવિહડ શ્રદ્ધા જોઈએ. દ્રોણાચાર્યે એકલવ્યને વિદ્યા આપવાની ના પાડી. કારણ કે તે ક્ષત્રિય ન હતો, શૂદ્ર હતો. પરંતુ તેણે [illegible] કર્યું, ગુરુની પ્રતિમા બનાવી, પ્રતિમાને સાક્ષાત્ ગુરુ માની, તેમની આજ્ઞા મળે છે, તેમ કરવી વિદ્યા મેળવી, ને તે અજોડ બાણાવળી બન્યો. અહીં એકલવ્યને ગુરુ પ્રત્યે સમર્પણભાવ હતો. શ્રદ્ધા ને સમર્પણ કેવું [illegible] અપાવે છે.

જીવનને પ્રગતિશીલ બનાવવું હોય તો ગુરુદેવ [illegible] સેવા એક માત્ર ઉપાય છે. ગુરુ જ્ઞાન આપે છે, [illegible] દર્શાવે છે, ધ્યાનની પ્રક્રિયા પ્રગટાવે છે.

આપણા આત્મામાં અનંત શક્તિ રહેલી છે. તે શક્તિને પ્રગટાવવા માટે મનને પહેલાં તૈયાર કરવાનું છે, મનને નિર્મળ બનાવવાનું છે અને મનથી [illegible] થવાનું છે.

આત્મા આનંદમય છે, શક્તિમય છે, [illegible] દર્શનમય–જ્ઞાનમય છે. ભૌતિક વસ્તુમાં [illegible] નથી.

આત્માનું આનંદમયી તત્ત્વ [illegible] તેથી દેહનું કારણ હોતું નથી. [illegible] આત્મધ્યાનથી કર્મ ખપે છે [illegible]

થાય તો આનંદ થાય. તેની પ્રસન્નતા પ્રગટે. તેથી જ કહ્યું છે કે 'પ્રભુની પૂજાનું ફળ એટલે ચિત્તની પ્રસન્નતા.'

આ માટે જ્ઞાનીની દૃષ્ટિ જેમાં પ્રેમનાં અમી ભરેલ છે, તે ઉપકારક ને કલ્યાણકારી નીવડે છે. આ અમીભરી દૃષ્ટિ આત્માની વિચારણા કરાવે છે. તે માટે ચિંતન, સંયમ અને સાધના સહાયભૂત થાય છે. આત્માનું સુખ આવી દૃષ્ટિ અપાવે છે. દૃષ્ટિના પાયાને મજબૂત કરવાનો છે.

ક્યાં જવું છે, તે પહેલાં નક્કી કરીને જ પછી ચાલવાનું શરૂ કરવાનું છે. એકવાર ચિંતનની કેડી લાધી પછી ધર્મપાથેય સાથે લઈને આત્માએ પ્રયાણ કરવાનું છે. તે પ્રયાણ પ્રભાવશાળી, પ્રતાપશાળી, પ્રેમમય અને પ્રસન્નતાપૂર્ણ હશે અને તે પ્રયાણ પરમાત્માની ઝાંખી કરાવશે. અને આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહેશે. આ માટે જ આત્માની ઓળખાણ આવશ્યક છે. તેની ઓળખ થઈ કે પછી જીવનમાં અવગતિની ઓટ આવવી અશક્ય બનશે અને ભરતીના ભવ્ય ભાવ સાથે ધ્યેયપ્રાપ્તિ થશે.

મોક્ષનું સુખ તે સાચું સુખ છે. શાશ્વત સુખ છે. દેવતાઓનું, સ્વર્ગનું સુખ તે સાચું નથી. ત્યાં પણ અશાંતિ છે, દેવોને પણ તે છોડવું પડે છે. દેવો પૃથ્વી પર અવતાર લે છે. પુણિયા શ્રાવકને સાચું સુખ શાશ્વતમાં પ્રાપ્ત થઈ શકે તેમ હતું, પણ ના, તેને તો મોક્ષ-સુખની તાલાવેલી હતી. તે માટે તે પ્રભુના ચરણમાં સમર્પિત થઈ ગયો.

મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે આત્મા પર લાગેલ કર્મ મળને દૂર કરવાનો છે, આત્માની શુદ્ધિ કરવાની છે, આત્માને શુદ્ધ સ્વરૂપમાં પલટાવવાનો છે. આત્મા અને કર્મ અનંત કાળથી સાથે રહેતા આવ્યા છે. હવે આપણે તે બન્નેને જુદા પાડવાના છે.

અનાદિકાળથી આ જીવ પરિભ્રમણ કરતો આવ્યો છે. [illegible] કરેલ છે, 'તે વસવાટમાં વિકાર છે, વિકૃતિ છે, વિનાશ છે.' તે પ્રભુની વાણીથી સમજાય.

આજે આપણે જીવ પરિભ્રમણ, સંસારનાં બંધન ને દૂર કરવા જોવા જાય છે.

આજ મેરી નૌકા, કૌન ઉતારે પાર.

રાગ-દ્વેષ દો નદિયાઁ, બહતી હૈ, અગમ કરત ગતિ ચાર. રાગ-દ્વેષના પ્રવાહમાં જીવ ચારે ગતિમાં રખડી રહ્યો છે. તેને કિનારે પ્રભુવાણીના ઉપદેશનો મળે તો તે બચી શકે.

પ્રભુ આપણા નાવિક છે, અને છતાં આપણે અહમ્ ભાવને કારણે તેને નાવિક માન્યા નથી. આપણી નાવના સુકાની વીતરાગ છે, વીતરાગથી જ આપણે સંસાર સમુદ્રથી પાર ઊતરી શકીએ તેમ છીએ. પ્રભુ પ્રત્યે અનન્ય શ્રદ્ધાયુક્ત સમર્પણભાવ એટલે તૂફાનને માટે લાઇફ બોટ.

એક વાર દરિયામાં તોફાન જાગ્યું, ત્યારે એક ભાઈ પ્રભુધ્યાનમાં બેસી ગયા, આથી તેની પત્ની કહેવા લાગી કે, 'અત્યારે ધ્યાનમાં બેસવાનો સમય નથી, અત્યારે તો ડૂબવાનો વખત આવ્યો છે.' ત્યારે તે વખતે પતિ હાથમાં રિવોલ્વર લઈને પત્નીને મારવા તાકી. પત્ની હસવા લાગી, કારણ કે પત્નીને ખાતરી હતી કે પોતાનો પતિ તેને મારે જ નહીં. આવી શ્રદ્ધા પત્નીને પોતાના પતિ ઉપર હતી, તેવી જ શ્રદ્ધા તેના પતિને પ્રભુ પર હતી; અને પરિણામ એ આવ્યું કે તોફાન શમી ગયું, દરિયો શાંત થઈ ગયો.

મનમાં પ્રભુ પ્રત્યે પ્રેમ જોઈએ. મનમાં રહેલ કર્મના મેલને પ્રભુવાણીથી દૂર કરવાનો છે. તે મેલ દૂર કરવા તપ, ત્યાગ, સંયમરૂપી સાબુ જોઈશે. ધીમે ધીમે તે મેલ દૂર

થતો જશે, દુર્ગુણો ખરવા માંડશે અને આંતરિક આનંદ મધુરી રહેશે. પછી સદ્‌ગુણો માજા થશે અને આત્મા સદ્‌ગુણી બની જવાનો. ને સદ્‌ગુણના પ્રકાશમાં જ જીવવાનું છે. તે પ્રકાશ આપણને પ્રભુના અક્ષય આનંદનો આસ્વાદ કરાવશે. આ અભિનવ આસ્વાદ માટે ધર્મ કરવાનો છે. ધર્મ આવતાં ભૂખ ને તરસ ભુલાઈ જાય છે. ખાવાપીવાને બદલે તપમાં રસ જાગે છે. ત્યાં આનંદના ઘૂંટડા ભરવા મળે છે.

વધારે [illegible] અભિશાપરૂપ છે. પરિગ્રહનો બોજ ઉતારવા માટે દાન છે. ધર્મ જીવનમાં આવતાં ત્યારે 'સંઘરવું નહીં', પણ દેવાનું મન થાય છે." આનું દર્શન જેને થાય છે, તે તરી જાય છે. પ્રભુની વાણી દુઃખમય વિશ્વને સુખમય બનાવે છે. તે તત્ત્વનું દર્શન થતાં જીવન આનંદમય બની જાય છે. દુઃખ જગતમાં નથી. પણ દૃષ્ટિદોષ આપણે દુઃખને ઊભું કર્યું છે. જેણે એ તત્ત્વ દર્શન છે, તેની દૃષ્ટિ હંસ જેવી છે. જ્યારે દર્શન વગરની દૃષ્ટિ બગલી જેવી છે. જગતીમાં કચરો જ જોયા કરે છે. જેને દર્શન મળ્યું છે, તે આત્મા જીવતી જાય છે. પ્રકાશમય દૃષ્ટિ અર્જુન ભાળી જેવા ધીર [illegible] મળે છે. આવી પ્રકાશમય દૃષ્ટિ સાચું સુખ આપે છે.

જૈન અને જન ધર્મ.

'જૈન'ની ઉપર જે પંથો આવે ત્યારે તે 'જૈન' બની જાય છે, એ પંથથી ઉપરની દૃષ્ટિ આવે છે. જૈન

આકાશમાં ઊડતાં પક્ષીઓમાં કોઈ ભેદભાવ નથી, તેમ જાતિના ભેદ વિના કોઈ પણ 'જન' "જૈન" બની શકે છે.

પ્રભુ મહાવીર સ્વામીજીએ પરમ ઉત્કૃષ્ટ કોટિની ભાવનાથી અશાંત જગતને શાંત કર્યું છે, હૃદયમાં કોમળતા પૂરી છે, વિવાદમાં સંવાદિતાના પૂરેલ કે કોઈ પણ બાબતને અનેક દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન થાય તો વેરભાવ તે મૈત્રીનું ઝરણું બની જાય, વિરોધને બદલે અનુરોધ થાય. આ ઉત્કૃષ્ટ ભેટ છે સ્યાદ્વાદની.

સ્યાદ્વાદ એટલે શું ?

સ્યાદ્વાદ એટલે સામાની આંખને આપણી બનાવીને જુઓ અને આપણી વાતને બીજો સમજી શકે તેટલી સહિષ્ણુતા કેળવવાની. આથી જીવન ધન્ય ધન્ય બની જાય છે.

તેમાં વિચારનો પરિઘ વિસ્તૃત બનાવવાનો છે. તપશ્ચર્યા એ કાંઈ લાંઘણ નથી, પરંતુ જીવનશુદ્ધિનું પરમ અંગ છે. જ્ઞાન તે સત્યને શોધવાનો અનુપમ પ્રકાશ છે. સંયમ આત્માને મુક્તિ અપાવે છે.

સ્યાદ્વાદનો અર્થ ન સમજાય તો વ્યવહાર કલુષિત બની જાય છે. "આત્મા" અંગે બોલવું તે સરળ છે, પણ તેની સાથે સદ્વ્યવહાર રાખવો તે જુદી વાત છે. વિશ્વ સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્યાદિપૂર્વક સદ્વ્યવહાર રાખવાનો છે. ભૂલનું પરિણામ શરીરને ખમવું પડે છે. આત્મા તો અમર છે. મૃત્યુ વખતે તે અમરતાનો વિચાર કરવાનો છે.

સારી વસ્તુ સરકતી જાય છે અને ખરાબ વાતોને પકડી મૂકવાની છે. સારું બોલતાં પાંચ મિનિટ નથી આવડતું, પરંતુ કોઈનું ભૂંડું ક્યાંય સુધી બોલી શકીએ છીએ. કોઈ સારો માણસ દેશને આબાદ કરી શકે છે, ખરાબ માણસ તેને બરબાદ કરી મૂકે છે.

આપણી વાતો પરમાર્થી બનાવવા માટે [illegible] અનેકાંતવાદની જરૂર છે.

અહિંસા અને અનેકાંતવાદ—એ બે જૈન ધર્મનાં મૌલિક સિદ્ધાંતો છે.

કોઈના દર્દ—દુઃખને આપણું સમજવું. [illegible] જે બે પાંખ છે, તેમાં એક છે આચારની અને બીજી છે વિચારની. તે બન્નેના સમન્વયથી આત્મા [illegible] થઈ જાય છે. અહિંસા જીવનમાં અને અનેકાંતવાદ [illegible] ઉતરેલા હોઈએ. આ બન્ને પાંખથી જીવનને [illegible] બનાવી આત્મા [illegible] છે.

દાળ આપણી દાઢ [illegible] નથી [illegible] બોળું પાણી હોય તો ત્યાં હાથી ડૂબી જાય છે, પરંતુ [illegible] વિચાર અને [illegible] પાણી હોય તો તે [illegible] કિનારે પહોંચી જાય છે. ક્રોધ અને કુવિચાર [illegible]

[illegible]

કરે છે, પણ તેનો અભ્યાસ થતાં ફેર્ય કરતું નથી. જ્યાં સુધી યૌવનની જુવાની છે, ત્યાં સુધી ભોગ ભોગવવા ગમે છે. પણ જુવાનીની શક્તિ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થવા લાગે છે ત્યારે જુવાન રોગથી ઘેરાય છે, અને આનંદ આપતા ભોગ ત્રાસરૂપ બને છે. આ શરીર અશુચિ વધુ વિકારોથી ઠાંસી ઠાંસીને ભરેલ છે, વિકારો તો બોઈલરમાં રહેલ વરાળ સમાન છે, તેનો ભરાવો થતાં બોઈલર ફાટી જાય છે. આવું જ શરીરનું છે, આ બધું સ્યાદ્વાદથી સુંદર સમજાય છે.

વિદ્યાનો અભ્યાસ કરીને નમ્ર બનવાનું છે. જેમ જેમ ફળ આવતા જાય તેમ તેમ તાડ ઊંચું થતું જાય છે, પણ આમ્ર નમતું જાય છે. આમ આમ્ર મધુર છે. તાડ માદક છે. જ્ઞાન આવતાં અભિમાન દૂર થાય અને વિનય, વંદન, નમન આવે છે.

ઘણાં બિંદુઓનો સંગ્રહ એટલે સિંધુ છે. પૈસાઓનો સંગ્રહ તે રૂપિયો બની જાય છે, નાની નાની વાતોથી પણ ચેતીને ચાલવાનું છે. નાનકડી ભૂલ પણ મહાન ભયંકર પરિણામ લાવે છે. તે માટે તમારે જો આગળ વધવું હોય તો તમારી જાતને તપાસતા રહો. કોઈના કહેવા પ્રમાણે વર્તવું, તેને બદલે આત્મશ્રેય માટે આત્મા જે અને જેમ કહે તેમ કરવાનું છે. વર્તમાન જીવન સુંદર બનાવવાનું છે. તમધ્યાન તમારે રાખવાનું છે.

આત્મવિશ્વાસથી આગળ વધવાનું છે. જાગૃત અને એકાગ્ર બનીને જ નાનું કે મોટું કામ કરવાનું છે. એક સિદ્ધાત્મા પોતાની પાસે સુવર્ણસિદ્ધિ કોઈ યોગ્ય વ્યક્તિને આપવાની છે. ફરતાં ફરતાં તેને કોઈ યોગ્ય વ્યક્તિ, ખાનદાન વ્યક્તિ મળતી નથી. એકાદ યોગ્ય વ્યક્તિ તે માટે જણાતાં સાધુ જણાવે છે, તો તે ના પાડે છે. ખૂબ આગ્રહ થતાં તે ભાઈએ બાવાજીનો લીંપિયો લઈ પોતાના કપાળે અડકાડ્યો અને તે સુવર્ણનો બની ગયો. આ બનાવ એ કે તેણે સચ્ચાઈ, ખાનદાની પોતાના જીવનમાં ઉતારી હતી. પોતાના ચિત્તને સંયમિત બનાવ્યું હતું. તેણે પોતાના જીવનધ્યેયના ચાર પાયા દર્શાવ્યા. વ્યાપારમાં અખંડ પ્રામાણિકતા, પત્ની પ્રત્યે આજીવન શુદ્ધ સંયમ, મિત્રોના હૃદયમાં નિષ્કપટ મિત્રતા અને જીવન પ્રત્યેનો વ્યવહાર નિર્મળ ને સરળ. ભટકતા ચિત્તને વશ કરવાનું છે. પ્રભુદર્શન કરતી વખતે પ્રભુમાં તલ્લીન બનવાનું છે. ધ્યાન ધરતી વખતે પંચપરમેષ્ઠિમાં મગ્નતા કેળવવાની છે. રોજ, આપણે પ્રાર્થના કરતી વખતે હૃદયના ખૂણે એ બધાં શુભ-શુદ્ધ વિચારોનો નિષ્કર્ષ કરવાનો છે. આથી આપણું મન નિર્મળ, પવિત્ર, શુદ્ધ ને સરળ બને છે. તે વખતે જે સુખ પ્રગટે છે, તેનો આસ્વાદ લેવો તથા બીજાને પ્રેરણા આપવી છે. માટે જે કાર્ય કરો તે ગંભીરતાપૂર્વક કરો, ઉત્સાહથી, જાગૃતિથી ને આંતરિક પ્રસન્નતાથી કરો. પ્રેરક સુખ પ્રકૃ

નિની સાધના આત્માને નિહાર કરે છે. આત્માને ઊંડા અંધકારમાંથી ઉજ્જ્વળ પ્રકાશ તરફ લઈ જાય છે.

જ્ઞાન સાધકને કે આત્મા ક્રિયા માટે નહીં, પણ ક્રિયા આત્મા માટે છે. એક પળ આત્માની ઓળખાણ થઈ કે પછી કર્મોની નિર્જરા જ થવાની. તેથી શુદ્ધપ્રયોગ જીવનમાં દરેક પળે કરતો જ રહેવાનો છે. મહાવીરે ગૌતમને કહ્યું : "ગોયમં મા પમાયએ."

આજે માનવી સ્વદેહનો ઉપયોગ ભૌતિક શક્તિ મારવા માટે વિકસાવવા માટે કરે છે, અને આધ્યાત્મિક શક્તિને શક્તિહીન બનાવે છે. સર્જન કરતાં સંહારમાં ઓછી શક્તિ વપરાય છે. સર્જન શાશ્વત રહે છે. સંહાર ક્ષણજીવી બને છે ઇન્દ્રિયોની વિઘાતક ને વિનાશક શક્તિઓ અપાર છે. તેમાં લપટાયા તો અનેક ભવના ચકરાવામાં ચીત્કારો પાડતા રવડવું-રઝળવું પડે છે.

અભ્યાસથી, અનુભવથી આધ્યાત્મિક જ્ઞાનનાં બિંદુઓ સંગ્રહિત કરી સાગરસમ બની, તેમાં એકાગ્રતા-લીનતા-તન્મયતા તે આત્માને ઉચ્ચ શિખર પ્રસ્થાપિત કરે છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્ર માટે અક્ષતની ત્રણ ઢગલીઓ કરવાની છે. છેલ્લે 'સિદ્ધશિલા' અર્ધ ચંદ્રાકાર બનાવવાની છે. આમાં ૧૦૮ અક્ષત હોવા જરૂરી છે. પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોનું ત્યાં સ્મરણ થાય છે.

ભાવના તે ભવતારિણી છે. તેથી ભવસાગર તરીને એકમેવ સ્થાન-સિદ્ધ શિલાએ સિદ્ધોમાં સિદ્ધરૂપ બની જવાનું છે. ત્રણ ઢગલી પર શક્ય તેટલું ઉત્તમ મૂલ્યવાન નાણું મૂકવું જોઈએ અને છેવટે અખંડ ફળની પ્રાપ્તિ માટે અખંડ ફળ પ્રતીક રૂપે મૂકવાનાં છે.

સિદ્ધગતિ સિવાય અન્ય ચારે ગતિમાં દુઃખો છે. કર્મના બંધનો છે, વિષય-કષાયના કારમા કેર વર્તે છે.

રૂપીદેહને જોવાનો નથી પણ અરૂપી આત્માને જોવાનો છે. રૂપીને ચાહવામાં અનંતા ભવો ગયા હવે અરૂપીની દોસ્તી કરવાની તાલાવેલી જાગવી જોઈએ.

સમાન શીલ, વિચાર અને વર્તનથી બન્ને સમાન આત્મા-ચિત્ત અને સંભૂતિનો પાંચ ભવ સુધી સાથે રહે છે. પણ જ્યાં આદર્શ, પ્રેમ, ભક્તિ-દૃષ્ટિ બદલાતા બન્નેના સથવારો તૂટી જાય છે. નિયાણું બાંધવાથી સંભૂતિ બ્રહ્મદત્ત ચક્રવર્તી બને છે ને ચિત્ત શેઠનો પુત્ર બન્યો.

પૂર્વની આરાધનાથી જ આ ભવમાં આપણે આરાધના કરી શકીએ છીએ. જેવો સંસ્કારના ઘડતરમાં જ ઘડાય છે, અને પ્રભુની વાણી તેમના પર રસાયણ જેવું કાર્ય કરે છે. સંસ્કાર તો જનમ જનમથી સાથે આવે છે.

જીવમાં સૌથી વધુ સંસ્કાર ખાવાના દોષ છે આ દોષ સંસ્કારને જીતવા માટે તપ, ત્યાગની ખૂબ જરૂર છે. ધર્મ

કરુણાના કાર્યને આત્મકલ્યાણ ગણ્યું અને [illegible] પોતાના પૂર્વ ભવ જોયો પછી આગળના [illegible] મુનિને રોકવા જાય છે. બાકી આ ભવમાં [illegible] ભવમાં જિનેશ્વર થવાનું કારણ [illegible] છે.

જ્ઞાન અને તપમાં રમતા મુનિનું સુખ અનંત હતું. કામના કીચડમાં ખૂંપેલાને તે ક્યાંથી સમજાય? સંસાર એ તો નાટક છે, અને આ બધાં પાત્ર રૂપો છે. કોઈવાર જીવ ચક્રવર્તી બને છે, તો કોઈવાર ભિખારી. જીવ જ્યાં જાય છે, ત્યાં પોતાનાં કર્મબંધન જ લઈ જાય છે. એક વખત જેને ધક્કે ચડવું પડતું હતું, તે આજે સ્વાગત-સન્માનનો અધિકારી બને છે. પોતાનાં બાંધેલાં પુણ્યને ભોગવી નાખવાથી જીવ મૃત્યુના જડબામાં જાય છે, ત્યારે કોઈ બચાવી શકતું નથી. ન બાઈ કે ન ભાયાં. મૃત્યુ વખતે આપણે એકલા બનીને જવાનું છે.

પડછાયાની માફક આપણાં કર્મો આપણી સાથે જ આવે છે. હજારો ગાયોમાં ગાય પોતાના વાછરડાને શોધી કાઢે છે, તેમ હજારો માનવીમાંથી કર્મ જીવને પકડી લે છે.

આવા કર્મસત્તા બિચારા જીવ પ્રત્યે કરુણા દર્શાવવાની છે. જ્ઞાનદાન, અભયદાન તે અન્નદાન કરતાં ચઢિયાતાં છે. તપશ્ચર્યાની અનુમોદના કરવાની છે, માટીના પારા જેવું આપણું મન છે, તેને તપથી શુદ્ધ કરવાનું છે, બાંધવાનું છે.

ખાવામાં હિંમત નથી જોઈતી–પણ તેનો ત્યાગ કરવામાં હિંમત જોઈએ છે. ચિત્તને મળ્યું અને છોડી પણ દીધું. પછી બ્રહ્મદત્તને પ્રતિબોધ કરે છે. બ્રહ્મદત્ત કહે છે : "મધની મીઠાશ અને શીકાશ માખીને લાગી ગઈ છે, ઊડવું છે, છતાં ઊડી શકાતું નથી." કદાચ ન ઊડી શકાય, તો ફફડાટ થયા વગર રહે નહીં. માટે મોહ તથા અજ્ઞાનનો ત્યાગ કરવા માટે જીવનભર પુરુષાર્થ કરવાનો છે



સદાચાર

જે વ્યક્તિ જીવિત હોવા છતાં પરોપકાર કરતી નથી તે મરેલી જ સમાન છે. જે વિદ્યા પ્રાપ્ત કરતો નથી તે આંખ હોવા છતાં અંધ છે. ધનવાન હોવા છતાં જે બીજાને મદદ કરતો નથી તે દરિદ્ર છે. જે પુરુષ હોવા છતાં પુરુષાર્થ કરતો નથી. તેને સદાને માટે રડા બેસે છે.

જીવનને સમતુલ રાખી આવેલા અશુભ વિચારોને દેશનિકાલ કરી, શુભ વિચારોના પ્રવેશ આપે છે.

ઘડિયાળનો એક જ કાંટો અનેકને વ્યવસ્થિત ફેરવે છે. તેમ આત્માની સમતા, શુદ્ધ ભાવના, માનવતાની મહેક અનેકના જીવનના ચક્રોને ગતિમાન કરે છે. સારા ને નીરોગી પ્રત્યે દરેકની પવિત્ર નજર હોય છે, રોગીને લોકો અવગણે છે. તિરસ્કારે છે, પણ ડોક્ટરો તેવા રોગી પ્રત્યે કરુણાનું પીયૂષ છાંટે છે; આ પ્રમાણે સમ્યક્ત્વધારી આત્મા ભૌતિક રોગ-દર્દથી પીડાતા પ્રત્યે કરુણાનાં વહેણ વહાવે છે, તેની પ્રત્યેક ક્ષણ સુખમય ને શીતળ બનાવે છે. આવા આત્મશુદ્ધિ આત્મા બ્રહ્મચર્યના બેનમૂન બળ મેળવી, માનસ દુઃખથી પરિવૃત્ત થયેલ આત્મા પ્રતિ પ્રસન્નતાપૂર્વક પ્રેમનું પાથેય પીરસે છે. બ્રહ્મચર્યની સમજણ ને સાધના આત્મમૈત્રી સાધે છે.

પ્રભુપૂજન અષ્ટ પ્રકારે કરવાની છે, તેથી આત્મા નિર્મળ, પવિત્ર, પ્રસન્ન થાય છે.

ન્હવણની પૂજા આત્માને નિર્મળ બનાવે છે. તેથી વણતની અસર મન પર જાદુઈ થાય છે. સીતાનો પાઠ ભજવતી

નદીને જોતાં આપણને તે રામાયણની સતી સીતા સ્મરણમાં આવી જાય છે.

"હું દેહરૂપ નથી, આત્મસ્વરૂપ છું, માત્ર પર કર્મનું આવરણ આવી ગયેલ છે, તેને દૂર કરવા પ્રભુનો અભિષેક આવશ્યક છે."

ચંદન પૂજા—ચંદનથી શીતળતા અને સૌરભ મળે છે, તે પોતે ચંદન બળીને સૌરભ આપે છે. પોતે ઘસાઈને અન્યને શીતળતા આપે છે. આમ ચંદનની પૂજા કરતાં આ ભાવ આત્મસાત્ કરવાનો છે.

આત્માનો સ્વભાવ આનંદમય છે અને ક્રોધી સ્વભાવને ક્ષણે ક્ષણે શાંત કરવાનો છે. પોતાની પત્નીના ક્રોધમાં શેરડીનો સાંઠાનો માર ખાતાં તુકારામ નાચી ઊઠ્યા, કારણ કે પોતાના અશુભ કર્મોને ભસ્મીભૂત કરનાર પોતાની અર્ધાંગના હતી !

બંધ ઓરડામાંથી દુર્ગંધ ને અંધકારનું વિસર્જન થાય, ત્યારે સુગંધ ને પ્રકાશ ત્યાં પ્રસરી રહે છે, તેમ ધૂપથી મનમાં અંતર્ગત રહેલ દુર્ગંધીને દૂર કરી સુગંધમય આત્મા બનાવવો છે.

પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળ સમાન હોય છે. તેમ કરવાનો છે, લોકોત્તર સમજવાનો છે. તે બને કે પુષ્પથી. ફક્ત પાંચ કોડીનાં પુષ્પો ભાવપૂર્વક, કુમારપાળે ચડાવ્યાં ને તેથી

શીતલ ભાવમાં આત્માને કેસરનું ગમન મહત્ત્વ થયું. એ મહાન-છે. આ ભાવને કે કે " મારા જીવનને પુષ્પ જેવું સુકોમળ ને ગુણાનુરાગી બનાવી મારા નકામું ગયાં છું. જીવનને કઠોર બનાવવું નથી. જીવનને નિર્દોષ સુકોમળ, અને પરમ ગુણાનુરાગી બનાવવાનું છે.

દીપકપૂજામાં એ ભાવવાનું કે મારી અનાદિની અજ્ઞાનતા મારા અંધારૂપી દીપકથી દૂર કરીને જીવનને કેવળજ્ઞાન બનાવવું છે. ધૂપથી એ ભાવના ભાવવાની છે કે ધૂપ ઊર્ધ્વગામી બને છે તેમ આત્મા ઊર્ધ્વગામી બની સિદ્ધશિલા પર બિરાજમાન બની જાય.

અક્ષતપૂજા વખતે ભાવવાનું કે " દેહ વિનાશી હું અવિનાશી." અક્ષતપૂજા કરતાં અખંડ અક્ષતની માફક આત્માને એક, અનન્ય, અખંડિત પરમાત્મા બનાવવાનો છે.

નૈવેદ્ય પૂજા વખતે ભાવનાનું કે આવા અનેકવિધ આહાર કરી આત્માને ચાર ગતિમાં રખડાવ્યો હવે મારે જોઈએ છીએ " તારા જેવું અનાહારી પદ એટલે સિદ્ધ પદ."



સૌ સાધન બંધન બન્યાં.

વધારે પડતાં પુદ્ગલોનાં સાધનો જીવનને વધારે ભારે બનાવે છે. જવાબદારીવાળો માણસ ગુરુની પાસે જઈ શકતો નથી. માણસ પોતાની મેળે જ જવાબદારીઓને વધારે છે.

પશુના ભવમાં તમે જ્ઞાન નહીં મેળવી શકો. નરકના જીવો અવધિજ્ઞાનથી જાણી શકે, પણ આરાધના ન કરી શકે. દેવતાનાં સુખો વધારે પડતાં છે. અને તેના અતિરેકમાં તેઓ આત્માને ભૂલી ગયા છે. ફક્ત મનુષ્યભવ જ એક એવો છે, કે જ્યાં તે ભવમાં જ આરાધના થઈ શકે છે.

કોઈ જાનવરને ખીલેથી છૂટું કરો, તો તે ગેલમાં આવી જશે. પક્ષીને પિંજરામાંથી બહાર કાઢી મૂકો, કેવો આનંદ તેના મુખ પર વિલસી રહે છે? ફક્ત મનુષ્ય જ એક એવો છે કે જેને બંધન છોડવું ગમતું નથી.

આ બંધનમાંથી મુક્તિ મેળવવા માટે વિવેક-જ્ઞાનની આવશ્યકતા છે. વિવેક-જ્ઞાન વિના જીવનશુદ્ધિ નથી. આત્માનું જ્ઞાન થાય ત્યારે ઇન્દ્રિયો બારી-બારણાં જેવી લાગે છે. આત્મા એ dust bin નથી—કચરાપેટી નથી કે જે તે ખરાબ જ ભરવું !

[illegible] આસપાસ [illegible] અશુદ્ધિ પ્રવેશે ત્યાર પછી [illegible] જોતા નથી. આંખથી કામ પ્રવેશે છે, જેનાથી હૃદય મલીન થઈ જાય છે. આંખ [illegible] ઇન્દ્રિય મોટી છે. તે સ્વર્ગમાંથી બનાવી શકે છે, તે જ જીવને નરકમાંથી પણ બનાવી શકે છે. આંખ તો જીવનની ગોખ છે. આંખ ઉપર તો વિવેકની જાળી ગૂંથવાની છે, જેથી અશુદ્ધિ કશી માત્ર અંદર પ્રવેશી ન શકે. સારું જોયા વિના ચાલી શકાતું નથી માટે તે ન જોવા લાયક જોતો નથી.

સંસારને સારી દૃષ્ટિથી જોશો તો જીવન સુંદર બની જશે. અશુભ, ગંદાં, કામવૃત્તિ ઉશ્કેરે તેવાં, મનમાં ઉશ્કેરાટ કરે તેવાં દૃશ્યો જોશો તો જીવન ઉંદર જેવું અનિષ્ટ બનશે.

આંખ જોવા માટે છે, નયણાં માટે છે, જીવનની શુદ્ધિની રક્ષા માટે છે, સંત અને પ્રભુનાં દર્શન કરવા માટે છે, આ શુભ દૃષ્ટિથી જ્ઞાનવારિનું પાન કરી આત્માને તારવાનો છે.

આંખ પર પોપચાં–ઢાંકણ છે, પણ કાન ઉપર ઢાંકણ નથી. પરિણામ એ આવે છે કે ભૂલી જવાની વાતો યાદ રાખીએ છીએ અને યાદ રાખવાની વાતો ભૂલી જઈએ છીએ. વ્યાખ્યાનની અમૃત તુલ્ય વાણી બીજે દિવસે ભૂલી જવાય છે ને કોઈનું કડવું વાક્ય જીવનભર યાદ રાખીએ

દીએ. ગુપ્તી થતું હોય તો ખરાબ વાત ભૂલી જાવ. પ્રભુની વાણીનો એક પણ શબ્દ આત્મસાત થઈ જાય તો જીવન ધન્ય થઈ જાય.

રોહિણેયચોરને તેના પિતાએ કહ્યું હતુ - "તું કદી પ્રભુ મહાવીરની વાણી સાંભળીશ નહીં"—કારણ કે પિતાને ખબર હતી કે પ્રભુની વાણી સાંભળશે તો આ ચોરીના ધંધા છોડી દેશે.

બાળકને સવારના નવકાર-મંત્ર ગણવાની ટેવ પાડો. આ ટેવ આગળ જતાં મન પર અદ્ભુત અસર કરશે. તે બાળક મનુષ્યભવ મેળવીને જૈન ધર્મ પામીને ઠાર્કે ઉત્તમ થઈ જઈ શકે છે.

જ્યાં હૃદયમાં નવકાર મંત્રનું રટણ થતુ હોય ત્યાં પાપનો સંચાર થઈ શકતો નથી, અને જીવનમાં પરિવર્તન થઈ જાય છે.

એક વાર બન્યું એવુ કે પ્રભુની વાણી વહેતી હતી, ત્યાં કાનમાં આંગળા નાખી. રોહિણેય ચોર પસાર થયો. પણ ત્યાં વાગ્યો પગમાં કાંટો ! ન ચલાય અને ન ઊભા રહેવાય ! કાંટો પગમાંથી કાઢવા માટે કાનમાંથી આંગળી કાઢી કાંટો કાઢ્યો તે અરસામાં પ્રભુની વાણી તેના કાને પડી અને જીવન પ્રગતિ પંથે ચડ્યું.

પગમાંથી કાંટો કાઢતાં કાઢતાં રોહિણેયચોરના કાને

[illegible]

[illegible]

કાન આપણું શ્રેયસ્કારક સાંભળવા માટે છે, લોકોની નિંદા સાંભળવા માટે નહિ, પણ શ્રુતજ્ઞાનનો આસ્વાદ કરવા માટે છે. જેટલું સાંભળીએ છીએ, તે અજ્ઞાત-મન (Sub-Conscious mind)ની અંદર ભરાઈ રહે છે ને તે પ્રસંગ આવે બહાર આવે છે.

સારું જોવાનું અને સારું સાંભળવાનું ગયું એટલે માનવીનું અવમૂલ્યાંકન થયું છે. અને પુદ્ગલોનું મૂલ્યાંકન વધી ગયું છું. તેથી આજે માનવી પુદ્ગલોના પરિગ્રહ માટે દોટ મૂકે છે, અને અંતે નિરાશા ને નિસાસા મેળવે છે. માનવમાં માનવતા છે. તે માનવતા પ્રતિ બીજા માણસને આદર હોવો જોઈએ. રાણા પ્રતાપ ખાતર ભામાશાએ પોતાની બધી જ સંપત્તિ આપી દીધી હતી. માનવ આત્મા પ્રતિ જે આદર, દયા, અનુકંપા હોવાં જોઈએ, તેને ઉકેલવાની શક્તિ નથી અથવા તે ઉકેલવાનું મન થતું નથી.

આ માનવભવ કેટલો દુર્લભ છે?

જ્યારે ૮૪ લાખ જીવાયાનિમાં ખૂબ જ પુણ્યાઈ

ભેગી થાય, ત્યારે એક મનુષ્ય જન્મ મળે છે અને આ મનુષ્યભવમાં જ આત્માનો ઉદ્ધાર થઈ શકે છે—આત્મા પરમાત્મા બની શકે છે. બાકી તો દેવગતિ, નારકગતિ, અને તિર્યંચ ગતિમાં આત્મા શટલ કોક જેવો—આમ તેમ ફંગોળાતો રહે છે.

આ મહામૂલો માનવભવ દુર્લભ છે. તે દુર્લભનો સદ્ઉપયોગ કરતાં ન આવડે તો મરણને સમયે મૂંઝવણના મહેરામણમાં જવું પડે છે.

જિંદગીને પુષ્પ સમાન બનાવવાની છે. સૌંદર્ય અને સૌરભ આપી સાંજ પડતાં ખરી જવાનું છે. તે પ્રમાણે વિશ્વને મૈત્રી, પ્રેમ, અનુકંપા, રૂપી સૌરભ બક્ષીને જીવનની સંધ્યાએ ખરી જવાનું છે. પહાડી પ્રદેશમાં અનાર્ય લોકોને ધર્મોપદેશ કરવા ક્ષેમંકર નામના સાધુ તૈયાર થયા. ત્યારે ગુરુએ કહ્યું: "ત્યાં અતિ દુઃખ સહન કરવું પડશે, ખાવાનું પૂરતું ન મળે, અતિ કઠણ માર્ગ હોવાથી જીવનના પચ્ચીસ વર્ષ ઓછાં થઈ જશે." ત્યારે ક્ષેમંકરે ફૂલની તરફ દૃષ્ટિ નાખી, ને મનોમન સમજાવ્યું કે 'તેઓ ફૂલની માફક સુવાસ આપીને ચાલ્યા જશે."

જ્યાં પરિગ્રહ છે, પુદ્ગલોનો સંગ્રહ છે, ત્યાં જીવન સ્વાર્થમય છે, ત્યાં અશાંતિ અને અસંતોષ છે. તેથી જિંદગી ઝેરી થઈ જાય છે, માટે જેટલું જીવો, તેટલું સન્માનપૂર્વક શાંતિપૂર્વક જીવો. રસ્તામાં કાંટા ઉગાડવાના નથી. એમ

મહાવીરે પૂર્ણકામ અશરીર દશાને મેળવ્યું. જેમાં સકલ કર્યો.

માટે આપણા અરિહંતોએ વિચાર કરવાનો છે કે I am none, I am in none. આવી સુંદર જીવનને ઓળખાવી બતાવ્યું.

પરંતુ કામના કરીને અને, આકૃતિ ફરતા જેવું જીવે એને હૃદયમાં ભરે, તેનું પરિણામ વિકૃત આત્મા વિના કાંઈ જ નથી.

માણસ માંદો પડે છે, તેનું પહેલું કારણ તેનું મન અથવા મગજ બગડે તે છે, પછી પેટ બગડે છે અને ખાધેલું પચતું નથી; તેથી કબજિયાત થવાથી શરીરમાં ભયંકર રોગો ઉત્પન્ન થાય છે. માટે જીવનમાં ખરાબ વાતોને લાવવાની નથી, વિકલ્પો કરવાના નથી પરંતુ આંખ ને કાન પર વિવેકની જાળી રાખીને હિતકારક ને સુંદર ભરીએ, તો હૃદય, મન, મગજ કુમળાંફૂલ જેવાં બની, આત્માને સ્વસ્થાને જલદી લઈ જાય છે.



✖ | માનવ માત્ર, દયા પાત્ર

માનવ ધારે છે કાંઈ અને પામે છે કાંઈ જુદું જ. કારણ કે માનવ કર્મને વશ છે. સારાં નરસાં કર્મ માણસને સુખ–દુઃખની પ્રતીતિ કરાવે છે. જીવ કર્મ સત્તાના દોર-દમામ નીચે જીવી રહ્યો છે. થોડીક પ્રતિકૂળતા આવી, કે જીવ આર્ત્તધ્યાનમાં પડી જાય છે. ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થતા આર્ત્તધ્યાન થાય છે. રોગ, શોક, ચિંતા, વિકલ્પાદિ આર્ત્તધ્યાન છે. તેથી તિર્યંચપણું પ્રાપ્ત થાય છે.

એ નિશ્ચિત સમજજો કે આ જગતમા કોઈ કોઈને દુઃખી કરી શકતું નથી, પણ તેવા સંજોગો ઉપસ્થિત થવાનું કારણ કર્મ છે. પ્રભુને ચાર કર્મોનો ક્ષય થયેલો હોવા છતાં બધા જ સંજોગો પ્રભુને અધીન ન હતા. સંજોગો અનુકૂળ ન હોય તો મનને એવી રીતે કેળવવાનુ કે તે મન સંજોગોને અનુકૂળ થઈ જાય. તે માટે મનને પ્રભુભક્તિ, સ્વાધ્યાય, ધ્યાન, ચિંતનમા જોડી દો. ત્યાર પછી આવનાર પરિષહ હસતાં હસતાં ભોગવી શકાશે.

ઝરૂખામાં ઊભેલ બહેને પોતાના ભાઈ મુનિને જતાં

[illegible] કે "આમનું શરીર પહેલાં કેટલું સુંદર હતું, ને આજે કેટલું કુરૂપ થયું છે." આ શબ્દો રાજા ઉપરના તેના પતિના કાને પડ્યા. બસ, રાજાનું મન શંકાથી ઘેરાયું ને જલ્લાદોને હુકમ કર્યો: "આ યુવાન સાધુની ચામડી ઉતારી લાવો." પેલા આજ્ઞાપાલક સાધુ પાસે ગયા ને રાજાની આજ્ઞા ફરમાવી, તો સાધુએ કહ્યું: "હું તૈયાર છું."

દુઃખ આવે ત્યારે અશુભ કર્મોની મલિનતા ધોવાય છે, તેમ માની હસવાનું છે, ચિત્તમાંથી ચિંતા કાઢી નાખવાની છે. સાધુ કહે છે: "હું યુવાન હોવા છતાં કૃશ છું, દુર્બળ છું. મારાં હાડકાં અણીદાર છે, ચામડી ઉતારતાં તમારી છરી તમોને ન વાગી જાય તેનો ખ્યાલ રાખજો."

સાધુએ તન કસાઈને સોંપ્યું ને મનને અરિહંતને સોંપ્યું. अरिहंते शरणं पवज्जामि । આમ સાધુએ પોતાના મનને સાધનાથી તૈયાર કર્યું હતું.

सिद्धे शरणं पवज्जामि । साहू शरणं पवज्जामि । केवली पन्नत्तं धम्मं शरणं पवज्जामि । અને આમ ચામડી ઊતરતાં સાધુ પ્રભુ શરણે જઈ બેઠા.

સાધુએ સહનશીલતા કેળવવાની છે અને સિદ્ધ કરવાની છે. દુષ્ટની સામે સૌજન્ય ને સહનશીલતા દર્શાવવાનાં છે. એક વાર પ્રભુને શરણ જાવ, તો તે તરણ બની રહેશે.

પરિષહ ખમવા માટે તન કરતાં મનને મજબૂત–મક્કમ બનાવો, કારણ કે મન તન ઉપર સત્તા ચલાવે છે.

મનમર્કટ મૌન બની ગયું, કે તે મન મોક્ષ આપી આપે છે. આ પ્રમાણે જો ન થાય તો માનવ માત્ર દયાને પાત્ર બને છે.

આત્મા જ્યારે સહનશીલતાની સાધનામાં હોય ત્યારે કર્મ નિર્જરા થાય છે. કર્મના ક્ષય માટે તપ–ત્યાગ કરવાના છે. દેહ હેરાન થાય, ત્યારે આત્માને હેરાન કરવાનો નથી. સાધુની એક બાજુ ચામડી ઊતરે છે ત્યારે બીજી બાજુ શુભ પરિણામની અખંડ ધારા વહેવા માંડીને કર્મનો ક્ષય થવા લાગ્યો. અંતે દેહ પડ્યો ને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું સાધુ મોક્ષે ગયા, કર્મના બંધનમાંથી મુક્ત બન્યા ને મુક્તિ રમણી પામ્યા. આ માટે દેવ, ગુરુ, ધર્મના આલંબનની જરૂર છે.

ખંધક મુનિ મોક્ષે સિધાવ્યા. લોહીની ખરડાયેલી તેમની મુહપત્તિને ખાવાલાયક ગણી સમળીએ ઉપાડી, પણ ખાવા જેવું ન લાગતાં તેણે ફેંકી દીધી, તે મુહપત્તિ ઝરૂખામાં પડી, તે જોઈ બહેન બેભાન થઈ–રાજાને ખબર પડી. બધી વાતની ખબર પડી. રાજા તો પશ્ચાત્તાપનાં ઝરણામાં આંસુની ધારા વહાવી રહ્યો અને પાપના ધોવાણ માટે રાજા–રાણી સંયમના માર્ગે ચાલી નીકળ્યા.





અમૃતમય કુંભ મૂકવામાં આવ્યો છે. માણસ બધે ફરે છે, પણ હૃદયમાં ઠરી ડુબકી મારી શકતો નથી.

આનંદરૂપ બનવું હોય તેને પોતાના હૃદયને શુદ્ધ કરવાનું છે. હૃદયને શુદ્ધ કરવા માટે પ્રભુની વાણીને સાંભળવાની છે. જે તરેલ છે, તેનો સંગ કરવાનો છે. તિન્નાણું તારયાણું—જે તરી ગયા છે, તે બીજાને તારી શકે છે. આસક્તિવાળો માનવી બીજાને પણ ડુબાડી દે છે. ભવરૂપાધિને મટાડવા માટે પ્રભુની વાણી જ એકમેવ ઔષધિ છે. તે વાણી સત્ય છે, જે ચિત્તને આનંદ આપે તેવી છે. આત્મા ઉપરની કાળાશ દૂર થાય તો આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહે છે. આપણો આત્મા જ્ઞાનમય છે, આનંદમય છે, સદ્-મય છે. કર્મના પડળમાંથી આત્માને મુક્ત કરવાનો છે. બીજાના ગુણો જોવાથી આપણામાં ગુણોનો સંચય થાય છે ને તેથી આત્મા વિકાસ સાધે છે.

આત્માને સત્, ચિત્ ને આનંદમય બનાવવો હોય તો ભક્તિનું આલંબન લો. ધર્મનું મુખ્ય અંગ ભક્તિ છે. ભક્તિ પાણીનું કામ કરે છે. કર્મમળથી શ્યામ બનેલ આત્મવસ્ત્રને ધોવા માટે ભક્તિરૂપી પાણી ખૂબ જરૂરી છે.

ભક્તિમાં કહેવું પડતું નથી, પણ સહજ રીતે તે થઈ જાય છે. ગાય વનમાં જાય, ઘાસ ચરે, પણ ચિત્ત તો વાછરડામાં હોય છે. નટ દોરડી પર નાચે, ને લાખોને હસાવે પણ તેનું મન તો દોરડીમાં હોય છે. સ્ત્રીઓ માથા પર બેડું મૂકી વાતો કરતી કરતી ઝડપથી ચાલે છે, પણ



સ મ ર્પ ણ

પરમોપકારી કલિકાલના પરમ સાધક
ચારિત્રમૂર્તિ આચાર્ય દેવશ્રી
કૈલાસસાગરસૂરીશ્વરજી
મહારાજ સાહેબના
કરકમલમાં
સાદર સમર્પણ

પ્રકાશચંદ વિજાપુરવાળા
જયંતિલાલ પાટનુવાળા

પરમ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્યદેવશ્રી
કૈલાસસાગર સૂરીશ્વરજી મ. સા.ના શિષ્યાત્ન
પ.પૂ. શ્રધ્ધેય આચાર્યદેવશ્રી કલ્યાણસાગર-
સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યપ્રવર
પ્રવચનકુશળ આચાર્ય શ્રી પદ્મસાગર-
સૂરીશ્વરજી મહારાજ સાહેબ



નિવેદન

પરમ પૂજ્ય આચાર્ય શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબના વ્યાખ્યાનોમાં ઊંડું ચિંતન, સ્પષ્ટ-નિર્મળ દૃષ્ટિ અને ઉન્નત ભાવનાના દ્યોતક હોય છે. સમભાવના ઉપાસક બનીને ગુણગ્રાહક અને સત્યશોધક દૃષ્ટિ એમાં પ્રગટ થતી હોય છે. આને કારણે એમની વાણી કોઈ પ્રદેશ કે જાતિવિશેષતાને બદલે સમાજના તમામ સ્તરોને સ્પર્શે છે. ધર્મતત્ત્વના જિજ્ઞાસુઓ આમાંથી અપૂર્વ પ્રેરણા પામે છે અને એને પરિણામે એમના વિચારોને આલેખતા આ પુસ્તકનું નામ "પ્રેરણા" રાખ્યું છે.

પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરજી મહારાજનાં પ્રવચનો રાષ્ટ્રભાષા હિંદીમાં હોય છે તેમ છતાં ગુજરાતીભાષી વિરાટ લોકસમુદાય એનું રસપૂર્વક શ્રવણ કરતો જોવા મળે છે. અહીં એ પ્રવચનમાંથી કેટલોક માત્ર રૂપાંતર કરીને આપવામાં આવ્યો છે અને એને કારણે એમની ભાષાનું સાહજિક માધુર્ય કયાંક બરાબર જળવાયું નથી. એમના આ અગાઉના પુસ્તકોને ધર્મપ્રેમી લોકસમુદાયે અંતરના ઉમળકાથી વધાવી લીધા છે એવી જ રીતે આ પુસ્તકમાંથી પણ એટલો જ લાભ તત્ત્વજિજ્ઞાસુઓને સાંપડશે એવી અમને શ્રદ્ધા છે. તેઓશ્રીના પ્રવચનોના આધારે તૈયાર કરેલ ત્રીજું પુસ્તક "પ્રેરણા" નામથી પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તકનું સુંદર છાપકામ બહુ ટૂંક સમયમાં કરી આપ્યું છે તે બદલ અમે 'કેનીમેક પ્રિન્ટર્સ'ના સંચાલકોનો આભાર માનીએ છીએ તેમજ ટાઈટલ ડીઝાઈન બ્લોક વગેરે ટૂંકા સમયમાં કરી આપવા બદલ આ તકે અમો ગ્રાફિક સ્ટુડિયોના સંચાલકો તથા સાધના પ્રીન્ટર્સનો આભાર માનીએ છીએ.

“પ્રેરણા”નું પ્રવેશક લખી આપી આલેખન સંશોધન કરવા માટે તેમજ પ્રુફરીડીંગ કરવા માટે શ્રી [illegible] શાહ (બી. એ. (ઓનર્સ), બી. ટી., એસ. ટી. સી.) નો હાર્દિક આભાર માનીએ છીએ.

આ પુસ્તક પ્રગટ કરવાનો અમને અવસર મળ્યો તેથી અમારું સરખું ધર્મકર્તવ્ય બજાવ્યાનો અમે સંતોષ અનુભવીએ છીએ. આશા છે કે આ પુસ્તક પણ “ચિંતનની કેડી” તથા “પાથેય”ની જેમ ઉપયોગી નીવડશે.

આ પ્રકાશનમાં કદાચ કોઈ સ્ખલના રહી ગઈ હોય, તથા વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ કોઈ પણ લખાયેલ હોય તો તે બદલ અમો 'મિચ્છા મિ દુક્કડં' અર્પી શ્રી સંઘની તથા સુજ્ઞ વાચકોની હાર્દિક ક્ષમા યાચીએ છીએ.

પ્રકાશભાઈ વિજાપુરવાળા
જયંતીભાઈ પાટણવાળા.

પ્રેરણોર્મિ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય યોગાત્મા, ધર્મચિંતક, અજોડ વ્યાખ્યાન વાચસ્પતિ ગુરુદેવ આચાર્ય દેવેશ શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબનો નિકટતમ સંપર્ક કોઈ ધન્ય પળે પુણ્યોદયે થયો અને જીવન ધન્ય ધન્ય બની કૃતાર્થતા અનુભવી રહ્યું. મારી માફક અનેક શ્રદ્ધેય આત્માને એમની જાદુઈ વાણી સ્પર્શી ગઈ છે, તેમના જીવનમાં ઉર્ધ્વગામી પરિવર્તન લાવી ચૂકેલ છે.

પૂ. ગુરુદેવની "ચિંતનની કેડી" એ પ્રગતિ કરતાં જીવનને પ્રકાશનો ઝબકાટ ને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, ચિંતનમાંથી જન્મે છે સમ્યક્ત્વ પ્રતિ શ્રદ્ધા, આસ્થા ને વિશ્વાસ. અને તદનુસાર આગળ વધતાં સ્વજીવનને મોક્ષલક્ષી બનાવવાની ઝંખના આત્માને જાગે છે. તે ઝંખનાને તૃપ્ત કરવા સમ્યક્ જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્રની આવશ્યકતા છે, તે તેઓશ્રીએ "પાથેય" સ્વરૂપે આપ્યાં.

"પાથેય" નો રસાસ્વાદ લેવાનો ને શ્રદ્ધાળુને પીરસવાનો અમૂલ્ય લાભ તેઓશ્રીની કૃપાએ મને આપ્યો અને તેઓશ્રીના વ્યાખ્યાનમાંથી ખાસ પસંદ કરેલ ને ચૂંટેલ વાનગીઓ "પાથેય" સ્વરૂપે પ્રકાશિત થઈ અને પ. પૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુદેવની આચાર્યપદવીના શુભ પ્રસંગે મહેસાણા મુકામે શ્રી સીમંધર સ્વામીની અમીદ્રષ્ટિથી "પાથેય" નો ઉદ્ઘાટન પ્રસંગ બધાના ઉલ્લાસ, ઉત્સાહ ને ઉમંગ વચ્ચે ઉજવાયો.

આત્માને ઉર્ધ્વગામી બનાવે તેવા શ્રેયસકારી 'પાથેય'નો આહ્લાદ અનુભવતાં અંતરમાં અનેક સુભાવનાનાં ઝરણાં પ્રગટી રહ્યાં ને તેને અતિ સ્વચ્છ ને સુઘડ બનાવવા માટે જેની ખાસ આવશ્યકતા હતી તેનું પ્રગટીકરણ 'પ્રેરણા' સ્વરૂપે થયું.

પ. પૂ. પ્રાતઃસ્મરણીય ગુરુદેવનાં વ્યાખ્યાનો તો અનેક અનેકને રસમાં તરબોળ કરે છે. તેમની શાસ્ત્રોક્ત અસ્ખલિત વાણી–તેમનાં સચોટ ને હૃદયસ્પર્શી ઉદાહરણો–નાના મોટા વિષયને સમય ને સંજોગો પ્રમાણે શ્રોતાઓ મૂકવાની મૌલિક શક્તિ–દરેક માટે ચિરસ્મરણીય છે. વ્યાખ્યાન પણ મીઠી મધુરી હિંદી જબાનમાં અપાય છે, ત્યારે અનેક આત્માઓ સમયનું ભાન ભૂલી પરમાત્માના સંદેશને પૂ. ગુરુદેવના આગમપ્રધાન વાણીમાં સાંભળવાનો અનન્ય અને અનુપમ લહાવો માને છે. તેવા રસઝરતાં વ્યાખ્યાનોમાંથી કિંચિત્ પ્રાપ્ત કરી આ પુસ્તક "પ્રેરણા"માં આપેલ છે. આ "પ્રેરણા" અનેકના જીવનને સદાચારી જીવન જીવવા ને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા પ્રેરણા આપશે. પ. પૂ. ગુરુદેવ આચાર્યદેવેશના મૌલિક પ્રકાશનો "ચિંતનની કેડી'' તથા "પાથેય" પુસ્તકોએ કેટલાય જીવનમાં સુખ–શાંતિ–સમતા પ્રગટાવ્યા છે, તે તેમના તરફથી આવતા પત્રો તથા સંદેશાથી જાણવા મળે છે.

પ. પૂ. ગુરુદેવ આચાર્યદેવેશ શ્રી પદ્મસાગરજી મહારાજ સાહેબનાં ધર્માભિમુખ કરતાં વ્યાખ્યાનો રૂપી સાગરમાંથી ગાગર કરતાં પણ ઓછું મેળવ્યું–તેને શાસ્ત્રોક્ત રીતે સંમાર્જન પ. પૂ. પ્રાતઃસ્મરણીય, જ્યોતિષાચાર્ય, શાસ્ત્રરહસ્યવેદી, અસીમ ઉપકારી ગુરુદેવ આચાર્યદેવેશ શ્રી કલ્યાણસાગરજી મહારાજ સાહેબે કરી આપેલ, તે માટે તેઓશ્રીનો ઋણી છું.

આ બધા પર કૃપા–કરુણાછાયા પ્રસરી રહી હોય તો તે પ. પૂ. પ્રાતઃસ્મરણીય યોગીશ્વર શાંત દિવ્યાત્મા શ્રી સીમંધરસ્વામી તીર્થસ્થાપક આચાર્યદેવેશ શ્રી કૈલાસસાગરજી મહારાજ સાહેબની.

તો આ "પ્રેરણા"નું સંપાદન કરવા માટે અસીમ કૃપા મારા પર પ. પૂ. ગુરુદેવ આચાર્યદેવેશની વરસી રહી, તે માટે તેઓશ્રીનો

ઋણી છું અને આવી કૃપા સદૈવ વરસતી રહે તેવી યાચના કરું છું.

આમાં જે કાંઈ ત્રુટિ-ક્ષતિ રહેલ હોય તે માટેની જવાબદારી મારી સમજી તે માટે દેવ-ગુરુ-ધર્મની અંતઃકરણપૂર્વક ક્ષમા ચાહું છું.

૧૬, શત્રુંજય સોસાયટી,
પાલડી-અમદાવાદ-૭
ધનત્રયોદશી-૨૦૩૩

વિનમ્ર
લાલચંદ કે. શાહ

આત્મજ્ઞાનીના અંતરની અમીરાત

ગહન જ્ઞાનનો પ્રકાશ હૃદય પર લાગી ગયો હોય, આત્મિક જીવનની પ્રભાતે સમગ્ર અસ્મિતાને ઝંકૃત કરી દીધું હોય, આત્મ-જીવનની તિતિક્ષા રોજિંદો જીવનક્રમ બની ચૂકી હોય, ત્યારે અંતર-માંથી જે વાણી પ્રગટે છે એમાં વિચારોનું સહજ સૌંદર્ય, ભાવનાની સાત્વિક દીપ્તિ અને અંતઃશક્તિની નિર્વ્યાજ મધુરતા આપોઆપ નીતરતી હોય છે. આનું કારણ એ કે એ વાણીની પાછળ ચિંતનની ગહરાઈ, અનુભૂતિની સચ્ચાઈ અને ભાવનાની મઘમઘતી સુવાસ હોય છે. આવી અનુપમ વાણી જનકો તૃષાતુર આત્માઓને અમૃતપાનનો આનંદ આપતી હોય છે.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પદ્મસાગરજી મહારાજની વાણી એ સત્યશોધક, આત્મગવેષણા કરનાર આત્મજ્ઞાનીની આત્મખોજના બયાન સમી છે. એમાં જ્ઞાનની ગહનતા, ધર્મ–ભક્તિની ગૂઢતા અને આધ્યાત્મની ગૂઢતા પરત્વેનો સંકેત સાંપડે છે. આ વાણી તેઓના મધુર વ્યક્તિત્વના પ્રતિબિંબરૂપ છે. એમનાં દૃષ્ટાંતો બહુજન સમાજને આસાનીથી સમજાય તેવાં અને મૂળ વાતને મનમાં બરાબર ઠસાવી દે તેવાં હોય છે. ધર્મ–સિદ્ધાંત કે તત્ત્વજ્ઞાનની અઘરી વિચારણાને તેઓએ પચાવી છે અને એને પરિણામે જ એમની વાણીમાં ઘૂંટાઈ-ઘૂંટાઈને સાહજિક રીતે નગદ સત્યનો કિંમતી ઉપદેશ સાંપડે છે.

"પ્રેરણા" નામના આ પુસ્તકમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પદ્મસાગરજી મહારાજની ચિંતક પ્રતિભા વાચકના મનની ગરીબીને હટાવી દે તેવાં અમૃતભર્યાં પ્રેરણાવારિ પાય છે. જીવનની પ્રયોગ-શાળામાં ધર્મના પ્રફુલ્લનની પ્રેરણા આપે છે. આજે સામાન્ય રીતે ઉપદેશશૈલીમાં સમાજને આકરો ઠપકો કે ઉપાલંભ આપવાની

વૃત્તિ જોવા મળે છે. જ્યારે અહીં એવા કોઈ ખંડન–મંડનમાં પડયા વિના, જે કંઈ કહેવું છે તે સીધું છતાં સ્પષ્ટતાથી કહેવાયું છે. આવું આલેખન આજે તો આપણા સમાજમાં ક્યાંક જ જોવા મળે છે.

આ પુસ્તકમાં ચિંતનનાં વેરાયેલાં મોતી સાધકની મસ્તી, શોધકની પ્રયોગશીલતા અને આત્મજ્ઞાનીની અનુભવખુમારી દર્શાવે છે. આથી જ એમના ચિંતનનું સળંગ સૂત્ર આલેખન કરતું પુસ્તક મેળવવાની અપેક્ષા જાગે છે. જે અનુપમ વસ્તુ માનવીની ભીતરમાં છે, અને એની શોધ માટે એ બિચારો કસ્તૂરી મૃગની જેમ આસપાસ, આમતેમ ભટકયા કરે છે, તેવા આ ભૌતિકવાદથી પીડાતા યુગમાં આ પુસ્તક પ્રત્યેક આત્મજ્ઞાનીને માટે માત્ર પ્રેરણારૂપ જ નથી, બલ્કે પથપ્રદર્શક છે.

ચંદનનગર સોસાયટી, ડૉ. કુમારપાળ દેસાઈ
અમદાવાદ-૩૮૦,૦૦૭.
ધનત્રયોદશી, વિ. સં. ૨૦૩૩.

અનુક્રમણિકા

ભગવાન મહાવીરની અંતિમ દેશના ૨૫૦૩ વર્ષ પૂર્વે આજના દિવસે થઈ હતી. થોડા સમય પછી પોતે મોક્ષે પધારવાના છે, એમ જાણી પ્રભુએ ઉપદેશનો ધોધ વહેવડાવ્યો. ૧૬ પ્રહર સુધી પ્રભુએ અખંડ દેશના દીધી. તે સમયે તેમણે ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનો પ્રરૂપ્યા.

સંસાર ગમે તેટલો સુંદર હોય પણ અંતે તે દુઃખદાયી જ હોય છે.

મોક્ષ ગમે તેટલા દુઃખથી મળતો હોય, તો પણ અંતમાં સુખ જ છે. મોક્ષ પુરુષાર્થ તે મુખ્ય પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારમાં પ્રાધાન્યતા મોક્ષની છે. ધર્મ એ અર્થ અને કામનો ત્યાગ કરાવે છે.

સંસાર માટે અર્થ અને કામ છે. અને આત્માની મુક્તિ માટે ધર્મ અને મોક્ષ છે. સંસારમાં માનવનું ધ્યેય મોક્ષ છે. જે ધર્મ મોક્ષ અપાવે છે, તે સાચો ધર્મ છે. ધન અને કામ તો સંસારમાં ભટકાવનારા છે.

પ્રભુવીર પુન્યપાળ રાજાને આવેલ આઠ સ્વપ્નોનો અર્થ શ્રી મહાવીર પરમાત્મા સમજાવે છે. આ સ્વપ્નો ભવિષ્યની આગાહી કરે છે :

૧

૧ લું સ્વપ્ન : વિશાળકાય હાથી છે. એની હસ્તિ-શાળામાં શણગારમાં આવેલ છે. ત્યાં તોફાન કરીને તે ખૂબ જૂની હસ્તિશાળામાં આવતો જાય છે.

પ્રભુ જવાબ આપે છે : શ્રાવકો હાથી જેવા થશે. સંસારીઓને ત્યાગના માર્ગે લઈ જવામાં આવશે, પણ ત્યાગ તેમના જીવનમાં નહીં બનશે, ક્ષણિક સુખકારી સંસારમાં ભટકયા કરશે. શ્રાવકોને આપઘાત કરવાનો વિચાર આવશે, પણ ત્યાગનો નહીં; કદાચ ત્યાગનો વિચાર આવશે, તો તે ત્યાગ લાંબો ટકશે નહીં.

૨ જું સ્વપ્ન : એક નાનો વાંદરો મોટા વાંદરા સાથે તોફાન કરે છે.

પ્રભુ જવાબ આપે છે : મારા પછીના આચાર્યોમાં સંપ રહેશે નહીં.

૩ જું સ્વપ્ન : કલ્પવૃક્ષની આસપાસ વાડ છે. તેનાં ફળો વાડમાં પડી જાય છે, તેથી લોકો લઈ શકતા નથી.

પ્રભુ : શ્રાવક દાન કરશે, પણ તેમનું દાન સુપાત્ર નહીં બને. ફળ કાંટાની વાડમાં પડે છે, તે પ્રમાણે કુપાત્રના હાથમાં દાન ચાલ્યું જશે.

અત્યારે સાધર્મિકોની ઉપેક્ષા ઘણી થઈ રહી છે.

૪ થું સ્વપ્ન : સુંદર સરોવરને કાંઠે બેઠેલ કાગડો બાજુમાં વહેતી ગટરનું પાણી પીએ છે ને પનિહારીઓનું અબોટ પાણી બોટી નાખે છે.

પ્રભુ : ઘરમાં સુંદર ખાનપાન હશે, તે નહીં ગમે, બહારનો કચરો ખાવો–પીવો ગમશે. સાધુ ને શ્રાવકો વક્ર સ્વભાવના થશે. કોઈની શિખામણ સાંભળવી નહીં ગમે. જ્ઞાતિઓ, બંધારણો ધીમે ધીમે તૂટી જશે.

૫ મું સ્વપ્ન : વિરાટ જંગલ છે. તેમાં વિશાળ સિંહ મૃત્યુ પામેલ છે. શિયાળિયાઓ ભાગી જાય છે. કીડાઓ તેના શરીરને ફોલી ખાય છે.

પ્રભુ : તીર્થંકરો, કેવળજ્ઞાનીઓ, ગણધરો અને ચૌદ-પૂર્વધરો જેવા મહાતારક વિરાટ આત્માઓ ચાલ્યા જવાના, જૈનશાસન રૂપી મરેલો સિંહ રહેવાનો. શાસનનું સ્વરૂપ સિંહ જેવું હોવાથી મિથ્યાત્વ રૂપી શિયાળિયાઓ તેની પાસેથી દૂર ભાગવાના. પરંતુ શાસનને આંતરિક મતભેદ ફોલી ખાશે.

૬ ઠ્ઠું સ્વપ્ન : સુંદર સરોવરમાં કમળ ખીલ્યાં છે, પણ તેમાં સુગંધ નથી, પણ ઉકરડામાં ખીલેલ કમળોમાં સુગંધ છે.

પ્રભુ : સારા કુળમાં જન્મેલ છોકરાઓ ધર્મ વગરના હશે અને અનાર્ય દેશમાં ને અનાર્ય જાતિમાં જન્મેલ બાળકોમાં ધર્મ હશે.

ભારતમાં માંસાહારનો પ્રચાર વધવા માંડ્યો છે. યુરોપમાં વેજીટેબલ સોસાયટીઓ સ્થપાવા માંડી છે.

આજે હરિજનો મોટા ઓફિસરો, પ્રધાનો થવા લાગ્યા છે.

૭ મું સ્વપ્ન : [illegible] સારું બીજ ખરાબ ભૂમિમાં [illegible] વાવે છે.

પ્રભુ : દુનિયામાં માણસો બીજ વાવે, તે ખરાબ [illegible]માં વાવશે. સારાં ક્ષેત્રમાં કે સારું બીજ વાવવું તે [illegible] [illegible] દે છે. જ્યાં જરૂર નહીં ત્યાં ધન નહીં વાપરે, જ્યાં નહીં કેવળ લોક મોજશોખમાં, નાચમાં, ભોગવિલાસમાં પૈસા વાપરી જવાના. દયા, પુણ્ય વગેરે સારા ક્ષેત્રમાં ઓછા વપરાશે.

૮ મુ સ્વપ્ન : કળશ. પાંગળીઓમાં એક કળશ મલિન[illegible]થી ભરેલા હોય છે અને પાંદડાંઓથી ઢંકાયેલા છે.

પ્રભુ : જેનું જીવન સુંદર ભાવનાઓથી ભરેલ હશે: [illegible]કોને શંકા આવશે. સજ્જન આત્માઓ ઓછા હશે. સાધુઓને નકામા સાધુઓ હેરાન કરવાના. સોનું પિત્તળ જેવું કરવાના.

આજે સજ્જન માણસોને દુર્જન ખૂબ હેરાન કરે માજની સંપત્તિ ને શક્તિ અયોગ્ય માર્ગે વેડફાઈ છે.

ત્યાર પછી પુન્યપાળ રાજાએ પ્રભુ પાસે દીક્ષા લીધી. પ્રભુએ ગૌતમના અભ્યુદય ખાતર, રાગ દૂર કરવા ગૌતમને પોતાના અંત સમયે દેવશર્માને પ્રતિબોધ મોકલ્યા. ગૌતમ એટલે આજ્ઞાંકિત મૂર્તિ. તે ગયા ને

દીપક બૂઝાઈ ગયો. સત્ય જ્યોતિ જતાં જ્યોતિના આભાસ રૂપે લોકોએ દીપકો પ્રગટાવ્યા, ને તે થઈ દીપાવલિ. પ્રભુ જેવા સૂર્ય જતાં, તેમણે નાનકડા કોડિયાને પ્રકાશ આપ્યો.

આ પર્વમાં આંસુ છે, આનંદ પણ છે. પ્રભુ નિર્વાણ પામ્યા, એવું ગૌતમે જ્યાં સાંભળ્યું, ત્યાં હતાશ થઈ બેસી ગયા, પોકેપોક મૂકી ગૌતમ બાળકની માફક રડવા લાગ્યા. ગૌતમને વીરપ્રભુનું પગલું જ્ઞાનવંતુ દેખાયું ને તે જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પથરાતા પ્રભાતે ગૌતમને કેવળ-જ્ઞાન થયું.

✤ | જ્ઞાનપંચમી

શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની સિદ્ધિ કોઈ નથી નથી, પણ એક ગુણને લઈને જ્ઞાનપંચમી નક્કી થઈ છે.

જ્ઞાનપંચમી પાછળ તીર્થંકરોના મહાસાગર પડ્યા છે. એને શાસ્ત્રદૃષ્ટિથી જોવું પડશે.

આ જીવ આઠ કર્મોની જાળથી સંસારમાં ભટકી રહ્યો છે. આત્મા પર કર્મનાં પડ લાગેલાં છે. તેથી આત્માનું હીર અર્થાત્ શુદ્ધ સ્વરૂપ દેખાતું નથી. આત્માનું સ્વરૂપ જ્ઞાનથી જણાય છે.

આત્માનો ગુણ જ્ઞાન છે. જેમ જેમ જ્ઞાન આવતું જાય, તેમ તેમ આત્મા શુદ્ધ બનતો જાય છે. સ્વ અને પરને પ્રકાશિત કરનાર જ્ઞાન છે.

શ્રુતજ્ઞાન બોલતું છે, ત્યારે કેવળજ્ઞાન મૂંગું છે. કેવળજ્ઞાનને બતાવનાર શ્રુતજ્ઞાન છે. સિદ્ધને ઓળખાવનાર અરિહંત છે. અરિહંતો પણ સિદ્ધને જ નમસ્કાર કરે છે. સંસારને પાર કરનાર જ્ઞાન છે. શ્રુતજ્ઞાન આત્માને ઓળખાવે છે. જીવો અજ્ઞાનથી કર્મબંધન કરે છે.

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં ઊંઘતી વખતે સંગીત બંધ

કરાવવાનું સેવક ભૂલી ગયો, તો વાસુદેવે તેના કાનમાં સીસું રેડાવ્યું. આ હતી અજ્ઞાન અવસ્થા. જેમ જ્ઞાન આવતું ગયું, તેમ વિષયકષાય પાતળા થતા ગયા. જ્યારે પ્રભુના કાનમાં ખીલા ઠોકાય છે, ત્યારે પ્રભુ વિચારે છે : "અજ્ઞાન અવસ્થામાં કરેલું કર્મ જ્ઞાનથી ભોગવવાનું છે."

અંધારામાં વાળેલી ગાંઠ પ્રકાશમાં છોડવાની છે. રોગ, શોક, દુઃખ બધું કર્મથી આવે છે. જ્ઞાનથી બધાનો વિચાર કરવાનો છે.

ઘી ગમે તેટલું જીભ ખાય, પણ તે ચીકણી બનતી નથી, તેવી રીતે જગતમાં રહેવા છતાં ચીકાશથી ચીકણા થઈને જીવવાનું નથી, પણ અલિપ્ત રહેવાનું છે. આ બધું જ્ઞાનથી સમજાય છે. આ સમજણ માટે જ્ઞાનપંચમી છે.

ચાર ચાર માસ વરસાદ વરસ્યો, વાતાવરણ ભેજથી છવાઈ ગયું. ત્યારે પુસ્તકોને ખૂબ જ ભેજ લાગેલ હોય. શરદ પછીનું આકાશ શુદ્ધ હોય છે, તડકો ચોખ્ખો હોવાથી ચોપડીઓનો ભેજ ચાલ્યો જાય. પુસ્તકોના ભંડારો દર વર્ષે ચોખ્ખા થવા જોઈએ.

પુસ્તકોનું (શ્રુતજ્ઞાનનું) રક્ષણ માણુથી પણ કરવું જોઈએ.

જ્ઞાનની પૂજા ત્રણ પ્રકારે કરવાની છે : ૧. જ્ઞાનનાં સાધનને (પુસ્તકો-ગ્રંથો)ને પૂજવાના-સ્વચ્છ રાખવાના. ૨. જ્ઞાનના સાધકને પૂજવાનો ૩. જે સાધ્ય છે, તે ઉપકરણોની પૂજા કરવાની.

ચંડકૌશિકને જ્ઞાન આવતાં આઠમા દેવલોકે પહોંચ્યો.

જ્ઞાનની આરાધના કરી કરાવી જોઈએ.

જ્ઞાનથી આત્માને ફાયદાઓ છે. જ્ઞાન આત્મપ્રદેશમાં કર્મોનો નાશ કરી નાંખે છે.

કર્મક્ષય માટે જ્ઞાનનો પ્રચાર ને પ્રસાર આવશ્યક છે. જ્ઞાનપ્રચાર જ્ઞાનીનું વંદન-પૂજન બહુમાન કરવું તે છે. જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે, ને જીવવાનું છે. જ્ઞાનથી માનવી કેટલા ઉન્નતિકારક બની જાય છે. જીતેન્દ્રિય બનવા માટે ઘણું જ જ્ઞાન ઉપાર્જન કરવું પડે છે. ગાર્ડ અને ગવર્નર બન્ને માણસો છે. એક અજ્ઞાનથી ક્ષુદ્ર કામ કરે છે, બીજા જ્ઞાનથી ઉચ્ચ સ્થાન શોભાવે છે.

મોક્ષ માર્ગે લઈ જનાર ભોમિયો તે જ્ઞાન જ છે. સંસારમાં રસ્તા ને દોરવણી આપનાર જ્ઞાન છે. જ્ઞાન તે માનવ-જીવનની શોભા અને સૌભાગ્ય છે. માણસ જ્ઞાનથી શોભે છે.

જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાનની-પુસ્તકોની ફક્ત પૂજા કરવી તે પૂરતું નથી, પરંતુ જ્ઞાનનો ભોગ વધુ થાય તે માટે પઠનપાઠન અવશ્ય કરવું. લોકોને સમજાય તેવું જ્ઞાન-સાહિત્ય ફેલાય તેવો પ્રયત્ન કરવો. જ્ઞાનને પચાવનાર જ્ઞાની મહાત્માઓની સેવાભક્તિ કરવાની. તેઓ જ્ઞાનને વધુ જાણે ને સ્વ તથા પરના શ્રેયાર્થે તેનો સદુપયોગ કરે તે માટે દરેક પ્રકારની સગવડતા કરી આપવાનો ઉદ્દેશ જ્ઞાનપંચમીનો છે. તે દિવસે નાનામોટાને દરેકને જ્ઞાન પ્રતિ-આધ્યાત્મિક જ્ઞાન પ્રતિ જિજ્ઞાસા થાય, આત્મિક જ્ઞાન મેળવવાની અભિલાષા થાય તેવું વાતાવરણ ઉપસ્થિત કરવાની ફરજ છે. આ બધા જ્ઞાનપંચમીને ઉજાળવાના ઉપાયો છે.

રૂપી પદાર્થોની પાછળ અરૂપી તત્વ કામ કરી રહેલ છે. અરૂપી આત્મા વગર રૂપી શરીરની કિંમત કંઈ જ નથી. જે નથી દેખાતું તે જોવા માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાન સાથે ક્રિયા, સ્વાધ્યાય, ધ્યાનની આવશ્યક્તા છે.

ક્રિયામાં રસમગ્ન બનવા માટે જ્ઞાનના અભ્યાસની જરૂર છે. આત્માની વાત અભ્યાસથી જાણવાની–સમજવાની જરૂર છે. 'સૂત' શબ્દના અનેક અર્થ થાય છે. તે તો શબ્દના અર્થનું જ્ઞાન હોય તો ક્રિયામાં અનેરો આનંદ પ્રગટે છે. શબ્દ અને અર્થને લક્ષમાં રાખીએ તો દરેક ક્રિયા સુંદર ફળ આપે છે.

જીવનમાં લક્ષ ન હોય તો કટોકટીના પ્રસંગે માનવ હામ હારી જાય છે, દામ ખોઈ નાખે છે અને તેના હામનાં કોઈ ઠેકાણાં હોતા નથી. તેથી તે થાકી જાય છે. જે એકને (આત્માને) જાણે છે, તે બધાને જાણે છે. લક્ષથી માણસ જીવનમાં આગળ વધી જાય છે.

દ્રોણાચાર્યે પોતાના શિષ્યોની પરીક્ષા લેવા માટે વૃક્ષ પર મૂકેલ આભાસી ચકલીની આંખને વીંધવા કહ્યું.

જેની આંખો સ્થિર નથી, તે નિશાનને વીંધી શક્તો

નથી. અમુક [illegible], ત્યારે મનને સ્થિર કરીને અનુષ્ઠાન તો જ્ઞાન યાદ રહી જાય છે. [illegible] સ્થિર [illegible] રહી શકી શકે છે. જ્યાં સ્થિરતા છે, ત્યાં આનંદ છે. માટે [illegible] આત્મસ્વરૂપ પ્રથમ છે.

મર્મને જાણવું [illegible] જાણો, તેનું જ્ઞાન મેળવો, તદનુસાર ક્રિયા કરો તો જ્ઞાન મર્મસ્પર્શી બની કલ્યાણકારી બનશે. રસપૂર્વકની ક્રિયાથી મર્મમાં રુચિ ઉત્પન્ન થાય છે. દોડાદોડ કરી જે તે ક્રિયા કરવાથી મર્મમાંથી રસ ઓછો થઈ જાય છે. Rolling stone gathers no moss.

જીવનમાં મર્મ સમજીને-વિચારીને કરવાનો છે. હૃદયસ્પર્શિત કરેલ મર્મ ક્રિયાના નિયમથી રસમય તેમજ ફળદાયી બને છે.

અતિક્રમણનું મર્મ સમજ્યા પછી અતિક્રમણની ક્રિયામાં અનેરો આનંદ આવે છે. તે ક્રિયા કરવા પૂરતી ન રહેતાં કરવા માટેની (must) બની જાય છે.

જંબૂકુમાર પરણવાના સમયે ભગવાન શ્રી સુધર્માસ્વામીજી પાસે ઉપદેશ સાંભળવા જાય છે. ઉપદેશ હૃદયમાં લાગી જાય છે. જંબૂ કુમારના લગ્ન થઈ ગયા પણ ઉપદેશથી પ્રાપ્ત થયેલ જ્ઞાને તેમના અંતરમાં દીપક પ્રગટાવ્યો. તેમણે પરિણીત કન્યાઓને સંસારની અસારતા બતાવી. તેમણે પ્રભુ–વીતરાગ પરમાત્મા સાથે લગ્ન કરવાનું સમજાવ્યું–

ઋષભ જિનેશ્વર પ્રીતમ મ્હારો રે,
ઓર ન ચાહુ રે કંત;

રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત.

પ્રભુ સાથેનાં લગ્ન અખંડિત છે, જ્યાં નથી વિયોગ કે વિરહ. સંસારના લગ્ન ખાંડના રમકડાં સમાન છે.

જંબૂકુમારે કરેલ જ્ઞાનની વાતોએ ચોરી કરવા આવનાર પ્રભવચોરમાં પરિવર્તન આણ્યું–તેણે ચોરી છોડી, વૈરાગ્ય માર્ગ સ્વીકાર્યો. અને જંબૂસ્વામીની સાથે ૫૦૦ ચોરો સહિત દીક્ષા સ્વીકારી. તે પછી પ્રભવસ્વામી આચાર્ય બન્યા. જ્ઞાનનું લક્ષ સમજાય તો ક્રિયા મધુરપ અર્પે છે. 'જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ, પૂર્વ કોડી વરસો લગી અજ્ઞાની કરે તેહ.'

જ્ઞાનને લક્ષમાં લઈ ક્રિયા કરવાથી એક શ્વાસોશ્વાસમાં કર્મોનો મેરુપર્વત ખડો કરે છે. આમ જ્ઞાન પ્રકાશ છે. તે પ્રકાશ અનેક ક્રિયામાં જોડે છે ને જ્ઞાન તથા ક્રિયાના સહયોગથી મોક્ષપ્રાપ્તિ થાય છે.



"જ્ઞાનસાર"માં ઉપાધ્યાયજી મહારાજ સમજાવે છે કે આપણા શુદ્ધ રૂપ માટે દૃષ્ટિને સમ્યગ્ બનાવવાની છે, ઉત્તરોત્તર આત્મતાને ખીલવવાની છે, વ્યક્તિની નહીં, સદ્-ગુણની ઉપાસના કરવાની છે.

બાળક ભણવા જાય છે અને ધીમે ધીમે ઉચ્ચ કક્ષા (ડિગ્રી) પ્રાપ્ત કરે છે. ત્યારે લોકો મોટા થયેલ બાળકની પ્રશંસા નથી કરતા, પણ તેણે પ્રાપ્ત કરેલ સદ્ગુણોનું મૂલ્યાંકન આંકે છે.

મૂર્ખમાં, દુષ્ટમાં કે અજ્ઞાનીમાં પણ દિવ્યતા તો પડેલી જ છે, પણ એ દિવ્યતા જ્ઞાની જોઈ શકે છે, અને આ પ્રમાણે આપણી દૃષ્ટિને મંગળમય બનાવવાની છે. સામાન્ય જોવાની દૃષ્ટિને શુભ વળાંક આપવાનો છે, ભૂલને ભૂલરૂપે જોવાની છે, વિચારવાની છે અને તે ભૂલમાંથી છૂટવાનો વિચાર કરવાનો છે. આત્મા સંસાર રૂપી દાવાનળ વચ્ચે ઘેરાયેલો છે, પણ તે દિવ્ય છે, અમૃતમય છે. તે દાવાનળ ઉપર જ્ઞાનરૂપી પીયૂષ છાંટવાથી આત્મા શીતળ અને શુદ્ધ સ્વરૂપે પ્રગટ થશે, તેના પર ચઢેલ મોહરૂપી ધૂળને ઉડાડવાની છે, તેનું જ્ઞાન અમરત્વ બક્ષે છે.

'જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ.' દુર્યોધનને રાજસભામાં બધા જ ખરાબ લાગ્યા, અને ધર્મરાજાને તે સભામાં બધા જ સારા લાગ્યા. ગાંધીજીને ગોળીનો કે મરવાનો ભય ન હોતો, કારણ કે તેઓ પોતાની સમાન બધાને અવેરી સમજતા. ઘણું સમજાવ્યા છતાં મહાવીર પ્રભુ દૃષ્ટિવિષ ચંડકૌશિક પાસે ગયા, કારણ કે તેમની દૃષ્ટિમાં જ્ઞાનરૂપી અમૃત હતું, તેમણે વિષને અમૃત બનાવ્યું.

બાળકને–તોફાની બાળકને સમજાવવા માટે હકારાત્મકથી, પ્રેમથી વાત કરવાની છે. દરેક માણસના ગુણ જોવાના છે, ને જીવનની ક્ષણેક્ષણ મંગળમય બનાવવાની છે. જગત તો સારામાં સારું છે, પણ શુભ જ્ઞાનદૃષ્ટિના અભાવે આપણને જગત ખરાબ લાગે છે.

સારી પ્રકૃતિવાળા માણસને ક્રોધ આવે છે, ત્યારે તેનો ચહેરો બદલાઈ જાય છે. તેથી જ પ્રભુના જ્ઞાનમય શબ્દો જે ચંડકોશિયાને કહ્યા, તે યાદ કરવાના છે: 'બૂઝ, બૂઝ, હે આત્મન્! તું સમજ સમજ.' આ માટે મોટામાં મોટા અપમાનને નાનામાં નાનું બનાવી દેવાનું છે, ઝેરના ઘુંટડા ગળી જવાના છે. ઝઘડાનો તણખો જેટલો વધારશો, તેટલો ભડકો મોટો થઈ જશે. "ઝેરનો પ્યાલો, મીરાં અમૃત જાણી પી ગયાં." તેમ કોઈ ઝેરનો પ્યાલો આપે તો આપણે મીરાંની માફક અમૃત સમજીને પી જવાનું છે. લોકોની ખરાબીમાં પણ સારું જોવાનું છે. કાંટાઓની વચ્ચે ગુલાબને નીરખવાનું છે, તેવી મંગળમય જ્ઞાનદૃષ્ટિ ઉત્તમ છે.

[illegible]

જીવનમાં પહેલી જરૂર જ્ઞાન દૃષ્ટિની છે. દર્શન, સામાયિક, પ્રતિક્રમણ કે ધર્મની કોઈ પણ ક્રિયા પાછળ દૃષ્ટિની જરૂર છે. જ્યાં દૃષ્ટિ છે, ત્યાં ધર્મ છે, ત્યાં જ્ઞાન છે, ત્યાં સમ્યક્ત્વ છે; માટે જ્ઞાન તથા ક્રિયા બન્ને સાથે હોય તો મોક્ષ માર્ગ સરળ ને સહજ બને છે. સમજણ વિનાની ક્રિયા માણસને અભિમાની બનાવે છે. જ્ઞાન વગર ક્રિયા શુષ્ક નીરસ બને છે.

આપણે આંખને દૃષ્ટિ માની છે, જ્ઞાનીઓએ જ્ઞાનને આંખ માની છે. દિવ્યચક્ષુ અને અંતરચક્ષુ ઊઘડી જાય તો બેડો પાર થઈ જાય. તેથી સાચું સુખ મેળવવા જ્ઞાન દૃષ્ટિની આવશ્યકતા છે.

'ઉત્તરાધ્યયન સૂત્ર'માં શ્રી વીર પ્રભુ આપણને બે દષ્ટિ અંગે સમજાવે છે: એક મંગળમય દષ્ટિ અને બીજી અમંગળમય દષ્ટિ.

મંગળમય દષ્ટિ દુઃખમાં પણ સુખને જુએ છે અને અમંગળમય દષ્ટિ સુખમાં પણ દુઃખને જુએ છે, કારણ કે તે દષ્ટિ કમળાના રોગ જેવી દૂષિત અપવિત્ર બની ગયેલી હોય છે. મનને શાંત બનાવવા દષ્ટિ પવિત્ર બનાવવાની છે.

દુઃખીનાં આંસુ લૂંછવાના છે અને પરોપકારથી સુખને ઊભું કરવાનું છે. બે પૈસાની અગરબત્તી બળીને પણ સુવાસ ફેલાવે છે, તો અમૂલ્ય માનવી તો કેવી સરસ સુવાસ ફેલાવી શકે તેમ છે!

આપણે જાતે આપણી ક્ષણેક્ષણ સુધારવાની છે. દુઃખની વચ્ચે શાંત રહેવાનું છે. દુઃખીને જેટલું આપશો, તેનો બદલો છેવટે જરૂર મળે છે. ધર્મ એ તો અર્પણ છે. આત્મા માટે બધું કરવાનું છે. પતિભક્તિમાં મગ્ન રહેનાર સ્ત્રી અર્પણમાં આનંદ માને છે ને માણે છે. તે પોતાના કર્તવ્યને સાચો આનંદ ગણે છે. પોતાનું કર્તવ્ય બજાવવું સરળ નથી. તે માટે આપણે અંદરથી તૈયાર થવાનું છે. તે માટે પોતાના દોષોને પોતે જ શોધવાના છે.

ખરડાયેલા લોક બીજી વસ્તુને સારી નથી કરી શકતા. જે લોકો પોતાને જુએ છે, તેનો વિકાસ જલદી થાય છે. થોડા શાંત ને સ્વસ્થ થઈને આત્માની ખોજ કરવાની છે, અંતરને ધીમે ધીમે સ્વચ્છ બનાવવાનું છે.

પોતાની શોધ કરતાં આખા જગતની શોધ થઈ જાય છે. તે માટે અમૂલ્ય ચાવી છે મૌન. મૌન જેટલું વધારે, તેટલી આત્મશુદ્ધિ વધારે.

આવી મંગળમય દૃષ્ટિ જીવનમાં ચિરશાંતિ લાવે છે. જેવાં કર્મ કર્યાં હોય, તેવાં ફળ મળે છે. પ્રયત્ન સારો ને સાચો કરવાનો છે, પરિણામની ફિકર નથી કરવાની, જીવનમાં બને તેટલું શાંત બનવાનું છે.

બીજાના દોષ જોવા નહીં, તેથી તો આપણું મન બગડી જાય છે. આપણા દોષ જોવાથી આપણું જીવન સુંદર બની જાય છે. અપાત્ર માણસને વિદ્યા પ્રાપ્ત થાય તો તે બીજાના દોષ વધુ જુએ છે.

આ માટે પરલક્ષી બની સ્વલક્ષી બનવાનું છે. આથી સત્ય પ્રતિ ગતિ થાય છે, અને સત્યની નજીક જેમ જેમ જવાય, તેમ તેમ પ્રભુની નજીક જવાય છે. સત્ય ને સદાચાર આપણને મુક્તિ પંથે લઈ જાય છે.

આ પ્રમાણે મંગળમય દૃષ્ટિથી શાંતિ, સ્વદોષદર્શન, સત્યવાદીપણું, સદાચાર પ્રાપ્ત થાય છે. આ માટે સુસીબત આવે તે પહેલાં તેની તૈયારી કરવાની છે. માણસ ઘડાઈને

તૈયાર થાય છે. માટીના ઘડાને ટીપાવું પડે છે, શેકાવું પડે છે, પછી તે યોગ્ય બને છે.

મંગળમય દૃષ્ટિથી સૌજન્ય જન્મે છે ને માનવી સજ્જન બને છે. સજ્જનમાં અનેક સદ્‌ગુણો વિકસેલ હોય છે. તેને ક્રોધ સાથે આડવેર હોય છે. સજ્જન તો "મિત્તી મે સવ્વ ભૂએસુ" માનનાર છે. સજ્જન પોતાના જ્ઞાનનો અહંકાર નથી કરતા ને ક્દાપિ વિશ્વાસઘાત કરતો નથી.

અમંગળમય દૃષ્ટિવાળા માનવો છીછરા મનવાળા, બીજાના અહિતમાં આનંદ માનનારા અને અન્યને અકારણ દુઃખ દેનારા હોય છે.

એક ડૂબતા ઉંદરને હંસે બચાવ્યો. ઉંદર ઠંડીથી ધ્રૂજતો હતો, ચાલી શકતો ન હતો. તેથી હંસ તેને પોતાની પાંખો નીચે રાખી હૂંફ આપવા લાગ્યો તો ઉંદરે હંસની પાંખો ફોલી ખાધી, અને હંસ ઉડી ન શકયો. આમ અમંગળદૃષ્ટિવાળા ઉપકાર પર અપકાર કરનારા ઉંદર જેવા હોય છે. તેની વૃત્તિ ને પ્રવૃત્તિ અધમ ને હલકી હોય છે. માટે બધાની મંગળમય દૃષ્ટિ થાય તેવી અભિલાષા.



જેઓ આશાને પોતાની દાસી બનાવે છે, તે જગતને જીતી શકે છે જેઓ આશાના દાસ બને છે, તેને જગત જીતી શકે છે.

આપણી પાસે જે જ્ઞાન અને અનુભવ ન હોય, તો આપણે ઇચ્છાના ગુલામ બની જઈએ છીએ, પણ જ્ઞાન મેળવીને ઇચ્છાને આપણી ગુલામડી બનાવવાની છે.

ઇચ્છાને દબાવવાની નથી, પણ જ્ઞાનથી ઇચ્છાને દાસ બનાવવાની છે. ઇચ્છાને સમજવાની છે અને તેને સમજવવાની છે તેથી આત્મકલ્યાણનો માર્ગ સરળ બની શકે.

પાંચ ઇંદ્રિયોના વિષયથી તથા કષાયથી ઇચ્છા આપણા પર શાસન ચલાવે છે. જો દૂધપાકમાં જરાક વિષ પડી જાય તો તે દૂધપાક વિષમય બની જાય છે અને તેવા દૂધપાકને આપણે સ્પર્શતા નથી. તે પ્રમાણે સંસારમાં વિષયો વિષ કરતાં અતિ ભયંકર છે, અને જો તે વિષયો આપણને વિષ જેવા લાગી જાય, તો આપણને વિષયો પ્રતિ તિરસ્કાર છૂટે. વિષયોમાં ડૂબવાથી અનંતો કાળ ડૂબી જાય છે, પરંતુ તે અંગેની જ્ઞાનદશા પ્રાપ્ત થાય તો સંસારમાં તરી જવાય છે.

જે જ્ઞાનથી ઇંદ્રિયો આત્માને મોક્ષમાં લઈ જાય છે, તે જ ઇંદ્રિયો વિષયો દ્વારા આત્માને નરકમાં લઈ જાય છે.

માટે જીવનમાં વિષયોનો ત્યાગ કરવાનો છે. એક સાગરમાં હજારો નદીઓ ઠલવાઈ જાય તોપણ સાગર ભરાવાનો નથી, તે પ્રમાણે ઇચ્છાઓ પણ અનંત છે. ઇચ્છાની પરિપૂર્ણતા તે ઇચ્છાની વૃદ્ધિ છે તેથી ઇચ્છાનો ત્યાગ કરવાનો છે. એ ત્યાગ કરનાર તારક બનશે.

આ અંગેનું જ્ઞાન અંતરમાં થાય તો ઇચ્છાઓની તૃપ્તિ અંતરથી થાય છે, બહારથી તેની તૃપ્તિ કદાપિ થની નથી. કહેવાયું છે કે "તું તારામાં ડૂબીશ, તો જ તને તૃપ્તિ થશે. તો જ તું સંસારને તરી શકીશ."

અનુભવ કહે છે કે એક ઇચ્છા તૃપ્ત ન થાય, ત્યાં અનંત ઇચ્છાઓ આવીને ઊભી રહે છે. જ્યાં સુધી સંસાર છે, ત્યાં સુધી ઇચ્છાઓ છે. એ ઇચ્છાઓનો અંત એ જ મોક્ષ. ઇચ્છાનું બીજ બળી જાય ત્યારે જ મોક્ષ મળી શકે છે.

જ્યારે ઇચ્છાનો ત્યાગ કરો છો, ત્યારે મોહરાજા વધારે મોહનીય રંગો બતાવે છે. મોહનું જોર વધી જાય છે, પછી ઇંદ્રિયો આત્માને બાંધે છે. માટે સામે આવેલ મોહની વસ્તુઓનો જ્ઞાનપૂર્વક ત્યાગ કરવાનો છે.

આપણે માનીએ છીએ કે ડ્રાઈવર આપણો નોકર છે, પણ ખરી રીતે તો આપણે ડ્રાઈવરના નોકર છીએ. ડ્રાઈવરના

વિષયો સંસારમાં ભટકતા આપણને તે ગમે ત્યાં ભટકાવી ફેંકી શકે છે, તેનું જ ઇંદ્રિયોના વિષયોનું છે. આપણે માનીએ કે ઇંદ્રિયો આપણા કાબુમાં છે, પણ ત્યાં આપણે તેના વિષયો એવા કે તે આપણને ગમે ત્યાં ફંગોળી દે છે ને છેવટે નરકવાસી બનાવે છે.

માટે ઇચ્છાના બંધનથી બંધાવાનું નથી. જેમ જેમ આત્મા ગુણસ્થાન ઉપર ચઢતા જાય છે, તેમ તેમ મોહરાજનું જોર વધતું જાય છે. સંસારમાંથી જીવ છૂટવા માગે છે, ત્યારે વિવિધ અનુકૂળ પ્રલોભનો સામે આવીને ઊભાં રહે છે. તે પ્રલોભનની ઉપેક્ષા કરીને, ઇચ્છાઓનો નિરોધ કરીને, વિષય-કષાય પ્રત્યે મમતાહીન દૃષ્ટિ રાખશો તો સમજણપૂર્વક અંતરને મળેલ જ્ઞાન આપણને મોક્ષ પ્રતિ લઈ જશે. માટે ઇચ્છાના દાસ ન બનતાં તેને દાસ બનાવો.

જ્ઞાન ત્યાં સાન.

એક બ્રાહ્મણને એક પુત્રી ને બે પુત્રો હતા. પુત્રી ચતુર હતી. તેનામાં શ્રેષ્ઠ જ્ઞાન ને અસાધારણ બુદ્ધિ હતાં. તેણે ગુરુઓ પાસેથી શ્રેષ્ઠ જ્ઞાન મેળવ્યું હતું. બ્રાહ્મણને ત્યાં સીમાતીત ગરીબાઈ હતી. તેના ઘર ઉપર છાપરું પણ ન હતું, રાત્રે સુસવાટા વાતો પવન અંદર આવતો હતો.

ગરીબીમાં સમજણ હોય તો જીવન સુંદર બની જાય છે. પણ ગરીબી પચાવવી ઘણી જ આકરી છે. આજે જ્ઞાનની વિશિષ્ટતા નથી, ધનની છે. દુઃખમાં ધન નહીં નહીં પણ જ્ઞાન જ કામ લાગવાનું છે. તેમાંય પૈસાની ગરીબી કરતાં મનની ગરીબી ખરાબ છે.

આ ગરીબ બ્રાહ્મણની દીકરી કૂવા કાંઠે પાણી ભરવા ગઈ. ત્યારે પુરોહિત પૂરપાટ દોડતા ઘોડા પર ત્યાં આવે છે, તેને ઘણી તરસ લાગી હતી. પેલી છોકરી પાસે પાણી માગ્યું, છોકરી તરત પાણી આપતી નથી. બે વખત પાણી કાઢીને ઢોળી દે છે. પછી ત્રીજી વખતે પાણી પીવડાવે છે.

પુરોહિતને આશ્ચર્ય થયું. તેને પાણી ઢોળવાનું કારણ પૂછ્યું તો છોકરીએ જવાબ આપ્યો : તમે દોડતા આવ્યા હતા, તેથી તરત જ પાણી પીવાથી પેટમાં ગોળો બંધાઈ જાય, તેથી શાંતિ થયા પછી મેં પાણી પાયું."

જીવનમાં સમજણ અને ધર્મ હોય તો જીવન મધુર બની જાય છે.

પુરોહિત દીકરીને ત્યાં જાય છે. બ્રાહ્મણે પ્રેમથી રોટલા ખવડાવ્યા. પુરોહિતે તેની દીકરીની માગણી કરી, બ્રાહ્મણે તેને અર્પણ કરી અને બન્નેનાં લગ્ન થઈ ગયાં.

બ્રાહ્મણની દીકરીને વૈભવ મળ્યો, પરંતુ તે જરાય છલકાતી નથી. આપણો અનુભવ છે કે સૂર્ય કરતાં તેનાથી ગરમ થયેલ રેતી વધારે દઝાડે છે.

એક દિવસ તેના પિતા સારાં કપડાં પહેરીને દીકરીને મળવા ગયો. પરંતુ નણંદ બાપ દીકરીને મળવા દેતી નથી. તેથી અંદર બેઠા બેઠા દીકરીએ બાપને હિંમતથી પ્રશ્નો પૂછ્યા. પહેલાં પૂછ્યું : “હાથી દાંત કાઢે, બાબા?” ન હોય છતાં સારાં કપડાંનો દેખાવ થાય?

બાપ : હા, બેટા, દાંત કાઢે. (હાથીને દાંત બહાર હોય છે.)

દીકરી : ડેલીએ વાજાં વાગે, બાબા?
(છાપરા પર રહેલ પાંદડાંનો અવાજ આવતો હતો.)

બાપ : હા બેટા, વાજાં વાગે.

દીકરી : ચકલાં દાણાં ચગે, બાબા?
(ખેતરમાંથી વીણી વીણીને ભાઈ દાણા લાવે છે. દુઃખમાંથી સુખ શોધવાનું છે.)

બાપ : હા બેટા, ચકલાં દાણાં ચગે.

દીકરી : હીરો દીવો કરે, બાબા ?

(ભાઈ દીવા જેવું અજવાળું કરે છે ?)

બાપ : હીરો દીવો કરે.

આ સાંભળી નણંદ તથા સાસુને થયું કે વહુના પિયરે હાથી છે, ડેલીએ વાજાં વાગે છે. કોઠારમાં ઘણું ધાન્ય છે. હીરા છે. ખૂબ જ વૈભવ છે. તેથી તેમણે વેવાઈનું સારૂં સ્વાગત કર્યું. સુંદર રસોઈ જમાડી. જતી વખતે ગાડું ભરી મીઠાઈ આપી. પછી પુરોહિતને થયું કે મારી વહુ સમજણ ભરેલી છે.

દીકરી પાસે જ્ઞાન હતું. જ્ઞાનથી પ્રાપ્ત થયેલ સાન-સમજણથી વિપત્તિને વૈભવમાં ફેરવી બતાવી.

દુઃખમય સંસારમાં ખેદ ન કરતાં સમતાપૂર્વક ઔદાસિન્યભાવે રહેવાનું છે. દુઃખમાંથી સુખ શોધવાનું છે. જ્ઞાનિઓ કહે છે કે વિપત્તિ આવે તો વલખાં મારવાનાં નથી–હારી જવાનું નથી. જે દુઃખ સુખ આવે છે તે આપણાં પૂર્વના કર્મ અનુસાર આવે છે. દુઃખનું સ્વાગત કરવું. દુઃખ આવતાં કસોટી થાય ત્યારે સમતા અને સહિષ્ણુતા હોય તો જીવન સુવર્ણમય બને છે. દીકરીએ ગરીબી પચાવી હતી, જ્ઞાનથી દુઃખને જીરવ્યું હતું, દુઃખ જોયું હતું તેથી તેનામાં સમજણ શક્તિ એવી ઉદ્‌ભવી કે પ્રતિકૂળતાને અનુકૂળતામાં પરિવર્તિત કરી દીધી.

તો જ્ઞાન ને સમજણ હશે તો આત્માને પ્રગતિ કરવામાં સરળતા ને સુગમતા રહેશે.

✖ | કાર્તિકી પૂર્ણિમા

આજનો દિવસ ત્રણ મંગળ વાતો લઈને આવે છે, આજે ભક્તો પ્રભુને ભેટીને પોતાનું જીવન શુદ્ધ બનાવે છે, પવિત્ર અને મંગળ બનાવે છે. જેમ કપડાં ધોવા માટે સાબુ, વાસણ શુદ્ધ કરવા આંબલી, તેમ હૃદયને ધોનાર પ્રભુની વાણી છે. હૃદય ત્રણ તત્ત્વોથી શુદ્ધ બને છે: ત્યાગ, જ્ઞાન અને ભક્તિ.

આજે પૂર્ણિમાના દિવસે અનેક ભક્તગણ પ્રભુને ભેટવા ઉલ્લાસપૂર્વક શત્રુંજય ગિરિ ચડતા હશે. સવારના ચાર વાગે તો તળેટી પર જે ઉલ્લાસ ઉત્સાહ, ઉમંગ નજરે પડે છે. તે જોઈને આબાલ વૃદ્ધની ભક્તિ ભાવના જોઈને કોઈ પણ સહૃદયી ગદ્ગદિત થઈ જાય છે. આ છે આજનું એક પરમ મંગળ તત્ત્વ : ગિરિરાજની સ્પર્શના. સિદ્ધાચળની યાત્રા એટલે સિદ્ધશીલાની યાત્રા, જ્યાં અનંતાનંત પુણ્યાત્માઓ પરમ પદ પામ્યા છે, જ્યાંના પુદ્ગલો પવિત્ર, મંગળ, શુદ્ધ છે, તે કોઈ પણ આત્માને ઊર્ધ્વગામી બનાવે છે.

બીજું મંગળમય તત્ત્વ છે : ગુરુભગવંતોનો વિહાર. સાધુઓ ગંગાપ્રવાહ જેવા છે. સાધુઓ મુક્ત વિહારી છે. પાણી એક ખાબોચિયું બની જાય તો તે ગંધાઈ ઉઠે છે. સાધુઓ સરિતા જેવા છે. તેઓ સરિતાની માફક પોતાના કાંઠાને–પક્ષને પલ્લવિત કરે છે. સાધુસંતોનો સમાગમ આત્મ-

હિતકારી છે. સાધુની શ્રેયઃસાધક વાણીથી જીવનને સમૃદ્ધ બનાવવાનું છે. ધર્મથી જીવન અડોલ બને છે. સાધુ જાતને સુખ આપે છે જગતનાં દુઃખો લઈને, પોતે તે સહીને અન્યને આનંદ આપે છે. જ્ઞાનગંગોત્રી વહાવનાર પંચ મહાવ્રતધારી સાધુ છે. આત્મા જ્યોતિર્ધર છે, સિંહ સમાન બળવાન છે, મુક્ત છે, અભય છે, અજર છે, અમર છે. એવું સચોટ જ્ઞાન કરાવનાર સદ્ગુરુઓ છે.

સંકુચિતતામાંથી વિકાસ તરફ જવાનું સમજાવનાર ગુરુ છે. આત્માને પરમ પદે લઈ જવાનો છે. દેહ તો કાચનું ખોખું છે. ચેતન વગર દેહ નિરર્થક છે. આંખ હીરો પારખી શકે છે, મડદું હીરો પારખી શકનાર નથી. અંદર જે બેઠેલ છે, તે કિંમતી છે.

આજની ત્રણ મંગળ વાતોમાં પહેલી વાત સિદ્ધગિરિની યાત્રા, બીજી વાત સાધુસંતોનો વિહાર અને ત્રીજી વાત ભારતના જ્યોતિર્ધર શ્રી હેમચંદ્રાચાર્યની જન્મદિનની છે.

પૂ. શ્રી હેમચન્દ્રાચાર્યજીએ પોતાના જીવનમાં દરેક બાબતનું સાહિત્ય રચ્યું છે. પ્રાકૃત અને સંસ્કૃતના પ્રખર તેઓ સમર્થ વિદ્વાન હતા, અતિ વિશાળ સાહિત્યના મૌલિક રચયિતા હતા. સરસ્વતીદેવીનો સાક્ષાત્ વાસ તેમના મુખે હતો. એ સરસ્વતીપુત્રે ગુજરાતનું જ નહિ, પણ સમગ્ર ભારતનું નામ જગતના સાહિત્યમાં રોશન કર્યું છે. 'સિદ્ધ હેમ વ્યાકરણ' ઉત્તમ અજોડ ગ્રંથ છે. તે વ્યાકરણ

અતિમાંગલિક મનાય છે. પૂર્ણિમાના દિવસે જન્મ પામી જીવનમાં, સાહિત્યમાં, ધર્મમાં આચારમાં પૂર્ણતા પ્રાપ્ત કરી. ગુજરાતમાં અહિંસાને સતત ને ઉન્નતી રાખનાર હેમચંદ્રાચાર્ય જ હતા. સિદ્ધરાજ જયસિંહ ને કુમારપાળના જીવનને યશસ્વી ઓપ આપનાર તેઓ હતા.

તેમનો જન્મ સં ૧૧૪૫માં, દીક્ષા સં ૧૧૫૦માં સૂરિપદ સં ૧૧૬૬માં ને સ્વર્ગવાસ સં ૧૨૨૯માં થયો. તેમનું જન્મનામ ચંગદેવ હતું, દીક્ષા સમયે સોમચંદ્ર અને સૂરિ થતાં હેમચંદ્ર પડ્યું. કુમારપાળ જેવા શિષ્ય થવાથી હેમચંદ્ર તે ખરા હેમચંદ્ર જ બન્યા. હેમચંદ્ર 'કલિ કાલ સર્વજ્ઞ' થયા અને કુમારપાળ 'પરમ આર્હત' થયા, હેમચંદ્રાચાર્યના ઉપદેશથી સદાચારપ્રચાર, દુરાચાર-ત્યાગ, જિનમંદિર રચના, પૂજા વિસ્તાર, જીર્ણોદ્ધાર, અમારિ ઘોષણ, તીર્થયાત્રા ધામધૂમપૂર્વક કુમારપાળે કર્યાં-કરાવ્યાં.

કુમારપાળે ૨૧ જ્ઞાનકોશ (પુસ્તકના ભંડાર) કરાવ્યાં. છત્રીસ હજાર શ્લોકોનું ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર હેમચંદ્રાચાર્ય પાસે રચાવી, સોના રૂપાથી લખાવી સાંભળ્યું.

શ્રી હેમચંદ્રાચાર્યે રચેલ પ્રધાન ગ્રંથો છે—અભિધાન ચિંતામણિ આદિ કોશ, કાવ્યાનુશાસન, છંદોનુશાસન, દેશી નામમાળા, દ્વાશ્રય કાવ્ય (સંસ્કૃત તથા પ્રાકૃત) પરિશિષ્ટ પર્વ, શબ્દાનુશાસન આદિ.

૮૪ વર્ષની ઉંમરે અનશન સાથે સમાધિપૂર્વક હેમચંદ્રાચાર્યે દેહત્યાગ કર્યો. આવો મંગળ દિન આજનો છે.

✕ | ચતુરંગ અધ્યયન

ચતુરંગ અધ્યયનમાં ચાર વાતો આવે છે : મનુષ્યજન્મ, શાસ્ત્રશ્રવણ, શ્રદ્ધા અને ચારિત્ર.

જ્ઞાની કહે છે કે સંસારમાં અપેક્ષાએ ધનનું સ્થાન છે, તે પણ મનુષ્યભવને લીધે જ છે. પૈસાને સમજનારની કિંમત વધારે છે. જગતમાં મોંઘામાં મોંઘો મનુષ્યજન્મ છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીમાં અનન્તોકાળ અર્થાત્ અનંતા કોડો વર્ષો વીતાવ્યાં, ઘણાં ઘણાં દુઃખો સહન કર્યાં પછી મનુષ્યભવ મળે છે.

આપણને તડકો નથી ગમતો. પણ ઠંડક ને ગળપણ ગમે છે, તેમ કીડીને પણ તડકો નથી ગમતો. કીડીને પણ મિત્રો વહાલા છે. ગળપણ હોય ત્યા હજારો કીડીઓ ભેગી થાય છે, આપણને મીઠાઈની કિંમત છે, પણ કીડીઓ મરી જાય તેની કિંમત નથી.

માણસની ઘ્રાણેન્દ્રિય કરતાં કીડીની ઘ્રાણેન્દ્રિય વધારે સતેજ હોય છે. સુખ શોધવામાં કીડી ખૂબજ જબરી છે. માણસ કરતાં વધારે દોડા દોડ કીડી કરે છે.

મનુષ્યમાં જેવો આત્મા છે, તેવો જ આત્મા કીડીઓમા છે. તો પછી બન્ને વચ્ચે ફરક શો ? કીડી કરતાં માણસ

અનંતી પુણ્યાઈ ભેગી કરે, પુન્યના ઘણા પુંજ ભેગા કરે, ત્યારે મનુષ્યજન્મ મળે છે.

ચિન્તામણિરત્ન જેવા અમૂલ્ય મનુષ્યજીવનને ખોટાં કારખાના કે કેફદારીઓ પાછળ વેડફી દેવાનું નથી. જે સમય મળ્યો છે, તેનો આત્મા માટે સદુપયોગ કરવાનો છે.

મનુષ્ય અને પશુમાં મહદન્તર છે. મનુષ્ય ઉત્તમ છે. પશુને દુઃખ થતું હોય તો તે શબ્દોમાં વ્યક્ત કરી શકશે નહીં, જ્યારે તે મનુષ્ય કરી શકશે. સુખ દુઃખ વ્યક્ત કરવાની શક્તિ ફક્ત મનુષ્યને મળી છે.

શાસ્ત્રશ્રવણથી મનુષ્યભવને મધુર બનાવવાનો છે. તપ–ત્યાગથી આગળ વધવાનું છે. શ્રવણથી વિકાસ થઈ શકે છે. મનુષ્ય જીવનમાં કરુણા, સરળતા, મૃદુતા અને નિર્લોભ-પણું આવશ્યક છે. સુખનાં સાધનો મેળવવા પાછળ સદ્-ગુણોને ભૂલી જઈએ છીએ. પોતાના ભોગનાં સાધનોમાં ગાઢ આસક્ત કે સ્વાર્થી ન બનતાં, પ્રાણીમાત્રના હિતમાં સહુપયોગી અને સહાયક બનવાનું છે.

જે માણસે આગળ વધવાનું છે, તેણે નાળિયેર જેવા બનવાનું છે. ઉપરથી કઠોર પણ અંદરથી (હૃદયને) મૃદુ અને મધુર બનાવવાનું છે. તે માટે મહાપુરુષોના જીવનમાંથી માર્ગદર્શન ને જીવનદૃષ્ટિ મેળવવાની છે આથી માણસાઈ પ્રાપ્ત થાય છે. જેનામાં માનવતા છે, તે માનવ છે. માન-

વતા વિનાનો માનવી તે દાનવ છે. તેનામાં કરુણા, દયા, અનુકંપા નહિ હોય. તે પોતાના સ્વાર્થ ખાતર અનેકના જીવન રગદોળી નાખશે.

માનવના માટે શ્રદ્ધા–પ્રભુ વચનો ઉપર શ્રદ્ધાની જરૂર છે. લક્ષ્મી હોય, પણ અંતરાય કર્મનો ઉદય હોય તો તે દાનમાં વપરાતી નથી. આજે તો ગુરુ અને ધર્મ બન્ને પ્રતિ માણસો ઘણીવાર ચાલાકી વાપરે છે. જ્યાં કપટ નથી, જ્યાં સરળતા છે, ત્યાં સફળતા છે. વાંસળી સરળ છે, માટે જ સતત તે કૃષ્ણના હોઠ પર રહે છે.

દાનમાં લક્ષ્મીનો સદુપયોગ થવાથી નિર્લોભતા પ્રાપ્ત થાય છે. વિલંબ કર્યા વગર જે મળેલ છે. તેનો સદુપયોગ કરવો.

નીતિ નિયમ ચારિત્ર ઘડે છે. બાઈ એકલી હોય તોય ચોરો તેના ઘરેણાંને સ્પર્શતા નથી.

કોઈપણ સમય, ઘડી કે કાળ પ્રભુનાં વચનશ્રવણ માટે યોગ્ય છે. આપણે પશુયોનિમાં (તિર્યંચ) હોત તો પ્રભુની વાણી સાંભળવા ન મળત. માટે આ ભવમાં મળેલ ઇન્દ્રિયોની પટુતા, સદ્‌ગુરુની સુનિશ્રા તેમ જ પ્રભુવાણીશ્રવણના સુયોગને શ્રદ્ધાના પરમ માધ્યમથી પ્રભુ વચન પર સફળ બનાવો, અર્થાત્ અતિશુદ્ધ અખંડ ચારિત્ર જીવનનું ઘડતર કરો.

આ જીવનને ઉચ્ચતમ બનાવવાનું છે, ઊર્ધ્વગામી બનાવવાનું છે. તે માટે ચાર પુરુષાર્થ પરમ આવશ્યક છે.

સંસારમાં તિમિર હોય તો ચારનો ભય હોય છે. ૧ જંતુઓનો ઉપદ્રવ. ૨ ચોર. ૩ અનાચારી તત્ત્વ. ૪ પતનનો ભય. જ્યારે પ્રકાશ પથરાય છે, ત્યારે આ બધા ભય ટળી જાય છે.

આધ્યાત્મિક પ્રકાશ પથરાય છે, ત્યારે આ બધા ભય ટળી જાય છે.

આધ્યાત્મિક પ્રકાશ ન હોય તો અજ્ઞાનતિમિરમાં જીવ ઘેરાઈ જાય છે. ત્યારે મિથ્યાત્વના નિબીડ અંધકારમાં જ્યાં ત્યાં જીવ અટવાય છે: ક્રોધ, માન, માયા, લોભ, મોહ, માયા, મમતા વગેરે તેને ઘેરી વળે છે.

માણસો વિચાર કર્યા વિના જીવી રહ્યા છે. જ્યાં વિચાર નહીં ત્યાં વિકાસ નહીં. ભગવાન ઋષભદેવના જીવે કોઈક નજીવી ભૂલ કરેલ હશે તેના કારણે ભગવાનને ૧૩ મહિના અને ૧૦ દિવસ આહાર ન મળ્યો. આ તો કર્મનો હિસાબ છે. ભગવાન કહે છે : 'મારે તો ભોગવવું પડ્યું. પણ તમે કોઈપણ જીવોને મારશો નહીં, પીડશો નહીં.'

આ દેહ તો લીવ અને લાયસન્સવાળો ફ્લૅટ છે.

કુમારપાળને એકવાર વિચાર આવે છે કે પ્રજાને ઋણમુક્ત કરૂં ને બધાને શાસનરસિયા બનાવું તેથી તે દેવેન્દ્ર સૂરિજી મહારાજ સાહેબને વિનંતિ કરે છે કે આપની પાસે સુવર્ણસિદ્ધિ છે. મને આપો બધાને સોનું આપી સુખી કરૂં.

દેવેન્દ્રસૂરિ કહે છે કે સોનાથી દુઃખમાંથી મુક્ત થવાતું હોત તો તીર્થંકર ભગવાન ઉપદેશ ન આપત. સોનું જ વહેંચત. સંસારનાં દુઃખ સોનાથી દૂર થાય, પણ ભવનાં દુઃખ સોનાથી દૂર થતાં નથી. તે તિમિર દૂર કરવા માટે આધ્યાત્મિક જ્ઞાનની જરૂર છે.

સોનાથી સુખ મળે એ ભ્રમણા છે, જ્યાં સુધી કર્મથી મુક્ત ન થવાય ત્યાં સુધી જીવો દુઃખી છે. જગતમાં એવું નિર્મળ જીવન જીવો કે જેથી તનથી, મનથી કે આચરણથી કોઈ જીવને નુકશાન ન થાય.

સદાચાર એ સુવર્ણસિદ્ધિ છે. તનનો સદાચાર, મનનો સદાચાર અને ધનનો સદાચાર સુવર્ણસિદ્ધિ કરતાં વધુ મહત્તા ધરાવે છે.

તનનો સદાચાર એટલે અભક્ષ્ય આહારનો ત્યાગ, વ્યવહાર શુદ્ધિ અને પરોપકારીજીવન. મનનો સદાચાર એટલે પ્રભુમાં, વાંચનમાં, વ્યાખ્યાનમાં, ગુરુભક્તિમાં, શાસ્ત્ર અધ્યયનમાં અને સત્કાર્યમાં મનને જોડવું તેમજ આર્ત ધ્યાન ન થાય તેવી રીતે મનને કેળવવું તે. ધનનો સદાચાર એટલે સાતક્ષેત્રમાં અને પરોપકારનાં કાર્યનો સદ્‌વ્યય તે.

આવી રીતે અંતરમાં તેજ આવી જતાં માણસની વૃત્તિ સારી બને છે ને જીવ કર્મમુક્ત બની જાય છે. એકવાર આધ્યાત્મિક પ્રકાશનો સ્પર્શ થાય એટલે કર્મનિર્જરા થવાની ને અનેક ભવ ઓછા થઈ જવાના.

અંતરમાં રહેલ તિમિરને બહાર કાઢવા માટે જ્ઞાનીનો સંપર્ક, શાસ્ત્રનું વાચન અને શ્રવણ તથા નૈસર્ગિકતાની જરૂર છે. નિસર્ગમાં રહેલ પુષ્પને ખીલતું ને કરમાતું જોઈને જીવનમાં વૈરાગ્ય પ્રગટે છે. ચિત્રો, મૂર્તિ, આકૃતિ જોઈ માનસ પલટાઈ જાય છે, પાલીતાણામાં આદિનાથ દાદાની મૂર્તિ જોતાં અંતરમાં ઉલ્લાસના ફુવારા ફૂટે છે.

નબળું બનેલ મન વ્યાખ્યાનથી સબળું બને છે. કોઈ સારા નિર્ણયને વિલંબ થતો હોય તો પ્રભુની વાણી તેમાં સ્ફૂર્તિ પ્રેરે છે. જ્ઞાનની વાણી જ સંસારના ઝેરને દૂર કરે છે. સારા વાચનથી મન મઘમઘતું બને છે.

આ બધાથી સમ્યક્ત્વ પ્રગટે છે. તે એક પ્રકાશ છે. તેથી સંસાર છોડવા જેવો લાગે છે. મરણ–ધન–કે કોઈ પદાર્થનો હેતુ તે સમજી શકે છે. સમ્યક્ત્વનું દર્શન શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. ચારિત્ર વિના ચાલશે, પણ સમ્યક્ત્વ વિના નહિ ચાલે. આવા આધ્યાત્મિક જ્ઞાનની કિંમત છે.

સંસારમાં તિમિર ને તેજ છે. આપણો આત્મા અજ્ઞાનના કારણે તિમિરમાં અટવાઈ રહેલ હોય છે, તેને સમ્યક્ત્વ–આધ્યાત્મિક જ્ઞાનનો સ્પર્શ થશે તો ત્યાં પ્રકાશ પથરાઈ રહેશે.

૧૮ | મનની મહાનતા

સમ્યક્દ્રષ્ટિ આત્માની અભિરુચિ ઉત્તમ હોય છે. તે સંસારમાં હોવા છતાં મોક્ષની અભિરુચિ રાખે છે. સંસારમાં રહેવા છતાં તેનામાં સંસારનો રસ હોતો નથી, સંસારને તે કેદ માને છે, બંધન માને છે.

કોઈ માણસને કેદી તરીકે બંગલામાં રાખવામાં આવે તો તેમાં તેને જરા પણ આનંદ હોતો નથી, પણ તેનું મન તો તેના ઝૂંપડામાં જ હોય છે, ત્યાં જ તેને આનંદ આવે છે.

જ્યાં મન હોય ત્યાં જ તન હોવું જોઈએ. જે વસ્તુ પ્રાપ્ત કરવા મન થયું, ત્યારે તનને શ્રમ લાગતો નથી. ક્રિકેટના ખેલાડીઓ છ કલાક તડકામાં ઊભા ઊભા રહે છે, કારણ કે તેમનું મન રમવાના આનંદમાં છે. તેથી તનનો થાક લાગતો નથી.

આપણે તો બધો ભાર તનને આપીએ છીએ, મનને નહિ, તે આપણી મૂર્ખતા છે. જ્ઞાનીઓ મન તપાસવામાં કુશળ હોય છે, જ્યારે ડૉક્ટરો તન તપાસવામાં પ્રવીણ હોય છે.

આપણું શરીર નિર્બળ હોય, છતાં મન જો મજબૂત હોય તો મોટું કામ પાર પાડી શકીએ. શક્તિશાળી આત્મા સંસારમાં હોવા છતાં સુદર્શન શેઠ કર્મનિર્જરા કરી શકે છે.

આપણું જીવન સતત વિચારશીલ, ચિંતનશીલ તેમજ સંયમશીલ હોવું જોઈએ, અને જીવનનું ધ્યેય મોક્ષ હોવું જોઈએ. આપણે બગલાની સોબત કદી ન કરવી, નહિતર 'જેવો સંગ તેવો રંગ.' દૃઢપ્રહારી જેવા મહા પાપી આત્મજ્ઞાનની સોબતથી પ્રાતઃસ્મરણીય થઈ ગયા. ગુણ-સાગર ચોરીમાં બેઠા બેઠા સંયમના વિચાર કરે છે. અને તેમને પરણનાર આઠ કન્યાઓ વિરતિની સંમતિ આપે છે. આ છે સંયમનો સંગ ને સંયમનો રંગ.

તેથી ઘરના વડિલોએ ઉચ્ચ જીવન જીવવું જોઈએ, તેઓ જેવું જીવન જીવશે, તેવું જીવન તેમનો પરિવાર અનુસરશે.

નેમ ત્યાગી થયા તો રાજુલ ત્યાગી થયા.

રામ ઉત્તમ જીવન ગાળતા તો સીતાનું ચારિત્ર ઉત્તમ હતું સ્રીમાં લાગણીવશતાનું તત્ત્વ પડેલું છે. જે ક્ષેત્ર પ્રત્યે લાગણી થાય તે ક્ષેત્રમાં પોતાનું સર્વસ્વ આપી દે છે, જો તેનું મન વૈરાગ્યમાં કે ધર્મમાં વળે તો ધર્મમાં જ પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે છે. તેથી પુરુષની પ્રતિમા સ્રી છે. પુરુષ માર્ગદર્શક છે, સ્રી પ્રેરણાદાયી છે. પુરુષ પ્રગતિ છે, તો સ્રી પ્રવૃત્તિ છે.

જગતના મહાન્ કાર્યોના સર્જનમાં અખૂટ શ્રદ્ધા રહેલ છે. શ્રદ્ધાથી નિર્બળ શરીર પ્રબળ કાર્ય કરી શકે છે. મહાસતી સુલસાની ધર્મશ્રદ્ધા અખૂટ હતી. શરીર થાકતું નથી, મન થાકે છે. ઇચ્છાઓના મેરુપર્વતથી શરીર ત્રાસી જાય છે. શરીર પાસેથી કામ લેવાનું છે, તેથી તેને ટકાવવા માટે પોષવાનું છે, પણ તેના ગુલામ બનવાનું નથી, માલિક બનવાનું છે. કાયાને આજ્ઞાંકિત બનાવવાની છે. શરીર કામ નથી કરતું, પણ શ્રદ્ધા કામ કરે છે.

સ્ત્રી કદી સાતમી નરકે જતી નથી, પુરુષ સાતમી નરકે જાય છે, કારણ કે સ્ત્રીનું સાતમી નરકનું આયુષ્ય બાંધે એવું રૌદ્ર પરિણામી થતું નથી. પુરુષના અધ્યવસાય સાતમી નરકના આયુષ્ય બાંધવા જેવા અતિરૌદ્ર બની શકે છે. આપણું તન સંસારમાં હોય છતાં મન તો મોક્ષમાં હોવું જોઈએ, આથી તેની દરેક પ્રવૃત્તિ મોક્ષ મેળવવા માટેની હશે. તનની દરેક પ્રવૃત્તિનું ધ્યેય મનને તેના ધ્યેયને પહોંચવા સહાય કરવાનું છે.

જેણે મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું. એકવાર તનને સંયમિત બનાવી શકશો, તેને સમજાવી શકશો, તો તેની પાસેથી ધાર્યું કામ લઈ શકશો. પરંતુ જે મોક્ષમાર્ગના મૂળમાં છે, તે મનને પ્રેમથી, શ્રદ્ધાથી, જ્ઞાનથી, ચિંતનથી, મનનથી, ધ્યાનથી કેળવો તો તે મન મોક્ષપંથે અવશ્ય લઈ જશે. મોક્ષ અતિદુષ્કર છે પણ મન એ રીતે કેળવાય તો મોક્ષ હાથ વેંતમાં છે.

ભગવાને કહ્યું : હે આત્મા, તું સુખશય્યામાં સૂઈ જા. સુખશય્યામાં શાશ્વત સુખ શાંતિ છે. તેથી આત્માનો ઉત્કર્ષ થાય છે.

સુખશય્યા ચાર પ્રકારની છે :

૧ શ્રવણ શય્યા : પ્રભુની વાણી ગુરુમુખે સાંભળવી.

શ્રવણ તો ટોનિક સમાન છે. વાણી સાંભળ્યા પછી શાંતિ થાય છે. તેમજ આપણી વાણી ડંખ વગરની, કટાક્ષ વગરની હોવી જોઈએ. હિતકર, સત્ય યુક્ત અને અન્યને સાંભળવી ગમે તેવી પ્રિય વાણી હોવી જોઈએ. વ્યાખ્યાનમાં આવ્યા પછી આર્તધ્યાન થતું નથી. ખરાબ વિચાર આવ્યો હોય તો તે ચાલ્યો જાય છે. જળથી શરીરને સાફ કરીએ તેવી રીતે વાણીથી આત્માના અજ્ઞાનકચરાને સાફ કરવાનો છે. જેમ બગીચામાંથી સુવાસ અને તાજી હવા મેળવી શકાય છે, તેમ ગુરુની વાણીથી આત્માને શાંતિ મળે છે, વિચારોની સુવાસ મળે છે, અને તાજગી પ્રાપ્ત થાય છે. પ્રભુની વાણી મેઘ સમાન છે. જેવી તમારી પાત્રતા તેવું તમે મેળવશો.

૨. આત્મચિંતન શય્યા : પર ઉપાધિથી મુક્ત બન-વાનું છે.

સ્વની ચિંતા કરવાની છે. આત્મચિંતન જેવું સુખ ક્યાંય નથી. એક બાઈને ત્યાં બે જમાઈ આવ્યા. એક ગામડામાંથી આવ્યા. તેમને ગરમાગુ ખાવાની ઈચ્છા હતી. બીજા શહેરમાંથી આવેલ. પીરસવામાં બન્નેને બાસુદીના વાડકા મૂકવામાં આવ્યા. ગામડામાંથી આવેલ જમાઈ બાસુદી ખાતા નથી. પછી તેમને તે વિષે સમજાવવામાં આવ્યું ને થોડી બાસુદી ચખાડી પછી તો તે બહુ જ ભાવી.

ગરમાગા જેવું સંસારનું સુખ અને બાસુદી જેવું આત્માનું સુખ છે. સંસારના ભોગભોગવવામાં પડયા હોય તેને બાસુદી જેવું આત્માનું સુખ શું છે, તેની કલ્પના હોતી નથી. તેમને એકવાર તેનો આસ્વાદ થાય તો તે સુખ મેળવવા પુરુષાર્થ સારી રીતે કરશે. આત્મચિંતન એ અનન્ત આનંદનું પ્રથમ સોપાન છે. આત્મા ચિંતવે કે હું કોણ છું! ક્યાંથી આવ્યો છું? મારું ધ્યેય શું છે? તે પરિપૂર્ણ કરવા માટે ક્યા ઉપાયો આવશ્યક છે? આવી આત્મચિંતનની શય્યા સુખદ ને શ્રેયસાધક છે. આ શય્યામાં આત્મા સૂતો હોય તો તેને શાશ્વત્ સુખ પ્રાપ્ત થાય છે.

૩. પારકી પંચાત મૂકી દેવાની શય્યા :

બાજુમાં બેઠેલી વ્યક્તિ [illegible] કાન માંડીને બહારનું સાંભળીએ છીએ. પારકી પંચાત કરવામાં રસ આવે છે. આ રસ મીઠો લાગે છે, પરંતુ પરિણામ ભયંકર છે. પારકી પંચાત છોડીને પોતાની પંચાત કરવી હિતકર છે. નહિ જે તે સાંભળવાને બદલે જ્યાં ત્યાં બહાર ન ભટકતાં અંતર્મુખ બનો. નરસિંહ મહેતાએ કહ્યું છે કે, "મહીં પડયા તે મહાસુખ માણે બહાર ઊભા પસ્તાય."

શક્તિનો સંચય શાંતિમાં છે, તોફાનમાં નથી. ફૂટબોલને ઊછળવું પડે છે. બોલનારને મૌન પાળવું પડે છે. જ્યાં ત્યાં જે તે બોલવું નહીં, પૂછ્યા વગર જવાબ આપવો નહીં. જે સમય મળે તેમાં પ્રભુનું સ્મરણ કરવું, આત્માનું ચિંતન કરવું. પોતાની વૃત્તિ પ્રવૃત્તિ શુભ થાય તેની તકેદારી રાખવી. બહારની ગંદકી ઘરમાં આવવા દેવી નહીં. નકામી વાતોને છોડી દેવાની છે, અને આવા સમયે મનને વાળી લેવાનું છે.

૪, શ્રવણનું પુનઃ પુનઃ ચિંતન.

પશુ ખાધા પછી, તેને વાગોળે છે અને પછી ગળે ઉતારે છે. આથી તેનું સારૂં પાચન થાય છે. તેમ આપણે પ્રભુની વાણી સાંભળી હોય તેનું વારંવાર ચિંતન કરવું તેથી તેમાંથી નવો પ્રકાશ મળશે. મેંદીને વારંવાર ઘુંટવાથી વધુ રંગ પ્રાપ્ત થાય છે. પીંપરને વધુને વધુ ઘુંટવાથી–પટ

આપવાથી તેની શક્તિ ને હિંમત વધે છે, પ્રભુવાણીના વાક્યો વારંવાર વિચાર્યા કરીએ તો જીવન ધન્ય બની જાય, અજ્ઞાનના મોતિયા ઉતારનાર પ્રભુવાણી છે.

આપણે વિચારવાનું કે આત્મજ્ઞાનની બાબતમાં હું જડ હતો ત્યારે પ્રભુએ આત્માનો વિચાર આપ્યો. તેથી આત્માને ઊર્ધ્વગામી બનાવવા પ્રયત્ન કર્યો. પરિગ્રહ ઓછો થાય તો આત્મા ઊંચે જઈ શકે છે. વિજ્ઞાનનો નિયમ છે કે જેમ જેમ દબાણ ઓછું થાય તેમ તેમ વસ્તુ ઊંચે જઈ શકે છે. તો વિષયકષાય–રાગદ્વેષ–પરિગ્રહનો ભાર ઓછો થાય તો આત્મા ઊંચે જઈ શકે છે. આ ચાર પ્રકારની સુખ શય્યા આત્મકલ્યાણર્થે છે.



✕ | ચાર પુરુષાર્થ

ચાર પુરુષાર્થ છે: ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. તેમાં પ્રથમ ધર્મ છે, છેલ્લો મોક્ષ છે. મધ્યમાં રહેલ જે અર્થ અને કામ ધર્મમય હોય તો તે મોક્ષમય બની શકે છે. આજે અર્થ અને કામના બે કિનારા દેખાતા નથી. અર્થના પ્રવાહનું પ્રાબલ્ય એટલું છે કે પોતાની બાજુના ધર્મ-કિનારાને ડૂબાડી દીધો છે અને ધર્મને પગ તળે દબાવી-કચડી ચોતરફ પોતાનો હાહાકાર ફેલાવી દીધો છે. બીજી બાજુ કામે મોક્ષને દબાવેલ છે, "જુઓ, મારા પગ નીચે મોક્ષ છે, માટે હું સર્વસ્વ છું" એમ દર્શાવી માનવને કામમય બનાવી મૂક્યો છે. તેથી તે માનવ આત્માએ લાખો જીવયોનિમાં જે ભોગવ્યું, તે તરફ તે દોડી ગયો. ધનની આંધીમાં શાંતિ શોધવા પ્રયત્ન કર્યો અને ધનનો ઉપયોગ કામની તૃપ્તિમાં કર્યો. તેથી જે આજ સુધી પ્રાપ્ત થયું ન હતું, તે મેળવવા માટે આ માનવભવ મળેલ છે, તે ભૂલીને પરંપરાગત ટેવને અનુસરી અર્થ અને કામની જાળમાં ગૂંચવાઈ ગયો.

ધર્મનું સ્થાન જુદું છે, અને અર્થ ને કામનું સ્થાન જુદું છે. જગતમાં સૌથી પહેલો ધર્મ છે. ધર્મ વગર અર્થ

અને કામ નકામા છે. અર્થ અને કામમાં ધર્મનું પ્રાધાન્ય—પણું હશે, તો તે માનવને વિકાસપથે દોરી જશે, પરંતુ તેની ન્યૂનતા અથવા અભાવ હશે તો તે માનવને વિનાશ-પથે દોરી જશે.

અર્થ પુણ્યથી મળે છે. અર્થ—ધનનો ઉપયોગ દાન માટે કરવાનો છે. એક દાન દુનિયાની વાહ, વાહ મેળવવા માટે અપાય છે, એક દાન આત્માના શ્રેય માટે કરાય છે. પહેલું દાન સ્થૂળ ને પ્રત્યક્ષ છે, બીજું દાન સૂક્ષ્મ ને પરોક્ષ છે. અંતરમાંથી દાનની રુચિ ઊડી ગઈ છે. રુચિ હોય તો જમવાનું મીઠું લાગે છે. રુચિ વિનાનું ભોજન નીરસ લાગે છે. દાનની રુચિ નથી, કારણકે ધન ધર્મમાર્ગે નથી આવેલ. જેના હૃદયમાં ધર્મ છે, ધર્મની ભાવના જાગી છે, તેને ચોતરફ દયા, કરુણા સહાનુભૂતિ વાત્સલ્યભાવ વહાવાનું મન થશે. ધર્મથી મળેલ ધર્મ માટે ખર્ચો

પોતાના કાવ્ય માટે મળેલ પુરસ્કાર તરીકે રૂા. ૧૨૦ લઈ કવિ નિરાલા જઈ રહ્યા હતા. કવિ મધ્યમવર્ગના હતા. રસ્તામાં એક ભિખારણ જોઈ. સાૈ એક એક પૈસો આપી તેને ચીડવતા હતા. કવિએ આ દશ્ય જોયું—તેને પોતાની બેન ગણી, તેનું દર્દ પૂછ્યું ને સારી મદદ કરી.

આજે લોકો મરેલાને ઘણું આપે છે, જીવતાને કોઈ કાંઈ આપતું નથી લોકોને મરવું ગમે છે, મારવું ગમતું

નથી. તો ગરીબ ભિખારણની સ્થિતિ જોઈને નહિ. પરંતુ કરુણાથી દાન કર્યું.

ભિખારણની સ્થિતિ જાણી પછી નિરાલાએ કહ્યું : "હું તને વીસ રૂપિયા આપું તો તું કેટલા દિવસ પસાર કરીશ?" ભિખારણ : "મારો પતિ માંદો છે, તેથી વીસ રૂપિયા એક મહિનો જ ચાલે છે, માટે પેટ ખાતર જ ભીખ માગતી હતી." તો નિરાલાએ બાકીના સો રૂપિયા પણ તે ભિખારણને આપી દીધા. તે રકમમાંથી એક રેંટિયો ને રૂ અપાવ્યાં ને તેથી ભિખારણનું દુઃખ ચાલ્યું ગયું. પછી તે ભિખારણનું દશ્ય વાળી કાવ્ય બનાવ્યું. તો તેના ૨૫૦ રૂપિયા કવિને પુરસ્કાર તરીકે મળ્યા.

એક ભાઈએ ગુરુની ભક્તિ અર્થે "રસ" વહોરાવવાનો લાભ લેવાનું નક્કી કર્યું. સવારના ઘણા સાધુઓ વહોરવા આવ્યા. ત્યારે પેલા ભાઈ બોલ્યાઃ "ભિખારીની માફક સાધુઓ વહોરવા તૂટી પડયા છે."

નિરાલાના હૈયામાં દાનની રુચિ જન્મી હતી. આ ભાઈના હૃદયમાં દાનની રુચિનો આવેશ આવી ગયો હતો.

સાચું દાન તો તે છે કે જેમાં દેનાર ને લેનારનું નામ કોઈએ જાણવું ન જોઈએ.

જેને ધન પરની મૂર્છા નથી છૂટતી તેવા આત્માઓ આકડાની નીચે બોરીંગ તરીકે એકેન્દ્રિયનો અવતાર પામે

✖ | કામ અને અર્થ

ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ વીર જણાવે છે કે જીવ કર્મ બાંધતી વખતે આગળ પાછળનો વિચાર કરતો નથી, પરિગ્રહ જીવનભર ભેગો કર્યા જ કરે છે, પુત્ર-પુત્રીઓ માટે અર્થનો સંચય કરે છે, પૈસા પેદા કરવામાં ગમે તેવું પાપ કરવામાં માણસ પાછું વાળી જોતો નથી.

સામાયિક કરતી વખતે આપણને પાપનો ડર લાગે છે. દોષ લાગ્યો હોય તેનું પ્રાયશ્ચિત્ત કરીએ છીએ, પણ સામાયિક પારીને ઘરે જઈએ ત્યારે એના એ.

કામ ખરાબ છે, તેના કરતાં વધારે ખરાબ અર્થ છે. ઘડપણમાં અર્થનો લોભ વધારે મજબૂત બને છે અને તે માટે ન કરવાનું કામ કરી બેસે છે.

શરીર ઢીલું થઈ જાય, માથે ધોળાં આવે, દાંત પડી જાય અને હાથમાં લાકડી લઈને ચાલવું પડે, ત્યારે પણ તૃષ્ણા જરા પણ ઓછી થતી નથી. અર્થની લાલસા જીવને અનંતા ભવથી લાગેલી છે. કુમારપાળે ગુપ્તાવસ્થામાં ઉંદરની સોનામહોરો લઈ લીધી. ઉંદર માથું ફોડીફોડીને મરણ પામ્યો. આવી તીવ્ર લાલસા અર્થ માટે તિર્યંચને છે. એક ભાઈના ૫૦૦ રૂપિયા કોઈએ ચોરી લીધા, તો તેના

આઘાતમાં ઘાસતેલ છાંટી પોતે બળી મર્યા. અર્થની લાલસા પોતાને અને બીજાને બધાને ભયંકર હાનિ કરે છે. કામની લાલસા પોતાને નીચોવી નાખે પણ અર્થની લાલસા અકલ્પ્ય નુકસાન કરી બેસે છે.

માટે ચાર પુરુષાર્થમાંના કામ અને અર્થ માટે જીવન ન વેડફી દેતાં ધર્મ માટે સતત પુરુષાર્થ કરવાનો છે. ધર્મથી આલોક ને પરલોક સુધરી જાય છે. ધર્મ આગળ અર્થ અને કામ દાસ બની રહે છે. ધર્મમયઅર્થ ઉન્નતિ સાધે છે. ધર્મમયકામ શારીરિક ને માનસિક શક્તિનો વિકાસ કરે છે.

જેમ દારૂના કેફમા માણસ બધુ ભૂલી જાય છે, તેમ અર્થનું છે. અર્થ તો વિયોગ અને વિનાશ બન્નેને નોતરે છે.

એક સાધુ રસ્તામા જતા હતા. ત્યા એક સોનાની પાટ જોઈ અને તે તો ત્યાંથી દોડી ગયા. બે માણસોએ તેમને દોડવાનું કારણ પૂછયુ. સાધુએ કહ્યુ : "મને રસ્તામાં માણસ-માર મળ્યો છે."

પેલા બન્ને તે માણસ-માર (સોનાની પાટ) ને જોતાં જ પોતાના ઘેર લઈ જવા વિચાર કર્યો.

જગતમાં અર્થનું પ્રાધાન્ય મોટામાં મોટુ છે. જે મનુષ્ય અર્થને છોડે છે, તે મહાન્ બની જાય છે. અને પ્રભુએ અર્થત્યાગીને મહાન્ કહ્યો છે.

પેલા બે મિત્રરમાન મિત્રો હતા. સાંજ પડે સોનાની પાટને ઘરે લઈ જવી. તેથી એક ત્યાં ધ્યાન રાખવા બેઠો. બીજો ખાવાનું લેવા ગામમાં ગયો. પાટ પર બેઠો બેઠો પેલો વિચાર કરે છે કે મારો મિત્ર આ પાટનો અરધો ભાગ પડાવશે. એટલે અહીં કૂવામાં ધક્કો મારવા જશે એટલે તેને ધક્કો મારીશ એટલે એ મરી જશે અને પાટ મને મળશે.

ખાવાનું લેવા જનારે વિચાર્યું કે આ ખીચડીમાં થોડું ઝેર ભેળવી દઉં. તો પેલો મરી જાય અને આખી પાટ મારી થાય.

બન્ને મિત્ર હતા. પણ સોનાની પાટે કેટલે પાટકે બેસાડ્યા. એકબીજાના વતન લેવા બન્ને વિચારે છે અને જેવું વિચાર્યું હતું, તેવું પરિણામ આવ્યું. સોનાની પાટ આગળ બન્ને હંમેશ માટે સૂતાંપાટ થઈ ગયા. તેથી સાધુએ કહ્યું હતું "આ માણસ–માર છે." તે સત્ય ઠર્યું.

આ કાયા–કંપનીના સગાંવહાલાં બધા શેરહોલ્ડરો છે. અને કાયાથી પૈસા પેદા કર્યા તેનો બધા શેરહોલ્ડરો લાભ ઉઠાવે છે; અને બધી સજા આત્મારામને ભોગવવી પડે છે.

ધનની મમતા જીવોને સૌથી ખરાબ છે, તેથી ધન મેળવવામાં તે મનુષ્યભવને વેડફી નાખે છે. ગરીબને પૈસા

વગર આંધી આવતી નથી, ગરીબીમાં જ ધર્મ ઉદયમાં આવે છે. ધનથી વિવેકનો દીપક બૂઝાઈ જાય છે. ધન ને કામ સંસારના માર્ગમાં આત્માને અટવી મૂકે છે. ધર્મ આત્માને મોક્ષ પ્રતિ પ્રયાણ કરાવે છે. સંસારનો માર્ગ પ્રેયમાર્ગ છે. મોક્ષ માર્ગ શ્રેયમાર્ગ છે. પ્રેયમાર્ગે જવાથી ભવભ્રમણ અનંતગણું બને છે. શ્રેયમાર્ગે જવાથી ભવભ્રમણનો અંત આવી જાય છે. તો ચાર પુરુષાર્થમાંથી ધર્મનો સહારો લઈ ધન અને કામનો સદુપયોગ કરી મોક્ષ પ્રાપ્તિ કરવી.

ધર્મ અને મોક્ષના બાહ્ય કિનારા વચ્ચે ધસમસતા વહેતા અર્થ અને કામના પ્રવાહને નાથવા મુશ્કેલ છે એવું તો નથી જ. પરંતુ અર્થકામ પોતાનો જાદુ બતાવે ને ગમે તેવાના ભૂક્કા બોલાવી દે. તેમને જિતવા એટલે તેમના પ્રત્યેની આંતરિક અરુચિ થવી તે. તેમનું અસ્તિત્વ હોવા છતાં તેઓ હાથ જોડેલ સેવક જેવા હોય. ધનની મૂર્છા ઉતારવી મુશ્કેલ હોવા છતાં ગુરુજનોના બોધદાયક ઉપદેશથી, સાત્ત્વિક શુદ્ધ વાણીથી ધનનો સદુપયોગ સુયોગમાં (સુપાત્ર-દાનમાં) થાય. પરંતુ કામ ઉપર આંતરિક અરુચિ થવી અતિ દુષ્કર છે. વર્ષો સુધી શાંત રહેલ, નિર્મૂળસમ થયેલ કામ ક્યારે વિરાટ સ્વરૂપ લે તેની ખબર કોને છે? એકાંત અગોચર અંધકારમય ગુફામાં ઉગ્ર તપશ્ચર્યા કરી રહેલ રહનેમિએ સાધનાપથે અદ્ભુત પ્રગતિ સાધી હતી પરંતુ

નહિતર [illegible] નિર્દેશ કર્યો,
તેમનામાં કામ કેમ [illegible] ? પરંતુ મહા-
પુરુષો [illegible] નિર્વિકાર [illegible]
આગળ [illegible] સમાધિ [illegible] માટે [illegible] પ્રશાન્ત બન્યો.

ધર્મ અને કામ મર્યાદિત હોય તો આપણો આત્મા ઊર્ધ્વગમન કરતો જાય છે. મનને વિરાગી બનાવવાનું છે. ભરત મહારાજ ચક્રવર્તી હોવા છતાં મન તો વિરાગી જ હતું.

કામે વિશ્વામિત્રને ઉગ્ર તપસ્વીને ખીણમાં ફેંક્યા. સૂત અને ઉપસૂત મહા તપસ્વી મિત્રોને 'મોહિની'એ નામશેષ કરી નાખ્યા. આ બન્ને મિત્રોએ તપશ્ચર્યા કરી પ્રચંડ મહાશક્તિ પ્રાપ્ત કરી. એ એટલે બાવીસ જેવા. એકવાર બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને પગે લગાડવાની તેને ઇચ્છા થઈ. તો તે ત્રણે મળી એક 'મોહિની'ની સૌંદર્યખચિત પ્રતિમા બનાવી. મોહિની ગઈ ઉપસૂત પાસે. સંયમી બની ગયા સૌંદર્યપ્રેમી. મોહિનીએ કહ્યું : "કાં તો મને છોડો કાં તો સૂતને છોડો." આવું જ મોહિનીએ સૂત પાસે નાટક ભજવ્યું. પછી કહ્યું : "બંને યુદ્ધ કરો. જે વિજેતા બને તે મને અપનાવે." ને બે માંથી એક મૃત્યુ પામ્યો અને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ પરાજયમાંથી બચી ગયા. આ છે સજ્જડ સપાટો કામનો.

ધર્મના અભાવે આજે આપણે માનવીને સાધનોથી માપીએ છીએ. મશીન યુગમાં જેટલાં મોંઘાં મશીનો છે,

તેટલો સોંઘો માનવ છે. માણસને માન–સન્માન તેના પાસે રહેલ સાધનો પર અવલંબે છે. ધ્યાન, સંયમ, ત્યાગ અને જ્ઞાનથી માનવી આજે મપાતો નથી, સાધનો માણસ ઉપર ચઢી બેઠાં છે. માનસિક દૃષ્ટિએ તે સાધનોનો અનુચર બની ગયો છે. રોજ વ્યાખ્યાને જતાં હોઈએ, પણ એક દિવસ મોટર બગડી ગઈ, તો વ્યાખ્યાને જતાં નથી.

આજે ગાય કરતાં દૂધની કિંમત વધારે છે. અન્ય રીતે દૂધ મળી જતું હોય તો ગાયની જરૂર નથી. ઘરડા માનવીઓ કમાઈ શકતા નથી, તો તેઓ નકામા છે. પૈસાની કિંમત છે, પણ માણસની કિંમત નથી; તેથી જ યુરોપમાં ઘરડાઘર (old men's house) ઠેર ઠેર ઊભા થવા લાગ્યાં છે. ભારતમાં પહેલાં દયાસભર હૈયાવાળા પુણ્યવન્તો અપંગ પશુ–પક્ષીઓ માટે પાંજરાપોળો પણ ચલાવતા હતા અને આજે પણ ચલાવે છે. આધુનિક કામમાં વિષમતા ને વિકૃતિ વધતાં ચાલ્યાં એટલે અનાથાશ્રમો ઊભા થયા. તેનો અતિરેક થતાં "બાપનું ઘર" દુઃખી, ત્યક્તા, સધવા, વિધવા, કુમારિકા માટે ચાલુ થયાં અને છેવટે સમાજની શરમ છોડીને બેશરમ થતા ઘરડાઘર અમદાવાદ કે અન્ય સ્થળે ઊભાં થઈ રહ્યાં છે!

આનું કારણ એ જ કે કામ–વિલાસનો અતિરેક તથા ધનનો અઘટિત સ્થાને બગાડો. આ બન્નેની પકડ

જો ધર્મનું દર્શક આવી જાય તો ભૂંસાતી જતી ભારતની ભવ્ય સંસ્કૃતિ મરી નથી ગઈ તેનું સુખદ આશ્વાસન લઈ શકીએ.

પ્રકૃતિનો નિયમ છે કે તે દરેક વસ્તુનો ઘસારો લાવી દે છે. લોખંડ કાટ ખાતું થઈ જાય છે, ફેક્ટરીઓ ૨૫ વર્ષે જૂની થઈ જાય છે, તો માનવી જૂનો કેમ ન થાય? માનવી માનવીનું મૂલ્ય બદલી રહ્યો છે. માનવી સાધનોનું મૂલ્ય વધારી રહ્યો છે, તેથી માનવતાની કિંમત ઓછી થઈ છે; દાનવતાની કિંમત વધી છે. માનવે વસ્તુઓ પર સ્વામીત્વ મેળવવાનું છે, સાધનનો દાસ નહિ, પણ સાધનને દાસ બનાવવા જોઈએ. માણસે વસ્તુની આસપાસ ફરવાનું નહિ, પરંતુ સેંટરમાં રહીને વસ્તુને પોતાની આસપાસ ફેરવવાની છે. અમીબામાંથી માણસ નથી બન્યો, પરંતુ અમીબાને માણસ બનાવવા માટે માણસ બન્યો છે. આ બધું ફક્ત ધર્મરૂપી ચક્ષુથી દેખાશે. તે ધર્મજ્ઞાન સમતુલા જાળવશે.

●

૪૪ | સ્વાસ્થ્યનો મર્મ

આજે ફેશનની દષ્ટિએ કહેવાતા સ્વાસ્થ્ય માટે માંસાહાર શરૂ થયો છે. પણ આ ભણેલા ભીંત ભૂલે છે. શાકાહારી હાથી માંસાહારી સિંહને ચગદી શકે છે. શાકાહારી લાંબું આયુષ્ય ભોગવી શકે છે, માંસાહારી ટૂંકું ને નીરસ જીવન ભોગવે છે.

જીવનના સિદ્ધાન્તથી સો વર્ષ જીવી શકાય છે, નહિં કે માંસાહારી ખોરાક, દવા, પ્રોટીનો, વિટામિનો કે ઇંજેક્શનોથી.

ભારતની ભૂમિમાં અકાળે મૃત્યુ તે અશુભ ચિહ્ન મનાતું. તે ભૂમિમાં સુંદર સંસ્કૃતિ છે. તે સંસ્કૃતિ લાંબા આયુષ્યના કારણરૂપ હતી અને છે.

શરીરનો ઉપયોગ ઇંદ્રિયોના દુરુપયોગ માટે કરવાનો નથી. તેની ભૂખ વિષયરૂપવાયોથી મટાડવાથી નથી. પંચ ઇંદ્રિયોને સુમાર્ગે વાળીને-કેળવીને સંસ્કૃતિને પોષક બનાવવાની છે. આંખમાં અમૃત ભરવાનું છે, કાનથી ભગવાનની વાણી સાંભળવાની છે, નાકથી સુંદર સૌરભ સુંઘવાની છે, જીભને મધુર બનાવવાની છે અને સ્પર્શ તો પ્રભુનો કરવાનો છે. આ ઇંદ્રિયોને નિર્મળ બનાવવાથી શુભ તત્ત્વોનો

તેમનું ચિત્ત તો પૈસામાં હોય છે; તેમ આપણે સંસારમાં બેઠા છીએ, પરંતુ મન તો પ્રભુભક્તિમાં હોવું જોઈએ. હૃદયની ભક્તિ મુક્તિ કરતાં પણ ચડી જાય છે. ભક્ત પોતાના હૃદયમાં ભગવાનને સમાવનારા છે. રામને નામે તો પથ્થર તરી ગયા. ભક્તિમય બનેલ હૃદય ઊર્ધ્વગામી બને છે.

આ માટે અંતરની અશાંતિ દૂર કરવાની છે. સારા વિચારથી આપણું મન પ્રસન્ન રહે અને શરીર સારું રહે છે. જેમ બને તેમ મનને શુભ ધ્યાનમાં રાખવાનું છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી જ મોક્ષ મળે છે.

જેમ કપડાંને રોજ ધોવાથી કપડાં સ્વચ્છ રહે છે, જેમ ઘરમાંથી રોજ કચરો કાઢવાથી ઘર સ્વચ્છ રહે છે, તેમ પ્રભુની વાણી રોજ સાંભળવાથી મન શુદ્ધ રહે છે ને ઉત્તમ વિચારો આવે છે.

આયુષ્ય અલ્પ છે. જેટલું મેળવી શકાય તેટલું મેળવી લેવું. આવતી કાલના વિશ્વાસે રહેવાનું નથી. જે માણસમાં શુદ્ધિ ને બુદ્ધિ ન હોય તે ગમે તેમ વર્તે છે. આપણે આપણો આત્મા સત્, ચિત્ ને આનંદમય બનાવવાનો છે, શુદ્ધ, સરળ ને સ્વચ્છ બનાવવાનો છે. આત્માનું સંશોધન કરવાનું છે.

અંતરમાં જેમ જેમ ઊંડા ઊતરશો, તેમ તેમ આત્માનું શુદ્ધ સ્વરૂપ નજરે પડશે. આત્મા પરમ આત્મા બની શકે તેમ છે. તેને માટે ઉપર બતાવેલ માર્ગે ચાલશો તો આત્મા પરમ બની શકશે.

આ જીવ ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે, ત્યારે મનુષ્ય-ભવ મળે છે. મનુષ્યભવમાં પ્રભુની વાણી ગુરુમુખે સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આ શ્રવણથી વીતરાગ પરમાત્મા પ્રત્યે અટલ શ્રદ્ધા જાગે છે અને જામે છે. તે શ્રદ્ધા માનવને મોક્ષ પ્રતિ દોરી જાય છે. પુણ્યશાળી આત્માને મહાપુરુષોની વાણી સાંભળવાનું ઘણું મન થાય છે. જેવી સોબત તેવી અસર. પાણીનું બિંદુ છે તો સામાન્ય, પરંતુ ગરમ લોખંડના તવા પર પડે તો છમ્ થઈને ઊડી જાય છે, તે જો કમળપત્ર પર પડે તો સુંદર મોતીનો આકાર લે છે. એક રાજા પોતાના નોકર ઉપર પ્રસન્ન થયો ને નોકરને માગવા કહ્યું. નોકરે કહ્યું : "જ્યારે હું દરબાર પાસે ઊભો હોઉં, અને આપ ત્યાં આવો ત્યારે મારા કાનમાં કહેજો કે "હું ભગવાનને પૂજતો રહું, ભગવાનને ભૂલી ન જઉં.""

રાજા આમ તેના કાનમાં કહે છે તેથી લોકોને લાગ્યું કે 'આ તો રાજાનો માનીતો છે.' એટલે લોકોમાં તે પૂજાવા લાગ્યો. પ્રભુ પરની શ્રદ્ધાનું આ અદ્ભુત ફળ છે.

આપણે પ્રભુ પાસે માગવાનું : "ભવે ભવે તુમ્હ ચલણાણં." હે પ્રભુ! ભવો ભવ તારા ચરણોની સેવા હોજો

સદ્ગુરુઓની અને નદીઓની [illegible] સેવા કરવાની છે. આમ જગતમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વો ઉત્તમ છે.

આ ત્રણ તત્ત્વો મોક્ષ આપે છે, તો સંસારમાં શું ન આપે? એકલવ્યે દ્રોણાચાર્યના ફક્ત માટીના પૂતળાને શ્રદ્ધાથી પૂજવાથી અર્જુન કરતાં પણ ઉત્તમ વિદ્યા તેને પ્રાપ્ત થઈ. જ્ઞાનીઓએ કહ્યું કે શ્રદ્ધા કોઈ કાળે નિષ્ફળ જતી નથી. શ્રદ્ધાથી ન ધારેલ હોય તેવાં કાર્ય પાર પડે છે. શ્રદ્ધા જેટલી ઊંડી તેટલું આત્મ-કલ્યાણ વધારે થાય છે.

પ્રભુના માર્ગમાં મક્કમતા રાખી શ્રદ્ધાને અડોલ બનાવશો તો અડોલ પદ પ્રાપ્ત કરી શકશો.

આજનું ભણતર શ્રદ્ધા વિનાનું છે, તેથી જીવનમાં વિકલ્પો ને વિકારો ઉપસ્થિત થાય છે. પહેલાં લોકોમાં ભણતર ઓછું હતું પણ ધર્મ પર શ્રદ્ધા અડગ હતી, તેથી તેઓ તરી જતા હતા. શ્રદ્ધા ઊડી જાય તો જીવનમાં ગરબડ ઊભી થઈ જાય છે...અને તર્ક વિતર્કનું સામ્રાજ્ય છવાઈ રહે છે. પરંતુ શ્રદ્ધાથી મતિ નિર્મળ બને છે, તે નિર્મળ મતિ–મનથી આત્મદર્શન સહજ બને છે.

શ્રદ્ધા પછી સંયમ આવે છે. પહેલાં શ્રવણ, પછી શ્રદ્ધા અને પછી સંયમ. શ્રદ્ધા હોવા છતાં ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોય તો ચારિત્ર લઈ શકાતું નથી, પરંતુ સંયમની ઉત્કટ ભાવના રાખવાથી લાંબા ગાળે ચારિત્ર ઉદયમાં આવે છે. બીડીનું વ્યસન ગમે તેટલું હોય, પણ

મનમાં નિર્ણય કરે કે બીડી છોડી જ દેવી છે, તો એક દિવસ અવશ્ય બીડી છૂટી જ જશે. આત્મવીર્યને ફોરવવાથી ચારિત્ર લઈ શકાય છે. આપણે પથારીમાંથી ઊઠી શકતા ન હોઈએ, પણ ખબર પડે કે આ રૂમમાં આગ લાગી છે, તો તરત જ દોડીને આપણે બહાર જતા રહીએ છીએ, તેવું જ આત્મવીર્ય ફોરવવા અંગે સમજવું.

જે માણસ નવકારશી પચ્ચક્ખાણ ન કરનારો પણ આત્મવીર્યને તપમાં ફોરવવાથી મોટી તપશ્ચર્યા કરી શકે છે. આ જીવ છદ્મસ્થ હોવાથી કોઈ વાર શુદ્ધિમાંથી અશુદ્ધિમાં આવી જાય. ઘીમાં કીટું હોય છે, તો તે ગાળવાથી દૂર કરી શકાય છે. તેમ મુક્તિમાં જવાની ભાવના હોય તો દુર્ગુણો ધીમે ધીમે દૂર થાય છે. સંયમથી જીવન શુદ્ધ બની જાય છે. પોતાના સ્વભાવનો આ સમયે વિચાર કરવાનો છે. કઠોરતા અને અભિમાન પોતાના સ્વભાવમાંથી દૂર કરવાના છે, આત્માને ઊર્ધ્વગામી બનાવવાનો છે. શરીર માટે અયોગ્ય કાર્ય કરીને આત્માને અધોગામી બનાવવાનો નથી. વ્યવહારમાં પણ નીતિ સારી રાખવાની છે. શરીરને સાચવવાનું છે. શરીર આત્માને ઊર્ધ્વગામી બનાવવા માટે સહાયક છે. જેને ઊર્ધ્વગામી બનવાનું છે તેણે પારકી પંચાત છોડી દેવાની છે. આ તો શ્રદ્ધાથી સંયમ શુદ્ધ બને છે. સંયમ સિદ્ધિને આપી શકે છે.

●

બર્નાર્ડ શૉએ એક જગ્યાએ લખ્યું છે કે, "પોતાનાં કુળનાં બાળકોના મસ્તકને કાપીને ઘરમાં ગોઠવીએ તો સારાં ન લાગે, તેમ સુંદર ખીલેલાં પુષ્પોને તોડીને પોતાની ફૂલદાનીમાં ગોઠવવા તે યોગ્ય નથી." ફૂલમાં જીવન છે. કેટલાક લોકો કહે છે: "તો પછી કુદરતે ફૂલો શા માટે બનાવ્યાં?" તો તેનો જવાબ કલાપી આપે છે: "સુંદરતા જોવા માટે છે, તેને સ્પર્શીને કચડી નાખવા માટે નથી." તેનો દૂરથી ઉપયોગ કરવાનો છે, પણ કદાપિ તેનો ઉપભોગ કરવાનો નથી. પુષ્પની સુંદરતા તથા સુરભિનો વિનાશ કરવાનો આપણને શો અધિકાર છે? પ્રભુમાં જે ગુણો છે, તે પુષ્પોમાં છે. તેથી જ પુષ્પ પ્રભુને ચરણે ધરવામાં આવે છે. નાકની ક્ષણિક તૃપ્તિ માટે પુષ્પોના પ્રાણ લેવાના નથી. નાક શ્વાસોચ્છ્વાસ માટે મળ્યું છે. 'નાક'ને ખાતર આપણે દુનિયા સાથે લડવા તૈયાર થઈ જઈએ છીએ. અસાત્ત્વિક આહાર, કામવૃત્તિ તથા ક્રોધને ઉત્પન્ન કરે છે. તેનાથી આપણો શ્વાસોચ્છ્વાસ દુર્ગંધમય બને છે. પ્રભુનો શ્વાસોચ્છ્વાસ કમળ જેવો સુગંધિત હોય છે. દુર્ગંધ દૂર કરવા માટે પ્રભુ જેવા બનવું જોઈએ.

ર્શન શેઠ, મનોરમા શેઠાણી અને સંતાનોને જોયાં અને કપિલાનો વેરનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. રાણીને યેનકેન પ્રકારેણ સમજાવીને સુદર્શનને ચલિત કરવા તૈયાર કરી.

પૌષધ કરી સુદર્શન શેઠ પૌષધશાળામાં આત્મ-સાધનામાં લીન હતા ત્યારે તેમને ઉઠાવવા ચાર ગયો.

મનને બરફ જેવું બનાવવાનું છે કે જેથી તેમાં કાંકરો પડે તોય તરંગ ઊભા થતા નથી. પણ પાણી જેવું મન હોય તો નાનકડી કાંકરી પડતાં તરંગોની હારમાળા સર્જાય છે.

વીતરાગ પરમાત્મા પોતાના મનને એવું બાંધી લે છે કે તેમની સેવામાં ૬૪ ઇંદ્રો, અનેક ઇન્દ્રાણીઓ તથા દેવીઓ હાજર હોય છે, છતાંય લેશમાત્ર કામનું રુંવાડુંય ફરકતું નથી. જ્યારે મન સમક્ષ પ્રલોભનો આવે ત્યારે તેને વીતરાગના મન જેવું બનાવી દેવાનું છે.

રાણી અભયાએ સુદર્શનને ચલિત કરવા શક્ય તેટલા બધા અયોગ્ય પ્રયત્ન કરી જોયા, છેવટે સ્ત્રીસહજ બોલી ઊઠી : "મારી વૃત્તિ સંતોષો, નહીંતર બદનામ કરીશ." પણ અંતે તો ફાંસીની શૂળી સુદર્શન માટે સિંહાસન બની. વીતરાગ ધર્મનો જયજયકાર કર્યો.

અને તેથી આનંદક ગૌતમના આજ્ઞા કરી શકે કે કેમ તે પ્રશ્નાર્થ હોય છે.

જ્ઞાનીનો સંગ અજ્ઞાનીને જ્ઞાની બનાવે છે. પારસમણિ લોખંડને સુવર્ણ બનાવી શકે છે. પાણીનું બિંદુ કમળપત્ર પર પડે તો તે મોતી સમાન ચમકી ઊઠે છે, તપ્ત તાવડી ઉપર પડે તો વરાળ બની અદૃશ્ય બની જાય છે, અને સ્વાતિ નક્ષત્રમાં છીપમુખમાં પડે તો મૂલ્યવાન મોતી સર્જાય છે. આ છે સંગનો અદ્ભુત રંગ.

નર્મદાના નદીના કંકરને જુઓ તો તે બધા બન્યા છે શંકર. ગોળ ગોળ બન્યા છે તે કંકર વહેતા પાણીના સ્પર્શે. ઉનાળાની ગરમીથી બળતો જળતો માનવ સરોવરને કાંઠે જાય તો તેને શીતળતા ને શાંતિ લાગશે, કારણ કે ત્યાં વાતાવરણમાં શીતળતા છે, શાંતિ છે.

અર્જુન માળી, દઢ પ્રહારી, ચંડકૌશિક જેવા અધમ પાપાત્માઓને પ્રભુનો સંગ થવાથી, તેમની કરુણાના ભાગીદાર બન્યા અને તેમનો આત્મા પાપમુક્ત બની ગયો.

જીવનનો વિકાસ કરવા માટે સંતસમાગમની જરૂર છે. ક્રિશ્ચિયનો રવિવારને દિવસે બધું મૂકી દેવળમાં જાય છે. રજાને હોલીડે (Holiday) કહે છે, કારણ કે તે holy પવિત્ર દિન છે. તે દિવસે પવિત્રતાના સાગર પાસે પાપાત્મા જાય છે ને પુણ્યાત્મા બનીને આવે છે. પશ્ચાત્તાપ

સંગથી અનેક પાપાત્મા પુણ્યવંતા બન્યા છે. તેથી ગુરુમુખે પ્રભુવાણીનું શ્રવણ એક અજબ રસાયણ છે. જેમ પાણી પંપથી ઊંચે ચડે છે, તેમ મન પ્રવચન-શ્રવણથી ઊંચે ચડે છે. નહીંતર મન અને પાણીનો સ્વભાવ ઢળી જવાનો છે. મન મીણ જેવું છે, જેવો આકાર આપવો હશે તેવો આપી શકાશે. શ્રવણનો સંગ માનવને સ્થૂળ ભોગમાંથી સૂક્ષ્મ ત્યાગ તરફ લઈ જાય છે.

આપણો અનુભવ છે કે કેરી જો ટોપલામાં એકાદ બગડેલી આવી ગઈ તો તેના સંગથી બધી બગડી જાય છે.

બહુરૂપી નરગાળાએ સાધુનો વેશ પહેરી ઉદા મહેતાને મંગલિક સંભળાવ્યું તો ઉદા મહેતાનું જીવન ધન્ય બની ગયું ને સમાધિમાં દેહ છોડ્યો. તે સાધુવેશમાં સંપત્તિની લાલચને ઠોકરે મારી. સાધુવેશના સંગે મોટા રાજાને નમાવ્યા.

નયસારને સાધુનો સંગ થયો ને જીવન પલટાઈ ગયું ને ઉત્તરોત્તર ઉત્કર્ષ સધાતાં તીર્થંકર બન્યા.

અકબરને હીરવિજયજીનો સંગ થતાં અકબર અહિંસક બન્યો. ધર્મપ્રેમી બન્યો. કુમારપાળને હેમચંદ્રાચાર્યજીનો સંગ તે પરમ આર્હત બની શક્યા.

શુભ સંગ શુદ્ધિ માટે છે, સર્વોચ્ચ પદ પ્રાપ્તિ માટે છે.

અન્ન તેવો ઓડકાર

આહારવિહાર પર આચારવિચાર અવલંબે છે. તામસી આહાર વાપરવાથી સ્વભાવ તામસી–ક્રોધિષ્ટ બનતો જાય છે. સાત્ત્વિક આહારથી સાત્ત્વિકતા આવે છે. અન્નાહારીના વિચાર ને વર્તન માંસાહારી કરતાં અતિશ્રેષ્ઠ હશે. તેથી પેટમાં ખરાબ આહાર ન જવા દેવો અને મગજમાં ખરાબ વિચાર ન જવા દેવા. મગજમાં સારા વિચાર હોય, પણ પેટમાં અનિષ્ટ આહાર હોય, તો મન બગડી જાય છે.

એક સાધુ ગોચરી કરીને તુરત જ સૂઈ ગયા, ત્યારે ગુરુએ પૂછ્યું : "તમે આજે કેમ સૂઈ ગયા છો?"

સાધુ : "મને ઊંઘ આવે છે, મને સૂવા દ્યો." ત્યારે ગુરુએ વિચાર કર્યો; આજે આહાર બદલાઈ ગયો લાગે છે, તેથી ગુરુ મહારાજે પૂછ્યું : "તમે આહાર ક્યાંથી લાવ્યા હતા?" મુનિએ એક શેઠનું નામ આપ્યું–તે શેઠને પૂછતાં તેમણે જણાવ્યું : "મંદિરમાંથી લાવેલ સસ્તો માલ મેં સાધુને વહોરાવ્યો છે."

જે વસ્તુ પ્રભુને ચઢીને ઊતરી જાય તે નિર્માલ્ય બની જાય છે–સેકંડહૅન્ડ બની જાય છે, અને તેવો ઊતરેલો માલ વાપરવાથી આપણી વૃત્તિ પણ ઊતરી જાય છે. પ્રભુએ

યાચકને શ્વાન જેવા નહીં, પણ ગજ-હાથી જેવા બનવા કહ્યું છે. કટકા રોટલા માટે કૂતરું પોતાની પૂંછડી હલાવે છે, ખુશામત કરે છે; પરંતુ હાથી તો ગૌરવથી મણ લાડવા ખાઈ જાય છે.

મંદિરમાં અર્પણ કરેલા દ્રવ્યથી સંઘ ઊંચો નહીં આવે, પુરુષાર્થથી પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સંઘ ઊંચો આવશે.

આજે ઘરમાંથી પુરુષાર્થ અને શ્રમ ચાલ્યા ગયા છે. દુઃખની વાત એ છે કે આજે લોકોના ઘરે રસોઇયા આવી ગયા છે. પહેલાં તો સ્ત્રી પોતાના પતિને હાથે રસોઈ બનાવીને સદ્ભાવપૂર્વક જમાડતી હતી, પુત્રને વાત્સલ્યભાવે પીરસતી હતી. આજે તો રસોઇયા રોટલી ફેંકીને જમાડે છે!

આજે સદ્ભાવ (પ્રેમ) વાત્સલ્યની ભાવના સ્ત્રીમાંથી ચાલી ગઈ છે, તેથી આહારશુદ્ધિ જળવાતી નથી. આહારશુદ્ધિ વિના આચારશુદ્ધિ સંભવે ક્યાંથી? ગુણે નાસ્તિ ગુણઃ દોષા। જ્યાં જયણા ન હોય ત્યાં હિંસાની શક્યતા છે. જ્યાં હિંસા આવી ત્યાં રોગો આવ્યા.

ઓરડામાં હવા ઠીક આવવાથી વિચારો બગડી જાય છે. કરોળિયાથી કોઢ રોગ થાય છે. કેટલાક ઝેરી જંતુથી ખસ, ફોલ્લા વગેરે થાય છે.

આપણે વારંવાર સાંભળીએ છીએ કે હોટેલમાં ચા પીધા પછી ૨૦-૨૫ માંદા થયા. દૂધપાક ખાધા પછી અનેકને

વિકારી થઈ જાય, ઉત્તેજક બની જાય. આ પ્રમાણે અસાત્વિક આહાર વાપરવાથી આપણું શરીર બગડતું જાય છે.

પેટમાં જરાક અસાત્વિક આહાર વાપરવાથી અનિષ્ટ-અશુભ વિચાર આવ્યા. પુણિયા શ્રાવકનું મન સામાયિકમાં સમતા ધારણ કરતું નથી, તેથી પોતાની પત્નીને પૂછ્યું: "આજે આહારમાં કંઈ બહારનું આવ્યું છે?" પત્નીએ ખૂબ વિચાર કરી જવાબ આપ્યો: "હા, આગ સળગાવવા બાજુથી થોડા દેવતા લાવી હતી" બસ, આ જ તેની અસ્વસ્થતાનું કારણ હતું!

જીભનું રક્ષણ કરવા માટે બત્રીસ પાયા (દાંત) અને બે દ્વાર (હોટ) (હોઠ) છે. તે જીભે આહાર અને વ્યવહારનું રક્ષણ કરવાનું છે. આહારનો અતિરેક ઇન્દ્રિયોનાં તોફાન થાય છે, માટે જ અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેદ્ય મૂકતી વખતે અનાહારીપદની માગણી કરીએ છીએ. ઇન્દ્રિયોને શુદ્ધ કરવા માટે, પ્રાયશ્ચિત્ત કરવા માટે માણસે ઉપવાસ કરવાના છે. ઉપવાસથી તન, મન અને ઇન્દ્રિયો શુદ્ધ થાય છે. જ્યાં ઇન્દ્રિયોએ પોતાનાં રૂપ, રંગ, મોહ, માયા છોડયાં; એટલે ત્યાં મન પણ સ્વસ્થ અને શાંત થશે. આત્મા પોતાના સ્થાને સહજ વળી શકશે. ખાતાં વિચારો, વિચારતાં ચિંતન કરો.



મનુષ્યજીવન અસિધાર પર વ્યતીત થઈ રહ્યું છે. એક બાજુ મોક્ષ અથવા દેવત્વ છે, બીજી બાજુ નરક અથવા તિર્યંચ છે.

'સંસાર' એટલે શું?

સમ્-ઉપસર્ગ પૂર્વક સૃ-ધાતુ. સૃ એટલે સરકવું, ચાલવું તે. સં-સરતિ ઇતિ-સંસાર. જે ગતિ કર્યા કરે છે, જે ચાલ્યા કરે છે, તેનું નામ સંસાર છે. કોઈપણ જીવને સ્થિર-શાશ્વત્ આશરો કે આધાર ન મળે તેનું નામ સંસાર.

તમે સૂઈ ગયા હો, પણ ગાડી તો ચાલ્યા જ કરે છે. આમ સંસારમાં તમારો આત્મા જાગ્રત હોય કે નિદ્રિત હોય પણ સંસાર સતત ગતિ કર્યા કરે છે. Time and tide waits for none. અહીંથી દરેક માણસને જવાનું તો નક્કી છે જ, પણ તેણે કઈ દિશામાં જવાનું છે, તે પહેલાં નક્કી કરવાનું છે. પોતાનું અંતિમ ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને પ્રવૃત્તિ ને પ્રગતિ કરવાની છે. શાળાના દરેક વિષયના ગુણાંક ૧૦૦ નિશ્ચિત છે. તે ગુણાંકને વિદ્યાર્થી પોતાની શક્તિ, અનુકૂળતા, બુદ્ધિ તેમ જ સમજણપૂર્વક પોતાનું વાચન-પોતાનો અભ્યાસ કરે છે. તેનું ધ્યેય જ

[illegible] છે કે 'આ [illegible] જુઓ કેવો છે આજે.' ત્યાં [illegible]-[illegible] થયું. ત્યાં [illegible]ની શરૂઆત થાય. [illegible] કે જ [illegible] આવે તો પણ સામનો કરી શકે [illegible] પણ [illegible] મેળવશે. ઘણા પુણ્યથી પ્રાપ્ત થયેલ દુર્લભ મનુષ્યજન્મ ફેંકી દેવાનો નથી. આપણે જાણીએ છીએ કે સોનાની કે હીરાની જાહેરાત કરતાં આ, સિગારેટની વધુ જાહેરાત થાય છે. દુનિયામાં મોંઘી વસ્તુ કરતાં હલકી વસ્તુની જાહેરાત વધારે થાય છે.

દરેક વસ્તુને જોવાની ને જાણવાની છે. કલર નાખેલ આઇસ્ક્રીમ આંખને, નાકને, જીભને ગમે છે; પણ ટોન્સીલ-વાળું મન તેની ના પાડશે. પાંચે ઇન્દ્રિયોને હિતાહિતનો વિચાર જ હોતો નથી. સમગ્ર વિચાર મન કરે છે.

સોમાં નવ્વાણું ઇન્દ્રિયો આધીન થઈ ને કામ કરે છે, ફક્ત એક જ મનને પૂછીને કામ કરે છે.

જે પેઢી નોકરો અથવા ઘણાથી ચાલતી હોય છે, ત્યાં કોઈની જવાબદારી હોતી નથી, તેથી ગોટાળો થાય છે; પરંતુ એક વ્યક્તિ સર્વસત્તાધીશ હોય તો તે પોતાની પેઢીને સધ્ધર બનાવે છે, પ્રગતિશીલ બનાવે છે.

દિનપ્રતિદિન નવાં નવાં સાધનો જોઈ ઇન્દ્રિયો વિહ્વળ બને છે, તે સાધન મેળવવા માનવી આકાશ-પાતાળ એક કરે છે, પણ તેનું પરિણામ આપણે જોતાં નથી. આપણે તો આકારમાં જ ગૂંચવાઈ ગયા છીએ.

પરિણામે અંતરની મસ્તી ખલાસ થઈ ગઈ છે. જરૂરિયાત કરતાં વધારે ખાવું કે પીરસવું નહીં. આહાર સ્વાદ માટે નહીં, પણ ક્ષુધાવેદનીય રોગના ઉપશમન માટે ઔષધરૂપે અનાસક્તભાવે આહાર કરવાનો હોય છે. આહાર સાત્ત્વિક ને શુદ્ધ જોઈએ. આહાર સાથે નિદ્રા જરૂર પૂરતી હોવી જોઈએ. બ્રાહ્મમુહૂર્તે ઊઠીને અરિહંતનું સ્મરણ કરવું. તેથી તે સ્મરણ અંતરમાં ઘૂંટાઈ જાય છે. વધારે ઊંઘવાથી તંદુરસ્તી બગડે છે ને ખરાબ વિચારો આવે છે.

પશુના આહાર-નિદ્રા શરીરના પોષણ માટે છે. મનુષ્યના આહાર-નિદ્રા આત્માના પોષણ માટે છે. મોક્ષના ધ્યેયને પહોંચવા માટે શરીર ટકાવવાનું છે. પહેલું સુખ તે જાતે નર્યા. દુનિયામાં સૌથી શ્રેષ્ઠ સંપત્તિ તંદુરસ્ત શરીર છે. આહાર તનપોષક અને નિદ્રા મનપોષક હોવી જોઈએ. પણ માનવ ભયની ભૂતાવળથી બેબાકળો બની જીવે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે કે, “ભયથી મુક્ત થવા માગતો હોય તો તું તારી ઇન્દ્રિયોને જીતવા માંડ. જ્યારે ઇન્દ્રિયો જીતાશે ત્યારે ભય ચાલ્યો જશે.”

જ્યારે હું બી. એ. ના છેલ્લા વર્ષમાં હતો. મને મોટાભાઈથી એકાએક ત્યારે નોકરી મળી ગઈ. એક રવિવારે એક મહાત્માનું વ્યાખ્યાન સાંભળવા ઉપાશ્રયે ગયો. ત્યાં 'રામાયણ' પર મુનિશ્રીએ બોલતાં ભરતના સ્વાર્થત્યાગ પર જે સમજાવ્યું તેથી મને ભરત બનવાનો વિચાર આવી ગયો, અને રામની ખાતર ભરતે રામની ગેરહાજરીમાં રાજ્ય રામને શરણે મૂક્યું, તેમ મેં પણ ભરતના વિચારો અપનાવી લગ્ન ન કરવાનો વિચાર કર્યો અને મારા મોટાભાઈનાં સંતાનોને ઉછેર્યાં-સારી રીતે ભણાવ્યાં. તેઓ આગળ વધ્યા અને આજે તે સંતાનો પિતાથી પણ અધિક મને પૂજે છે."

આમ દુનિયામાં ખરાબ ને સારાં તત્ત્વો પડેલાં છે. સારાં તત્ત્વોથી જ સમાજ ચાલે છે. અર્પણથી જ સંસાર સુખી બને છે. કોઈ રામ તો કોઈએ ભરત બનવાનું છે.

જગતમાં ભય નથી. અજ્ઞાનતાને લીધે જ આપણે ભય ઉત્પન્ન કરીએ છીએ. ટ્રેનમાં જો આપણા ડબ્બામાં કોઈ જબરજસ્તીથી ઘુસી જાય તો પહેલાં તેની સાથે લડીએ છીએ અને પછી તેની સાથે આપણે મૈત્રી કરીએ છીએ. પહેલાં આપણામાં અજ્ઞાતપણું હતું, પણ પછી જ્ઞાતપણું આવતાં આપણે તેના મિત્ર બની જઈએ છીએ. "સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે".

જેની પાસે ઘણી સત્તા છે, ઘણી સંપત્તિ છે, ઘણું અભિમાન છે; તેને ભય છે. તેવા ભયવાળાને ગુરખા રાખવા

પડે છે, જે બીજાને મારે તેને માર પડે છે, પણ જે બીજાને તારે છે, તેની લોકો સેવા કરે છે.

ચંડકૌશિક પાસે ન જવા લોકો મહાવીર પરમાત્માને વિનંતી કરે છે. ભગવાન તો અભય સ્વરૂપ હતા. તેમને ક્યાંય ભય દેખાતો ન હતો. અંગારો રૂને બાળી મૂકે છે, પણ પાણીમાં પડતાં પોતે બુઝાઈ જાય છે. કોઈ આગ બને તો આપણે પાણી બનવાનું છે. અધિકાર મેળવવા ખ (નહીં) ધિકાર (ધિક્કાર) જોઈએ. ધિક્કાર કોઈ પ્રત્યે નહીં હોય એટલે તમે અભય બનશો. અભય તમારા આત્માને પરમાત્મામાં મસ્ત બનાવશે.

●

ચિત્ત

સત્ય પ્રિય વાણી બોલનારા, દાન દેનારા, ઇન્દ્રિયો અને મનને નિગ્રહ કરનારા, કોઈનું અપમાન ન કરનારા ને આનંદ આપનારા તેમ જ ચિત્તને ધર્મમાં જોડનારા એકાન્ત સેવક છે.

૪ | પ્રાયશ્ચિત્ત


વિનીત આત્મા નાના દોષની પણ ઉપેક્ષા કરતો નથી. શુભ્ર, શુદ્ધ વસ્ત્ર પર લાગેલો એક નાનકડો ડાઘ મનને ડંખી નાખે છે, તો સ્વયમેવ શુદ્ધ આત્મા પર દુર્ગુણનો દોષ લાગેલ હોય તો આત્મા વ્યથિત અને વ્યગ્ર ન બને એ કેમ સંભવે ? અર્થાત્ વ્યથિત બને જ. માણસની કિંમત તેના બાહ્ય દેખાવમાં કે પ્રદર્શનમાં નથી, પણ તેના સંસ્કારો પર અવલંબે છે.

સંસ્કાર સંપન્નની પ્રવૃત્તિ શુભદાયી ને સુખદ હોય છે, તે પ્રગતિ શ્રેયઃસાધક હોય છે. પ્રભુએ માનવતા આપવાનું કાર્ય જીવનભર કર્યું છે. વિનીત માનવી જ્યાં જાય છે, ત્યાં પૂજાય છે. અવિનીત માનવી બધેથી હેરાન થાય છે. વિનીત બનવા માટે સદ્ગુણો જીવનમાં ઉતારવાના છે. સદ્ગુણો આવતાં આપણી ભાવના શુદ્ધ ને સંસ્કારી બનતી જાય છે. આથી નાના બનવાનું છે. નમ્ર માણસ આકારમાંથી અનાકારી બને છે. પ્રભુની વાણી નમ્રતા સદ્-બોધે છે. તેમનાં વચનોનું મનન ને ચિંતન કરવાનું છે. તે વાણી સાંભળ્યા પછી આપણી તુચ્છતા ને અહમ્ ચાલ્યા જાય છે. ‘અહમ્’ ને ‘અર્હં’ બનાવવા માટે પ્રભુનું

મૂઢતા કે તેની એ નિરર્થક છે. પ્રાયશ્ચિત્ત એ અંતરની આલોચના છે, તેથી ચિત્તશુદ્ધિ થાય છે. દઢપ્રહારીએ જ્યાં ખૂન કર્યાં હતાં, તે ગામની ભાગોળે સાધુ બનીને તન અને મન સ્થિર કરીને ઊભા રહ્યા. લોકો તેની નિંદા કરે છે, તેને પથ્થર મારે છે, તેના પર થૂંકે છે, પણ દઢપ્રહારી તો તેને પ્રાયશ્ચિત્તનું પવિત્ર જળ સમજી, તેમાં ડૂબકી મારતા પોતાનાં પાપોને ધૂએ છે અને પશ્ચાત્તાપથી તેણે તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મુક્તિને મેળવી. તેણે મન અને તન પર સંયમ રાખ્યો; અને તે સંયમરૂપી અમૃતે અનેક વિષનો વિનાશ કરી નાખ્યો.

પ્રભુ મહાવીરે પ્રાયશ્ચિત્તને ઉચ્ચસ્થાન આપેલ છે. "ખામેમિ સવ્વજીવે, સવ્વેજીવા ખમંતુ મે"—આ સુવર્ણ કણિકાએ તો અનેકાનેકનાં કથિર જેવાં જીવન સુવર્ણમય બનાવ્યાં છે. પરંતુ લક્ષ્મણા સાધ્વીએ માયા–કપટથી પ્રાયશ્ચિત્ત કર્યું અને એટલે પાપનું વિષ ન ઊતર્યું. તેથી અનેક ભવમાં ભટકવું પડ્યું. એંશી ચોવીશીનો કાળ ગયો. આવતી ચોવીશીએ મોક્ષ થશે.

મુક્તિ રમણી વરવા માટે આત્માને શુદ્ધ, સરળ બનાવવાનો છે. તે ઉપર બિંદુના અનંતમા ભાગનો ડાઘ પણ ન લાગે તેની પૂરેપૂરી તકેદારી રાખવાની છે. તેવા આત્મા ઉત્તરોત્તર ઉચ્ચ પ્રગતિ કરી, ઉત્તુંગ શિલા–સિદ્ધ શિલાએ પહોંચે તે નિશ્ચિત્ત ને નિર્વિવાદ છે.



તપ ધૈર્ય અને સમતાનું રસાયણ છે. આથી શરીર બદલાઈ જાય, ગમે તે રૂપાન્તરણ બને છે પણ આત્મા બદલાતો નથી, પરંતુ આત્મગુણોથી નિર્મળ તેજસ્વી-ઓજસ્વી બને છે.

એમ પણ કહી શકાય કે આત્માનો શુદ્ધ ઉપયોગ એ પિતા છે અને ધૈર્યતા એ માતા છે. શુદ્ધ ઉપયોગથી શંકા નાસી જાય છે. આત્માનો બંધુ શિયળ છે અને પત્ની સમતા છે. અને જ્યારે શુદ્ધ વિવેક અને ઉપયોગ, ધૈર્ય, સમતા અને શીલ સંગમ થાય ત્યારે આત્માની મુક્તિ સહજ બને છે. આત્માની દુનિયામાં રમીને જીવન ભર્યું ભર્યું લાગે છે. આવો આત્મા રણમાં હોય, કે ઘરમાં હોય, કે વન-વગડામાં હોય તોય તેને એકલતાપણું લાગતું નથી. આત્માની એકલતાના ભ્રમને જ્ઞાન દૂર કરે છે. જેનું કોઈ નથી તેનો સાથી ધર્મ છે.

ધર્મની જાણ માટે, જ્ઞાનની પિછાન માટે જ્ઞાનીના સંગની આવશ્યકતા છે. હીરા, ઝવેરાત કે પન્ના કરતાં જ્ઞાનીની કિંમત અનેકગણી વધારે છે. જ્ઞાનીના વચનમાં, વર્તનમાં અને પ્રત્યેક ક્રિયામાં જ્ઞાન ભરેલ દેખાય છે. જ્ઞાનીને સાંભળવાથી મન પ્રસન્ન થાય છે. જ્ઞાનીને મળવાથી આનંદ આનંદ છવાઈ રહે છે. જ્ઞાનીનાં વચનો જીવનને પ્રકાશ આપે છે. જ્ઞાનરૂપી જળ જે દિવસે ન મળે, તે દિવસે મન ગૂંગળાઈ જાય. તેથી દિવસમાં થોડીવાર પણ પ્રભુની વાણી સાંભળવાની છે, વિચારવાની છે. ધનિકને દુઃખ છે,

ગરીબને પણ દુઃખ છે, જગતમાં સુખી હોય તો તે જ્ઞાની છે.

જ્ઞાની પોતે તરે છે, બીજાને તારે છે. જ્ઞાની જ્ઞાન સાથે ક્રિયા દર્શાવે છે. તેઓ જ્ઞાનના દીવામાં ક્રિયાનું તેલ પૂર્યા કરે છે. ક્રિયાના તેલ વિના જ્ઞાનદીપક બુઝાઈ જાય છે. જ્ઞાનવારિથી હૃદય કોમળ બની જાય છે અને આત્મા ભાવિત થાય છે, માનવજીવનને ઉચ્ચ ને ઉદાત્ત બનાવે છે.

જ્ઞાન સાથે ક્રિયાની ખૂબ જ જરૂર છે. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે. જ્ઞાનની તૃપ્તિ ક્રિયાના આહારથી થાય છે. પ્રભુની વાણી ગંગાના પ્રવાહ જેવી શુદ્ધ ને પવિત્ર છે. સદ્‌ગુરુના મુખેથી પ્રભુની વાણી સાંભળી જીવનમાં ઉતારીએ તો આત્મા ઉન્નતિના ઉત્તુંગ શિખરને સર કરી શકે છે. પ્રભુની વાણી વરસતી હોય ત્યારે જ્ઞાનનું ટાંકું ભરી લેવાનું છે, અને ગુરુનો વિયોગ હોય ત્યારે આપણે તે ટાંકું ખોલવાનું છે, ને આત્મામાં પ્રકાશ પાથરવાનો છે.



કોઈ વસ્તુની કિંમત નક્કી કરવા માટે પહેલાં તે કેવી છે? તે શાને માટે છે? શેમાંથી તે બનેલી છે? વગેરે તપાસવું પડે છે. હીરાની પરખ કરવા માટે ઝવેરીને હજાર દિવસ લાગે છે, પછી તે આવડે છે. હીરાની પરખ કરવી તે તો જડની વાત છે.

તેમ જ્ઞાનીઓ કહે છે કે આત્માના સદ્ગુણ કે દુર્ગુણ જાણવા હોય તો પ્રભુનાં વચનને સમજવાં પડશે, જાણવાં પડશે. પાંચ–દશ વર્ષ ધર્મ પાછળ ખર્ચવા પડશે. ડિગ્રીઓ મેળવવા પાછળ ૨૦–૨૫ વર્ષ ગાળી નાખીએ છીએ.

પારો ને સોમલ પકવાથી તે ઔષધ બની જાય છે. પરંતુ જો તે કાચો રહી જાય તો તે ખાવાથી માણસ મરી જાય છે. જો આપણા અંતરમાં ધર્મ ઊતરી જશે તો આપણે હૃષ્ટ–પુષ્ટ બની જઈશું, સુખી ને શાંત બનીશું.

જો શ્રાવકો તત્ત્વાર્થ સૂત્રના જાણકાર હોય તો ગમે તેવા સાધુ પાટ પર આવી શકતા નથી. એટલે સાધુઓને તત્ત્વનો અભ્યાસ કરવો પડે છે, તેઓ ગુરુની આજ્ઞામાં રહે છે અને વ્યાખ્યાન પણ સાવચેતીપૂર્વક આપે છે.

આપણે દરરોજ નિયમિત ક્રમમાં કમ એક ગાથા કરવી જોઈએ અને આમ કરતાં શક્ય તેટલાં સૂત્રો પૂર્ણ કરવાં જોઈએ, આત્મા દ્રવ્યની ચર્ચા કરવી જોઈએ. દુનિયાના ગ્રંથોમાં તત્ત્વાર્થ સૂત્ર તથા કર્મગ્રંથ શ્રેષ્ઠ ગ્રંથો છે.

દુનિયાના અભ્યાસ માટે ઘણાં વર્ષો વાપરી નાખ્યાં તો આત્માના અભ્યાસ માટે હવે બાકીનાં થોડાં વર્ષો વાપરવાનાં છે. જ્યાં સુધી અંતરનાં ગુણ ન આવે, તેનો વિકાસ ન થાય ત્યાં સુધી તત્ત્વનો અભ્યાસ કરવાનો છે. આત્મા ગુણી બનશે, ત્યારે તે બીજાના ગુણોની પરખ કરી શકશે. જ્યાં સુધી આપણી પાસે દર્શન, જ્ઞાન ને ચારિત્ર ન હોય, ત્યાં સુધી આપણે બીજાનાં દર્શન, જ્ઞાન ને ચારિત્રને જાણી શકતા નથી.

જ્ઞાનથી જો વૈરાગ્ય ન આવે તો તે જ્ઞાન નકામું છે. જ્ઞાનસ્ય ફલં વિરતિઃ ! જ્ઞાનદશા આવતાં [illegible] ક્રોધ, લોભ, માન અને માયા ઓછાં થતાં જાય છે અને [illegible] વૈરાગ્ય પ્રગટ થતો જાય; રાગ-દ્વેષ પાતળા થતાં જાય છે. સમતાથી, શાંતિથી, નિર્લોભતાથી જ્ઞાનીના જ્ઞાનને [illegible] શકાય છે. એક જ્ઞાની (શ્રી [illegible]) [illegible] માટે [illegible] [illegible] [illegible] [illegible]
[illegible]
[illegible]
[illegible]

સ્વાદ મીઠા આપેલો. ચીડિયાખોર તો ઠરીઠામ બની ગયો; પણ ક્યાંય આવેશ ભરેલા આવેલો ને પાછો તે બબડાટ કરવા લાગ્યો. સાંજ પડી, આખો દિવસ ગામલોકો તો ઉપકાર વગેરેથી એનું સ્વાગત કર્યું. ને ઘરે જવા નીકળ્યો ત્યારે પેલા ગામલોકો પોતાના પુત્રને દીવો લઈ તેને ઘર સુધી મૂકી આવવા કહ્યું. ક્રોધી તો જ્ઞાનની શિલાશિલા પાસે રહી ઉપશમગર અક્રોધી બની ગયો.

ક્ષમા જેનામાં આવી જાય છે, તે પ્રભુમય બની જાય છે. પ્રભુની સાત હાથની કાયા દેખીને અનાર્ય લોકો ગુસ્સે થયા. તેમને પ્રભુનું જ્ઞાનમય જીવન ન ગમ્યું. પ્રભુ મૌનપણે કાર્યોત્સર્ગમાં હોવા છતાં અનાર્ય લોકોએ અનેક ઉપસર્ગો કર્યા. પ્રભુ તો ક્ષમાશ્રમણ હતા. તેમણે તો સમતાપૂર્વક બધું સહન કર્યું.

ઉત્તમ ઋતુ, ઉત્તમ કપડાં, મકાન, ભોજન હોય પરંતુ મનની શાંતિ ન હોય તો બધું જ કડવું લાગે છે.

પહેલાં સાધનો ન હતાં, જીવન શાંતિમય ને ધર્મમય હતું. આત્માનો વિકાસ સારો થતો. આજે સાધનો વધ્યાં છે, જીવન અશાંત અને અધર્મી બન્યું છે, તેમાં આત્મા ગૂમ થઈ ગયેલ છે. માત્ર બે ઘડીની ચિત્તની શાંતિમાં ભરત ચક્રવર્તીએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. સાધ્યને પામવા માટે સાધનની જરૂર સાથે સમ્યગ્જ્ઞાન પરમ આવશ્યક છે.

આત્મવિકાસ માટે જ્ઞાનની જરૂર છે. તે જ્ઞાનપ્રાપ્તિ થાય છે જ્ઞાની પાસે. ગુરુ આપણને જે કહે છે, તે મીઠું નથી હોતા, પણ સત્ય કહે છે. આગમ અને અરીસો બન્ને સાચું બતાવે છે. ચહેરાનું રૂપ અરીસો બતાવે છે, આત્માનું રૂપ આગમ બતાવે છે. આત્માનું રૂપ જાણ્યા બાદ તે પ્રમાણે તેનો વિકાસ કરવા જિનવાણી અનુસાર યથાશક્તિ પ્રયત્નશીલ રહેવું એ જ આત્મવિકાસનો સત્ય ઉપાય છે.

●

રક્ષણ ?

એક રાજાએ પોતાના રક્ષણ માટે અણઘડ વાંદરાને રાખ્યો હતો. રાજા ઊંઘમાં હતો તે દરમ્યાન તેમના મોં પર માખી બેઠી. ખુલ્લી તલવાર લઈને રક્ષણ કરતા વાંદરાએ તલવારનો પ્રહાર માખી ઉપર કર્યો અને રાજાનાં ધડ, મસ્તક જુદાં થઈ ગયાં. તેવી જ રીતે આજે માનવીની રક્ષા માટે વિનાશક શસ્ત્રોના ઢગલા, અણુશસ્ત્રોની ખુલ્લી તલવાર મૂકી છે.

●

જીવનવિકાસમાં અવરોધક તત્ત્વો

જીવનવિકાસ નમ્રતાથી, વિનયથી, જ્ઞાનથી, પ્રેમથી ને રાગ–દ્વેષને ક્ષીણ બનાવવાથી થાય છે. આ વિકાસને અવરોધનાર કેટલાંક તત્ત્વો છે. નાળાંમાં કચરો ભરાઈ ગયો હોય તો જળપ્રવાહ અટકી પડે છે, તેવી રીતે મનમાં કચરો ભરે તેવાં પાંચેક તત્ત્વો છે; તે તત્ત્વોને દૂર કરવામાં આવે તો જીવનનો વિકાસ ત્વરિત ને શ્રેયસાધક નીવડે છે.

આ બધા માટે પ્રભુની વાણી એકમેવ ઉપાય છે, તેથી અંદરથી પ્રસન્નતા પ્રગટે છે. સ્વર્ગ કે નરક અંતરમાં છે. એટલે અવરોધક પ્રથમ તત્ત્વ છે અહંકાર.

માણસમાં અહંકાર આવે છે, ત્યારે આત્માની કોમળતા ચાલી જાય છે, નમ્રતા દૂર થાય છે, વિનય–વિવેક અદૃશ્ય બને છે. અહંકાર સાથે ધન હોય તો જીવન સળગતી ચિતા બને છે. પિતા–પુત્રને જુદા પાડનાર ધન છે. જગતના ઝઘડાઓમાં વિપુલ ભાગ ભજવનાર ધન છે. પૈસાની જરૂરિયાત પૂરી પાડવા માટે છે, પણ આજે જરૂરિયાત કરતાં વિશેષ ભેગું કરવાની વૃત્તિ જન્મી છે. સુખ માટે અધિક સાધનો ભેગા કરવામાં આવે છે, તેથી જીવનવિકાસમાં સાનુકૂળતાને બદલે પ્રતિક્ષણે અવનવી પ્રતિકૂળતા ઊભી થાય છે.

અતિરૂપતામાંથી અસંતોષ, અસંતોષમાંથી અહંકારની મહાત્વાકાંક્ષા અને એ મહાત્વાકાંક્ષાજીવન વિકાસની સર્વ સાધનાને ક્ષણમાત્રમાં ભસ્મસાત્ કરે છે. અહંકારથી અશાંતિ જન્મે છે, અશાંતિથી અમૃતમય દિવ્યજીવન વિષમય બની જાય છે. રાવણનું પતન કરનાર અહંકાર હતો. Pride has a fall.

અભિમાન પતનનો રાજમાર્ગ છે.

બીજું તત્ત્વ છે ક્રોધ.

કડવાં ફળ છે કોપનાં. તે હલાહલ ઝેર છે. ક્રોધી પોતે બળે છે—બીજાને બાળે છે, ક્રોધાંધ બનેલ માનવી ન કરવાનું કરી નાંખે છે, કરી નાખે છે. અભિમાન એ ઉકળતું પાણી boiling water ખદબદતું હોય તો ક્રોધ તે વરાળ (steam) છે. અભિમાન સ્વને ઘાતક નીવડે છે, ક્રોધ સ્વ તથા પરને ઘાતક નીવડે છે,

ત્રીજું તત્ત્વ છે પ્રમાદ.

પ્રમાદ ઊધઈ સમાન છે, જીવનને તે કોરી કોરીને ખાઈ જશે. પ્રમાદ માનવીને પાંગળો બનાવે છે. પ્રમાદ (આળસ) એ માનસિક અવ્યવસ્થા છે. પ્રમાદથી માણસ પથ્થરની જેવો બની જાય છે. વૃત્તિ જીવનમાંથી આસ્થા ઉઠી જાય છે, ને અભિશાપ રૂપ છે. પ્રમાદ માનવીને પરતંત્ર, પરવશ, પાંગળા બનાવે છે. પ્રમાદથી અજિત પ્રમાદ બને છે અને પોતાનું અસ્તિત્વ ગુમાવે છે.

ચોથું તત્ત્વ છે રોગ.

રોગ શારીરિક ને માનસિક બે પ્રકારે હોય છે.

શારીરિક રોગ કરતાં માનસિક રોગ મહાભયંકર. મન મક્કમ હશે તો શરીર કામ આપવાનું. રોગ કર્માધીન છે. શરીરમાં રોગે ઘર ઘાલ્યું હોય ત્યારે ગમે તેટલી પ્રબળ ઈચ્છા હોય, તોપણ પ્રભુપૂજા, ગુરુ ભગવાન-વંદન થઈ શકતાં નથી. જાણ્યા છતાં રોગ તેને નકામો બનાવી મૂકે છે. પ્રભુની વાણી સંભળાવનાર ઉત્તમ સાધુ-ગુરુઓ હોય, પણ જ્યાં લકવો હોય ત્યાં શું થાય? ઘરમાં વિવિધ પકવાન્ન હોય પરંતુ જ્યાં ડાયાબિટિસ હોય ત્યાં શું થાય? ધર્મ આરાધના માટે બધી અનુકૂળતા હોય, પરંતુ રોગગ્રસ્ત શરીર પ્રતિકૂળતા કરે ત્યાં શું થાય? ઇન્દ્રિયો પાસેથી સુંદર કામ લેવાની જિજ્ઞાસા હોય, પણ તેઓ જ રોગથી ખદબદતી હોય ત્યાં શું થાય?

પાંચમું તત્ત્વ છે આળસ.

આત્મવિકાસનું મહાન અવરોધક તત્ત્વ આળસ છે. ક્ષણે ક્ષણનો ઉપયોગ કરી લેવાનો છે. મહાવીર પ્રભુએ ગૌતમ સ્વામીને ડગલે ને પગલે કહેલ છે: "હે ગોયમ! સમય માત્રનો પ્રમાદ ન કરીશ." કોને ખબર છે દેહનું ક્યારે શું થશે? તો જ્યાં સુધી શક્યતા ને સ્વસ્થતા છે, ત્યાં સુધી દેહમાંથી આળસ ખંખેરી નાખી તેની પાસેથી ઉત્તમ કાર્ય લેવાનું છે. આળસથી શરીર નઠોર બની જાય છે. મનની શક્તિ કુંઠિત બની જાય છે.

જેને આત્મવિકાસ સાધવો હોય તેણે આ પાંચ મૂળભૂત અસત્ તત્ત્વો છોડવાં જ રહ્યાં.

કોઈ ફેક્ટરી જુઓ, તેમાં જે raw materials વાપરવામાં આવે છે, તે ખૂબ જ ખરાબ હોય છે. જોવાં પણ ન ગમે, પરંતુ તેનું production, અતિ સુંદર હોય છે. જોવું ગમે છે, અને શરીર આતમરામ લિમિટેડ કંપનીના પરિવારનો એક ભાગીદાર છે. તે શરીરને જે material આપવામાં આવે છે, તે કેટલું સુંદર હોય છે? અને તેનું production! નામ પણ લેવું ન ગમે તેવું!

શરીર સંગ્રહ કરવા યોગ્ય નથી તેનો ઉપયોગ કરવાનો છે. રાગથી મુક્ત થઈ જશો તો જીવનનો આનંદ મળશે. રાગયુક્ત જીવન સમાધાન શાંતિ નહિ આપી શકે. જીવનની શાંતિ તો સાધુ-સંતો પાસે મળશે.

આજે આત્મવિજ્ઞાનની વિદ્યાપીઠ નથી, [illegible] વિવેકાનંદ કે હેમચંદ્રાચાર્ય પ્રાપ્ત થાય. [illegible] ચારિત્ર પાકે. વિવેક, વિનયનું ઘડતર થાય તેવું શિક્ષણ જોઈએ.

ડૉ. રાધાકૃષ્ણને ઠીક વાત કરેલ છે, "Not education but character." ચારિત્ર્ય નિર્માણ, સંસ્કાર દેશને ઊંચે લાવી શકે.

આજે વિદ્યાર્થીઓને કેવું શિક્ષણ અપાય છે?

ચારિત્ર્ય સુધાર નથી, વ્યવહાર નથી, તેવા વિદ્યાર્થીઓ દેશને કેટલા ઉપયોગી થશે ?

૧૫૦ વર્ષ પહેલાં સ્વામી વિવેકાનંદ કે વીરચંદ ગાંધી શિકાગો સર્વધર્મ પરિષદમાં ગયા હતા. ત્યાં તે વીરશિષ્યોએ ભારતીય સંસ્કૃતિની વિશ્વવંદના શંખનાદી કરી. ત્યાંના સુષુપ્ત આત્માને જાગૃત કર્યા હતા. આજે એવા સંત ક્યાં ? એવી ચેતના ક્યાં ?

અમે કલકત્તામાં ભણતા હતા. નાના હતા ત્યારે સાંભળેલ એક વાત છે :

આસુતોષ મુકરજી બંગાળ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર હતા, તે વખતે ગવર્નર લોર્ડ કર્ઝન હતો. તેમણે મુકરજીને કહ્યું : "તમે કેમ્બ્રિજ જઈને ત્યાંનું શિક્ષણ જોઈ આવો અને ભારતીય વિચાર જગાવો." ભારત બ્રિટિશ–સત્તા નીચે હતું. મુકરજી ઉપકુલપતિ હતા. ત્યારે અંગ્રેજ કહે તેમ કરવું પડતું. છતાં તેમણે કહ્યું : "આનો જવાબ મારી માતાને પૂછીને કાલે આપીશ."

માતા–પિતા તીર્થસમાન છે. જે માતા–પિતાને વફાદાર છે, તે પરમાત્માને વફાદાર છે.

મુકરજી ઘરે ગયા. વિનયપૂર્વક માતાને નિવેદન કર્યું : 'વાઇસરોયના કહેવાથી ઇંગ્લેંડ જઉં ? ત્યાંના શિક્ષણની જાણકારી મેળવવાની છે !"

માતા ૮૦ વર્ષનાં હતાં. શિક્ષિત નહતાં. માતાએ જવાની મના કરી; તો બીજે દિવસે રાજીનામાના પત્ર સાથે કર્ઝનને મળ્યા અને કહ્યું: "મારી માતાની નામરજી છે, તેથી નહીં જઈ શકું. કદાચ આપ ગુસ્સે થાવ તો આ મારું રાજીનામું તૈયાર છે." આ સાંભળી વાઈસરોય પ્રસન્ન થયો. તેણે ગુરુદાસજીને છાતીએ લગાડ્યો અને કહ્યું: "આજે મને ભારતનું દર્શન થયું. ભારતનું પ્રતીક અહીં છે." આ હતો ભારતીય સંસ્કૃતિનો આદર્શ—અહીં સંસ્કૃતિનું ગૌરવ હતું.

અને આજે? આજે વિપરીત વાતાવરણ છે.

આટલા સુંદર આદર્શ ભારતના છે. ઘેડ સંસ્કૃતિ કે છતાંય ધર્મક્રિયા ફક્ત રવિવાર પૂરતી સીમિત રાખી છે!

લોકો ફરિયાદ કરે છે: "મહારાજ, શું કરીએ? પેટની સમસ્યા મોટી છે. તે પૂરી થતી નથી."

તો તે માટે એક જ સમાધાન છે. 'આત્માનું દર્શન કરો તે પેટથી માંડીને પેટી સુધી સમાધાન થશે.'

આજે પેટની સમસ્યા નથી. [illegible] [illegible] કર્યું વર્ષ વધી છે? [illegible] પ્રવાહ તરફ [illegible] [illegible] સમગ્ર જગતને ચિંતામાં [illegible] [illegible] [illegible], સિનેમા ને [illegible] [illegible] [illegible] સિવાય [illegible] [illegible] [illegible] [illegible] નથી. ધર્મ તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

છે. તેમની સ્થિતિ દયાજનક છે. શિક્ષણ કેવું હોવું જોઈએ? જ્ઞાનસ્ય ફલમ્ વિરતિઃ । આજે શંકરાચાર્ય, નિમ્બાર્કાચાર્યના આદર્શ ક્યાં છે?

બેંગલુરમાં ગયો હતો ત્યારે પ્રો. ગાંધીએ ત્યાંના શિક્ષણનું એક ચિત્ર બતાવ્યું. ઇન્સ્પેક્ટર એક વાર શાળામાં ઇન્સ્પેક્શન કરવા ગયા. આઠમા ધોરણમાં ગયા ને ત્યાંના વર્ગશિક્ષકને કહ્યું: "કોઈ હોશિયાર છોકરાને બતાવો." તો એક છોકરો ઊભો થયો ને બોલ્યો, "સાહેબ, જે પૂછવું હોય તે પૂછો." તેને પ્રશ્ન પૂછવામાં આવતાં તેણે વ્યવસ્થિત જવાબ આપ્યો. પછી નવમા ધોરણમાં ગયા તો ત્યાંના વર્ગશિક્ષકને સારો છોકરો બતાવવા કહ્યું. તો જે આઠમા ધોરણમાં હતો, તે નવમા ધોરણમાં ઊભો થયો. ઇન્સ્પેક્ટરે પૂછ્યું: તું આઠમા ધોરણમાં હતો તે અહીં ક્યાંથી?"

છોકરો: "સાહેબ, તેનું આપને શું કામ છે? આપને પૂછવું હોય તે પૂછો."

પછી તે છોકરાએ કહ્યું: "મારો મિત્ર ગેરહાજર છે, તેને બદલે હું આવ્યો છું."

તો વર્ગશિક્ષકને આની ખબર ન પડી! એકને બદલે બીજો જ વિદ્યાર્થી વર્ગમાં આવે ને હાજરી પુરાવે? તેથી વર્ગશિક્ષકને ધમકાવ્યા. તો તેમણે કહ્યું: "સાહેબ, હું આજે આવ્યો છું. મારા મિત્ર શિક્ષક મેચ જોવા ગયા છે. તેને

એટલે હું duplicate શિક્ષક તરીકે આવ્યો છું. તેથી મને કાંઈ ખબર નથી." તેથી હેડમાસ્તરને કહ્યું : "તમને ડીસમીસ કરવામાં આવશે. આવી રીતે duplicate શિક્ષક આવે ?" તો તેણે કહ્યું: "સાહેબ, હું ગરીબ બ્રાહ્મણ છું. ડીસમીસ કરશો તો મરી જઈશ. મહેરબાની કરો."

તો ઇન્સ્પેકટરે કહ્યું : "ડરવાની કાંઈ જરૂર નથી, હું પણ duplicate છું !"

આમ જ્યાં બધું duplicata ચાલતું હોય ત્યાં શિક્ષણનો ઉદ્ધાર ક્યાંથી થાય ?

આજે સમસ્યાઓ જીવનની વધી છે. તેનું સમાધાન એક જ છે. આત્માની ખોજ કરો. સ્વયં ને સ્વયં શોધી કાઢે તો આત્મવિકાસ થશે. વિકાસ સાથે પ્રકાશ આવશે. પ્રકાશ આવતાં પૂર્ણતાનો પંથ દેખાશે ને પરમાત્મા પદ પ્રાપ્ત થશે.

●

બાલ્યકાળમાં જે સંસ્કારો મળી જાય છે, તે જીવન-ભર રહી રહે છે. જે સમયે જે શુભ ભાવ આવે તે સમયે તે કાર્ય કરી લેવાનું છે. મનુષ્યભવ આપણને મળી ગયો છે. તો આત્મકલ્યાણ કરી લેવાનું છે, રાગ-દ્વેષને ઓછા કરવાના છે. ક્રોધ આવે ત્યારે ક્રોધને તમાચો મારવાનો છે. આપણે આપણી જાતને જોવાની છે, વિચારવાની છે ને આગળ વધવાનું છે. ગુણસાગરનું મન લગ્ન પૂર્વે સંયમમાં લાગી ગયું હતું. ચોરીમાં આવતાં ગુણસાગરનું મન શુભચિંતનમાં ચઢી જાય છે ને ધીમે ધીમે શુભ અધ્યવસાયથી તેમને કેવળજ્ઞાન થઈ ગયું.

બાલ્યકાળના સંસ્કારો યુવાનીમાં ખીલી ઊઠે છે. સુલસાનો આધ્યાત્મિક વિકાસ પ્રકાશ પાથરી રહ્યો હતો. ભગવાન શ્રી મહાવીરદેવે સુલસાને ધર્મલાભ કહેવડાવ્યો હતો. જેને આત્મદર્શન થયું છે, તે જોઈને બીજાને આત્મદર્શન થાય છે. તેથી જ અંબડ શ્રાવકને તારવા માટે સુલસાને અંબડ મારફત ધર્મલાભ કહેવડાવ્યા.

પૈસા, સત્તા, પ્રદર્શન, મોહમાયા કંઈ જ આત્મદર્શીને ખેંચી શકતા નથી, ચમત્કાર એ ધર્મ નથી. ધર્મ કરતાં કરતાં

ચમત્કાર થઈ જાય છે. ધર્મ તો મોક્ષ અપાવી શકે છે. તો સાંસારિક સુખ અપાવી શકે તેમાં કાંઈ નવાઈ નથી.

અંબડ જ્યારે શ્રાવક બન્યો, ત્યારે સુલસાએ તેનું સ્વાગત કર્યું. જ્યારે બ્રહ્માનું સ્વરૂપ કર્યું, વિષ્ણુ સ્વરૂપ ધાર્યું, પરંતુ સુલસા તે પ્રતિ ન ખેંચાઈ. આભારી મહાવીર બન્યો. અને સુલસા ચલિત ન થઈ; ત્યારે અંબડ છેવટે સુલસા પાસે આવ્યો ને સાચું જ્ઞાન જાણ્યું. સત્કાર કરતાં તો સમાધાન થયું: આથી એ જ્ઞાન થાય છે કે આત્મા અમર છે, આત્મા નિત્ય છે. આખા જગતનો નાશ થઈ જાય, પણ આત્માનો કદી નાશ થતો નથી. શરીર માટીમાં મળી જાય છે, આત્મા માટીમાં મળી જતો નથી. જગતના વિનશ્વર પદાર્થો જ્યારે નહીં હોય, ત્યારે પણ આત્મા તો અખંડ રહેવાનો જ છે. પારાના કટકા કરો તો પણ અંતે તો પારો પાછો મળી જ જવાનો છે.

ઇંદ્રિયોનાં સુખો આત્માએ ભોગવેલાં છે. નરકતિર્યંચનાં દુઃખો પણ આત્માએ ભોગવેલાં છે, પણ મન બધું ભૂલી જાય છે. જે આત્માનું સ્વરૂપ છે, તે આપણે ભૂલી ગયેલ છીએ. આ જીવે ઘણાં સુખો ભોગવ્યાં છે. રાજાનાં રાણીનાં-દેવોનાં-દેવીઓનાં સુખો અનંતી વાર ભોગવ્યાં છતાં પણ તૃપ્તિ થઈ નથી-થતી નથી. આત્મા તો નિત્ય છે. તે શાશ્વત રહેવાનો છે તેની નિશ્ચિત સમજણ માટે પ્રભુની વાણી સાંભળવી જોઈએ. [illegible]

એનર્જી, અગ્નિ થકી એનર્જી, રૂની એનર્જી અને સ્પર્શ થકી એનર્જી.

આત્મસ્પર્શના થયા પછી દેહનાં સુખ-દુઃખની અસર થતી નથી. આપણે તડકે માટીમાં તો પગ બળે છે, પણ ખંધકમુનિ કે ગજસુકુમાલનું શું થયું હશે, તે વિચાર જ પ્રકાશ પાથરે છે.

આચરણમાં ફક્ત દીક્ષા થવાનું નથી, ઉત્કૃષ્ટ આચરણથી મુક્તિને મેળવવાની છે. જેટલું વધુ દુઃખ સહન થાય, તેટલા કર્મના ભૂક્કા ઊડી જાય. જ્ઞાન બહારથી આવતું નથી. જ્ઞાન-પ્રકાશ તો અંતરાત્મામાં છે. હીરામાં અંદર તેજ પડેલ છે. હીરાને ઘસતા જાય તેમ તેમ હીરાનું તેજ વધ્યા કરે છે. સોનાને કે મોતીને ઘસવાથી લાઈટ આવે છે. આરસને ઘસવાથી, તેનું લાઈટ બહાર આવે છે, પણ ઈંટને ઘસવાથી માટી ખરતી જાય છે.

પ્રભુની વાણી, ગુરુનો ઉપદેશ, પ્રભુનાં દર્શન-પૂજન આત્માના જ્ઞાનને ઉઘાડે છે, સંસ્કારને શુદ્ધ બનાવે છે, સુષુપ્ત પડેલ સંસ્કારને જાગૃત કરે છે. તેની જાગૃતિ થયાથી જ્ઞાનના પ્રવાહ વહેવા માંડે છે. કેવળજ્ઞાન બહારથી નથી આવતું, પણ તે તો અંતરમાં જ પડેલ છે. ભરત મહારાજા ચક્રવર્તી હોવા છતાં અરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું, કારણ કે શરીરને જોતાં જોતાં અજ્ઞાનનો પડદો હઠી ગયો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આમ, જન્મજાત પૂર્વના સંસ્કારો સિદ્ધિ અપાવે છે.

પ્રભુવાણીના શ્રવણથી, ચિંતનથી અને ધ્યાનથી આપણામાં અનેક સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. શ્રવણ અને ક્રિયાને અળગાં કરીએ તો સદ્‌ગુણો અળગાં થાય છે. શ્રવણથી વિમળતા તથા મનની પ્રસન્નતા મળે છે.

શ્રવણ કર્યા પછી તેની એકે એક વાત જો આપણા આત્માને સ્પર્શી જાય તો જીવન ધન્ય બની જાય છે. એક સાધુને ટ્રેનમાં વૈરાગ્ય પ્રાપ્ત થઈ ગયો, કારણ કે સાંભળ્યું કે "ટરમિનલ આવી ગયું છે, માટે ગાડી ખાલી કરો." આ વાક્યથી સાધુને થયું કે સંસારનું ટરમિનલ આવી ગયું છે. બધું છોડીને ચાલ્યા જવાનું છે. આ શ્રવણનું ચિંતન કરતાં મનમાં વૈરાગ્ય જાગ્યો ને જીવન ધન્ય બની ગયું. રામદાસ સમર્થે ચોરીમાં "સાવધાન" શબ્દ સાંભળતાં મનમાં સાવધાન બની ગયા ને સંસાર પર વૈરાગ્ય આવ્યો ને બધું ત્યજીને ત્યાંથી ચાલી નીકળ્યા.

શ્રવણ કરીને સુવાક્યોને અંતરમાં સારરૂપ ગૂંથવા જ કરવાનો છે, તેથી જીવન વૈરાગ્યના વિવિધ રંગે રંગાશે અને દુ:ખ અને દારિદ્ર્ય નાશ કરે.

શ્રવણનું દર્શન, પ્રભુવાણીનું શ્રવણ અને તેનું મનન

આત્માને ઊર્ધ્વગામી બનાવે છે.

ગ્રન્થ શ્રવણ અને મનન ન
ચિતના આવતી નથી. આજે દુઃ
લોકોમાં અશાંતિ દેખાય છે, કારણ
નથી. આપણે બોલીએ છીએ કં
કાંઈ અને વર્તન પણ કાંઈક જુદું
તતા ન હોવાથી જીવનમાં શાંતિ
શ્રવણની જરૂર છે. શ્રવણથી ન

ઇંદ્રિયો ઉપર સંયમ ત્યાં સુખ અને તેનો અસંયમ ત્યાં દુઃખ. જીવનમાં સુખી થવું હોય, જીવનને સુખમય બનાવવું હોય તો સંયમનો સાથ, સહકાર, સહયોગ સ્વીકારો. ભૌતિક વસ્તુ પરના રાગને ત્યાગમાં પલટી નાખો. શ્રી કૃષ્ણ મહારાજાએ પોતાની રાજકુમારીઓને કહ્યું : "તમારે મહારાણી બનવું હોય તો પ્રભુ નેમિનાથના માર્ગે જાવ, અને દાસી બનવું હોય તો રાજમહેલમાં રહો." સંયમમાં સુખ છે. સંસારીઓ શ્રીકૃષ્ણજીને વખાણતા હતા. શ્રીકૃષ્ણ નેમિનાથજીને વખાણતા હતા. ગુણવાન ગુણીને ઓળખે છે.

આપણી પાસે ભૌતિકવાદ, પૌદ્ગલિકવાદ અને સંસારિકવાદ છે, ત્યાં સુધી આત્મિકવાદ આપણી પાસે નહીં આવે. જેમ ગુફામાં સિંહ ગુફાને ઘેરી રહે છે, તેમ અંતરમાં પણ દુર્ગુણો ગુફાને ઘેરી રહે છે, અને જ્યારે તે બહાર આવે છે ત્યારે આપણા ગુણોને પરાધીન બનાવી મૂકે છે.

ભૌતિક સુખો કરતાં આત્માના [illegible] છે. આપણે [illegible]

મોક્ષે જવા માટે જ સાધિત થાય છે. જેમ અનાજની સાથે ઘાસ આપોઆપ ઊગી રહે છે, તેમ મોક્ષની ઇચ્છાવાળાને સંસારસુખ તો એની મેળે જ મળી રહે છે.

ગુરુની અનન્ય સેવા કરવાથી, ગુરુએ કાળધર્મ પામતાં પહેલાં ચેલાએ માગેલ 'પારસમણિ' આપ્યો. ચેલો સંયમના રંગે રંગાયેલો ન હતો તેથી પારસમણિએ તેને અક્કડ બનાવી દીધો અને હાથમાં ભૌતિક પારસમણિ રહ્યો ને આત્માએ પરમ પદનો પારસમણિ ગુમાવ્યો. તે માટે સંયમની સાધનાની આવશ્યકતા છે, તે પ્રકાશના પંથે લઈ જાય છે.

સંપત્તિ આવે સોનું યાદ ન કરવું, પણ સંયમને યાદ કરવો. વિપત્તિ આવે વીતરાગતા સાંભરે. ૧૧ મા ગુણઠાણા સુધી વિષય-કષાય આડે આવે છે, તે અસાવધ આત્માને પટકીને પહેલા ગુણઠાણે મૂકી દે છે. તેમાંય લોભ અને માન સંસારીને તેમ જ સાધુને પરેશાન કરી મૂકે છે. શરીર ક્ષીણ થવા માંડે, અંગ-ઉપાંગ શિથિલ થવા માંડે, પણ મોહ, માયા, મમતા, માન, લોભ ઓછાં થતાં નથી. પાંચ મહાવ્રતવાળો જાય, અગિયારમા ગુણઠાણે જાય, તો પણ તેની પાસે લોભ તો હોય જ છે.

આત્માને પ્રકાશ પંથે લઈ જવા માટે નિયમ-સંયમની જરૂર છે. પેલા શિષ્ય પાસે પારસમણિ આવ્યો, ને તેનો કેફ તેને ચઢ્યો. તેમને સન્માર્ગે લાવવા એક સુશ્રાવકે

[illegible] પ્રકાશમાં [illegible] [illegible] [illegible] જ્ઞાની [illegible]

[illegible] ભગવાન છે, [illegible] ભગવાન છે, સંયમી ને અનાસક્ત ભગવાન છે. [illegible] પ્રતિ રાગ નહીં, પણ ત્યાગ [illegible] છે. તે માટે જ્ઞાની ગુરુઓના મુખે નિયમિત પ્રવચનો સાંભળવાનાં છે. આવી ઉપાસનાનાં પગથિયાં [illegible] [illegible] છે. [illegible] આવી ને આવી સાધના પછી પુણ્ય-પ્રકાશની [illegible] [illegible] પ્રકાશે છે અને ધીમે ધીમે આત્મા પ્રકાશને પંથે પ્રયાણ આદરી દે છે.



વિવેક

જીવનમાં ત્રણ ઉદ્દેશ છે : માણસ અંધારી રાતમાં બેટરી લઈને બહાર ફરવા જાય છે, જો બેટરી ન હોય તો બેટરીવાળા સાથે જાય છે અથવા કોઈને પૂછીને જાય છે. તેવી જ રીતે જીવનમાં પણ કાં તો પોતે સાધુ સંત કે જ્ઞાની થઈને ફરવું, તેમ ન થાય તો જ્ઞાનીની સાથે રહેવું; તેમ પણ ન બને તો સંસારમાં કેમ જીવવું તે જ્ઞાનીને પૂછીને જીવવું.



જે લોકો જીવનમાં આગળ વધવા માગતા હોય તેમણે જીવનને જોવાનું, તપાસવાનું અને સુધારવાનું છે. આથી જીવનમાંથી પ્રમાદ, અજ્ઞાનતા, જડતા ને શિથિલતા આદિ જાય છે. "કહેવા કરતાં કરવું ભલું." જગતને કહેવાને બદલે, જગતને દોરવાને બદલે, ઉપદેશ આપવાને બદલે તે બધું પોતાના જીવનમાં ઉતારવાનું, આત્મસાત્ કરવાનું. તે જોઈને લોકોને તેવા થવાની તમન્ના જાગશે અને વિના ઉપદેશે દોરો સ્વયમ્ભુ માર્ગે જવ આવશે. Example is better than precept. પ્રગતિ માટે આચારની જરૂર છે, પ્રચારની જરૂર નથી. આપુ, પીળુ અને ગુપ્ત જીવન પ્રસાર કરવામાં જીવનની મહત્તા નથી. પરંતુ "મારે સિદ્ધ થવું છે, પ્રભુ! મારે [illegible]" [illegible]

[illegible]

છે. આપણે સૌએ આત્માને મોહમાંથી બચાવવાનો છે. પ્રેમ શાંતિ શક્તિને પ્રગતિ એ વિકાસથી આપણા આત્માને વિકસિત કરવાનો છે ને અનિમેષ બનાવવો છે. 'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવનાને જીવી જાણવાની છે. તેથી મન ઉચ્ચ ભૂમિકાએ પહોંચશે, ઉદારતા સાગર બનશે અને સંકુચિતતા શૂન્યમાં પરિણમશે.

મમત્વમાં કોઈ ભાગ પડાવે તે આપણને ગમતું નથી. ભૌતિક વસ્તુઓ દુઃખમય છે, પણ પારમાર્થિકતામાં સુખ છે. એ દૃષ્ટિ જીવનને આધ્યાત્મિક બનાવે છે. તેથી પ્રગતિમાં પ્રાણ પુરાશે.

યાદ કરો શાલિભદ્રના પૂર્વભવને. ગરીબ માતાએ માગી લાવેલ વસ્તુની ખીર બનાવી, લાડકા દીકરાને ખાવા માટે ગરમ ખીર થાળીમાં ઠારવા મૂકી. માતા પાણી ભરવા ગઈ. ભૂખ્યા ડાંસ થયેલ બાળકને થયું કે 'કોઈ અતિથિ આવે ને આ ખીરમાં ભાગ આપું.' પહેલાં અતિથિને આપવાનો વિચાર આવે છે ને પછી ખાવાનો વિચાર આવે છે. ભાવના ઉત્કટ હતી. અતિથિ પધાર્યા–આનંદની અવધિ ન રહેતાં બધીય ખીર વહોરાવી દીધી. આ શુદ્ધ ભાવનાએ અઢળક સંપત્તિના માલિક શાલિભદ્ર બનાવ્યા. યોગ્ય ભૂમિમાં બીજ વાવવામાં આવે તો એકમાંથી અનેક બીજ ઊગી નીકળે છે. સાધુ મહારાજના ધર્મ–ઉપદેશથી ભૂખ્યા ગરીબ

આત્માના દિલમાં ભાવનાની ઉત્કટતાએ પુણ્યનું ભાથું બાંધ્યું અને અઢળક સંપત્તિનો તે માલિક બન્યો. દાન-શીલ-તપ અને ભાવથી પુણ્ય પ્રાપ્તિ થાય છે.

પ્રગતિ સાધવા માટે વાંચન, વિચાર ને અનુભવ આવશ્યક છે. આ માટે વિષય-કષાય ને મોહ-મમતા ત્યાગવાના છે. તે ધ્યાન સાથે જ્ઞાન, મનન, ચિંતનની જરૂર છે. આ બધા ગુરુવાણીનું શ્રવણ હિતકારી છે.

જે કાળે જે થવાનું છે, તે થવાનું જ છે, પણ ધર્મધ્યાનથી અંતરનું સુખ મળે છે, આર્તધ્યાનથી દુઃખ મળે છે. આંતરિક અનુભવ આત્માને અનન્ય આનંદ કરાવે છે. તેથી આત્મા પ્રસન્ન ને પ્રફુલ્લિત બને છે અને વિકાસ પંથે વળી પ્રગતિના પ્રવાહમાં વિહાર કરે છે. આત્મા જ્યાં પ્રગતિ પંથે વળ્યો કે પ્રકાશના પૂંજ પ્રકાશિત બનવાના. અને પંથ સરળ-સહજ બનવાનો. તેથી પ્રગતિ સાધી શકાય છે. પ્રકાશ પામી શકાય છે.

✖ | સમસ્યા અને સમાધાન

અનંત ઉપકારી અનંત જ્ઞાની જિનેશ્વર પરમાત્માના પોતાના પ્રવચનમાં અનંત કરુણા સાથે એકે એક શબ્દમાં જગતના જીવોનું અનંત દુઃખ-દર્દ છુપાયેલ છે. તેમાં વેદના છે.

અનંત કરુણા-સાગર શ્રી જિનેશ્વર પરમાત્માએ એકાન્તે જગતને ઉગારવા માટે દેશના (પ્રવચન)માં એક અતિમૌલિક પ્રોસેસ-process (પ્રક્રિયા) દર્શાવી છે. વિશ્વવર્તી સમગ્ર જીવાત્મા પરમાત્મા બને તેવો પરમ કારુણ્ય (વાત્સલ્ય) ભાવ હતો, ભવ ભ્રમણાથી મુક્તિ મેળવવાની તાલાવેલી જોઈએ. પરમાત્મા બનવાની આંતરિક તત્પરતા હશે, તો પરમાત્મ પદ પ્રાપ્ત થશે.

પરમાત્માએ જાગૃતિનું સૂત્ર આપેલ છે. એકે એક શબ્દ સુષુપ્ત આત્માને જાગ્રત કરવા માટે જળ સમાન છે. એ જળસિંચનથી આત્મા જાગ્રત બની જાય, વ્યક્તિ નિર્વેદ-મય બની જાય અને સ્વયં સ્વરૂપ પ્રાપ્ત કરી શકે.

પરમાત્માએ જીવનનો પરિચય મૃત્યુના માધ્યમ દ્વારા આપેલ છે. જીવન એક સમસ્યા છે. પરમાત્માએ અંતિમ દેશના વખતે કહ્યું : 'હે ગૌતમ, સમયનો પ્રમાદ ન કર.'

ગૌતમના માધ્યમ દ્વારા સર્વ આત્માને જાગ્રત કર્યા. સમયનો પ્રમાદ જીવનને માટે ઘાતક બની જાય છે. પ્રમાદ–મૃત્યુ પર પ્રહાર કર્યો. શબ્દોની સાધના સ્વયં પ્રકાશિત બને તે માટે જીવનનો પરિચય આપ્યો. હાલનું જીવન તે સાચું જીવન નથી, પરંતુ જ્વાળામય છે. life of man is the field of battle. જીવન એટલે સતત સંઘર્ષ. ત્યાં સમસ્યાનું સમાધાન નહી મળે. સ્વયંને સ્વયંમાં ખોજ કરવાની છે તે સ્વયં પ્રાપ્ત નહી થાય તો solution શું છે?

ચિત્તના સમાધાનથી સમાધાન થશે.

જગતની આરાધના–સાધના ચિત્તની સ્વસ્થતા–સમાધાનમાંથી પ્રાપ્ત થશે. સ્વયં આત્માનો પરિચય–સ્વયંનું મૂલ્યાંકન કરવાનું છે. આ પરિસ્થિતિમાં જીવન [illegible], [illegible] [illegible], [illegible] [illegible] વિચારવાનું છે. ત્યારની ભૂમિકા–[illegible] [illegible] ભૂમિકામાં લઈ જવા માટે પ્રવચન છે [illegible] [illegible] તો [illegible] છે, દરિદ્રતા છે. કે દરિદ્ર છે, તે સ્વયં [illegible] નથી.

જીવનની કઠિનતા એ મહાન સમસ્યા છે

જીવન [illegible] માટે નથી. [illegible] [illegible] માટે છે [illegible] [illegible] [illegible] માટે જીવન નથી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. જીવનને [illegible] [illegible] [illegible] તો [illegible] [illegible] [illegible]

કેટલાક લોકો કહેવા આવે છે : "મહારાજ ! આટ
આટલી આરાધના કરવા છતાં ચિત્ત સમાધાનમાં રહેતુ
નથી. નવકારવાળી ગણતાં ચિત્તની એકાગ્રતા થતી નથી."

ચિત્તની અસ્વસ્થતા એ એક રોગ છે, આરાધનાને
વિકાર છે. આ અંગે લોકોમાં જાણકારી નથી. હંમેશા સમ
પણામાં આનંદ છે. આ human psychology છે.

કોઈ એમ કહેતા નથી કે 'મહારાજ, નોટો ગણતાં
મન ભટકે છે,' પણ એમ કહે છે કે 'નવકાર ગણતાં મન
ભટકે છે.' આ વિકાર છે. તેથી શુદ્ધ આત્મા થતો નથી ને
તેથી પરમાત્મા પ્રાપ્તિ થતી નથી. ચિંતનના ઊંડાણમાં
જવાથી વીતરાગતા સહજ પ્રાપ્ત થાય છે. તે માટે ભૂતકાળના
અંધકારમાં ભટકવાનું નથી કે ભવિષ્યની કલ્પનામાં રાચવાનું
નથી, પણ વર્તમાનમાં તરવાનું છે.

આ સંસારના માધ્યમ દ્વારા સર્જન કરવાનું છે.

જીવન આત્માના સર્જન માટે છે, જીવન વિસર્જન
માટે નથી. જીવન મૌલિક મૂલ્યવાન તત્ત્વોને પ્રાપ્ત કરવા
માટે છે. પૂર્વભવના સંસ્કાર દ્વારા આજે સંસારમાં જ્ઞાન
પ્રાપ્ત થાય છે. તે કોઈ યુનિવર્સિટીમાં પ્રાપ્ત નહીં થાય.

ભગવાન મહાવીરે આત્માનું વિજ્ઞાન બતાવેલ છે.
જગતમાં કોઈ તે બતાવી શકેલ નથી. જગતનું વિજ્ઞાન
સર્વવિનાશની ભૂમિકા પર રચાયેલ છે, ત્યારે આત્માનું

કરુણા

વિજ્ઞાન વિકાસ-સર્વ કલ્યાણની ભૂમિકા પર રચાયેલ છે. જગતનું વિજ્ઞાન વિદ્વાન બનાવે છે, તેને સંસ્કારી બનાવવા પરમાત્માએ સમર્પણની ભૂમિકા બતાવી છે. તેમના શબ્દોમાં દુઃખ છે, દર્દ છે, કરુણાથી ભરેલ છે. પરમ પદનો ભોક્તા બનવાનો માર્ગ પરમાત્માએ દર્શાવેલ છે.

જગતમાં કોઈ ને કોઈ પ્રકારે સંગ્રહ કરવામાં આવે છે. પરમાત્માએ સંગ્રહને બદલે સમર્પણની ભાવના બતાવી.

સમર્પણ વિરુદ્ધ સંગ્રહનો સંઘર્ષ છે.

શરીર છોડવાનું છે, જગત છોડવાનું છે, સંગ્રહ છોડવાનો છે, સંસાર છોડવાનો છે; આ બધું સમજીને અને પહેલેથી સંસાર છોડ્યો છે, ને સાધનામાં આગળ વધીએ છીએ. ત્યાં ત્યાગની ભૂમિકા છે, ત્યાં વિવેક પ્રાપ્ત થાય છે. જગત અપૂર્ણ છે. ત્યાં પૂર્ણતા લાવવા ત્યાગની જરૂર છે, તૃપ્તિની જરૂર છે. વર્તમાન જગતમાં અપૂર્ણતા છે, તેથી ત્યાં દરિદ્રતા છે; ત્યાં ભીખ છે. તે જીવનને પૂર્ણ બનાવવા માટે સંતોષની જરૂર છે. સંતોષ વગર સુખ નહીં મળે. જ્યાં સમર્પણ નથી, ત્યાગ નથી, વૈરાગ્ય નથી. ત્યાં સ્વર્ગ કેમ પ્રાપ્ત થાય ? જીવનના પરિચય [illegible] આશ્રમ દ્વારા [illegible] જીવનની [illegible] કરી આનંદપૂર્વક [illegible] પ્રાપ્ત કરે. સ્વર્ગ [illegible] નિર્માણ કરે.

શાંતિ, સાચા આત્મા જાગે. કદી કોઈ ને આજનો વિચાર કરો. મૃત્યુ કોઈ સાવધાન થાય.

તમારે ત્યાં મોટું ઘર હશે, વિકસુવિધા સાથે હશે, પહેરે-દાર હશે, પુત્રાદી પ્રાપ્ત થયેલ પરિવાર હશે, પણ મોત આવશે તો કોઈ પહેરેગીર તેને રોકી શકશે નહીં.

એડવોકેટ જનરલ કોર્ટમાંથી સ્ટે-ઓર્ડર લાવી શકશે નહીં, કોઈ પ્રથમ કક્ષાનો ફિઝિશિયન હશે તો તેની ગોળીથી મૃત્યુ ક્ષણવાર રોકાશે નહીં.

જીવન સર્વસ્વ છતાં જીવન પ્રાપ્ત નથી કરી શકાતું. જીવનમાં એટલું બધું દિલ-દિમાગમાં ભર્યું છે કે ત્યાં બીજું કાંઈ ભરી શકાતું નથી.

સ્વયં જ સ્વયંને પ્રાપ્ત કરવા મનોકામના સેવતા નથી.

કોઈ મકાનમાં બધી વસ્તુઓ ભરી દો, ગોડાઉન બનાવી દો. કોઈ કહે : 'આ ચીજ રાખો.' તમે કહેશો : 'એટલું બધું ભર્યું છે, કે લેશમાત્ર અવકાશ નથી.' તેમ તમારા દિલ-દિમાગમાં એટલું બધું ભર્યું છે કે પ્રવચન દ્વારા કાંઈ Supply કરું તો તે માટે અવકાશ નથી- Vacancy નથી.

આખા જગતનો વિચાર કરનાર સ્વયંનો વિચાર કરતો નથી.

સંસાર સમસ્યા છે. તેનું સમાધાન પ્રાપ્ત કરવા પ્રયત્ન નથી. સંસાર ત્યાં સમસ્યા. ત્યાં સ્વસ્થતા હશે તો સમાધાન

પ્રેરણા

પ્રાપ્ત થશે—સમાધિ મળશે.

તમે કેટલીક બાબતો અમોને પાછી આપો છો. મહારાજ કહે: 'સંસાર અસાર છે. જીવ કર્મવશ છે. કર્મ પ્રમાણે જીવ સંસારનું પરિભ્રમણ કરે છે.' સાધુ તો આચારનો માર્ગ બતાવે છે. જીવનમાં જાગૃતિ આવે તે માટે પ્રવચન આપે છે. ત્યારે તમો શો જવાબ આપો છો? 'સાહેબ, શું કરીએ, મોહનીય કર્મનો ઉદય છે. કર્મવશ બધું કરવું—ભોગવવું પડે છે. આપ રહ્યા સાધુ—અમે તો સંસારી. પાપ કરવાં પડે છે.' એટલે આનો અર્થ એ થયો કે સાધુ ધર્મ કરવા માટે છે ને સંસારી પાપ કરવા માટે છે!

સાધુ જીવનનો ધર્મ ને મર્મ સમજાવે છે. શ્રાવકે પરોપકારી બનવું જોઈએ, ઉદારતા દાખવવી જોઈએ. ઉદારતા દાખવી કલ્યાણ કરવું જોઈએ.

વીતરાગની વાણી—વીતરાગની દૃષ્ટિએ જોઈએ નહી, સંસારની દૃષ્ટિએ જીવન જોયું.

તારે જ્યારે બધું છોડવાનું છે—અપમાન સહન કરીને શાન્તભાવે—આશીર્વાદ આપવું પડે, તેના કરતા સમજીને આજથી ત્યાગી દેવું ઉત્તમ છે.

સાધુ—આ તો સંસારને સમજીને અંદર રહેવાની બહાર નીકળી જાવ.

ત્યાગ અને ભગવાનનો વિનિમય કરશો તો જણાશે કે મૂકવાનો ભાર નથી, મમત્વ બાધક છે. મમત્વ અનેક સમસ્યા ઊભી કરે છે.

વ્યક્તિએ ભૂતકાળની ભ્રમણા સેવવાની નથી, ભવિષ્યકાળની કલ્પનામાં રાચવાનું નથી. વર્તમાનને સમજવાનો છે. સંસાર છોડવાનો છે, શરીર છોડવાનું છે. મમત્વ ને મૂકી જાય તો સમર્પણની ભૂમિકા આવી જાય.



હૃદય

શ્રદ્ધાના પ્રશ્નનો જ્ઞાન ઉત્તર આપે છે કે, આપણા જ સિદ્ધાંતોનો સૌથી મોટો પ્રચારક હોય તો તે હૃદય છે. જીવનમાં સૌથી સરળ ને શ્રેષ્ઠ પુસ્તક તે સંસાર છે. સૌથી વધુ વિશ્વાસુ મિત્ર ભગવાન અને સૌથી મોટું જો કોઈ દુઃખ હોય તો તે પ્રાપ્તિમાં અસંતોષ છે.

સહનશીલતા

સહન નનનું કે જ્યાં, ત્યાં હસન કે કર્મનું. સહનશીલતા માનવને મહાન બનાવે છે. દુઃખ આવે સમતા રાખવાની છે. દુઃખ દેનાર મોટા નથી, દુઃખ સહન કરનાર મોટા છે. પ્રતિકૂળતાનું [illegible] થયું હોય, તો તે કે કર્મવિપાકનો ઉદય. દુઃખ ઉત્પન્ન કરનાર આત્મા જે છે, તે દુઃખ સહનાર પણ આત્મા જ છે. કર્મનો વિપાક પૂર્ણ થતાં દુઃખ ચાલ્યું જશે.

એક દિવસ સોક્રેટિસની પત્ની સોક્રેટિસ ઉપર ખૂબ જ ગુસ્સે થઈ, પણ સોક્રેટિસ તો શાંતિથી [illegible] હતો. આથી સોક્રેટિસની પત્ની વધુ [illegible] તે [illegible] સોક્રેટિસ બહાર નીકળ્યા, તો [illegible] પાણી [illegible] સોક્રેટિસ પર રેડ્યું. આથી સોક્રેટિસ [illegible] [illegible]

વિપુલ શક્તિ વેડફાઈ જાય છે, જે એકત્ર પ્રકાશ તરફ પ્રગતિ માટે છે. બાહુની શક્તિ કરતાં વીર્યવાન આત્મામાં શક્તિ વધારે છે, તેથી જ ગાંધીજીએ સત્ય-અહિંસાથી અનેક ભૌતિક શક્તિવાળા સામે જીત મેળવી. ભગવાન રાવણના સામેના એક કોમળાંગી સીતા જય કરી શકી. રાવણની દાસીઓ જેવી અનેક સ્ત્રીઓ કરતાં એક તણખા જેવી સંયમી સતી સ્ત્રી ચઢિયાતી છે.

જ્યાં સહિષ્ણુતા છે, જ્યાં સંયમ છે, ત્યાં જીવન સંવાદિત છે. ત્યાં એકાગ્રતા ને આનંદનું સર્જન છે. સર્જન એ જ માનવજીવનની સફળતા છે. જીવનને ઉત્કૃષ્ટ બનાવવા માટે સતત જાગ્રત રહેવાનું છે. એક નાનામાં નાનું છિદ્ર નાવને ડુબાડી દે છે, એક નાનામાં નાનો તણખો ગંજીના ગોડાઉનને ભસ્મ કરી નાખે છે. એક નાનામાં નાની ભૂલ માનવને વિરાટમાંથી વામન બનાવી મૂકે છે.

જે માણસો સહન કરીને મોટા થયા તેમને યાદ કરવાના છે. સુદર્શન શેઠે સહન કર્યું, તો આજે પ્રાતઃસ્મરણીય બની ગયા. 'ભરહેસર'ની સજ્ઝાય યાદ કરો. એ બધા આત્માએ અકલ્પ્ય સહનશીલતા કેળવી હતી. તેમના સંયમની સુવાસ આજ સુધી રહી છે. પ્રભુ મહાવીરદેવે ઉપસર્ગો શાંતિપૂર્વક સહ્યા ને આજે અનેક હૃદયમાં સ્થાન પામી રહ્યા. આમની પાસે જ્ઞાન દશા હતી. હસતાં હસતાં

દુઃખોને સહન કરીને કર્મની નિર્જરા કરી. જીવનને શુદ્ધ બનાવ્યું, આત્માનો વિકાસ સાધ્યો. આ માટે જીવનને પ્રભુના ચરણમાં સમર્પિત કરવાનું છે ને કહેવાનું છે કે, "ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા."

સંયમ કેળવવા માટે સાધ્ય ને શુદ્ધ આલંબન જોઈએ. આવું આલંબન નવપદ–સિદ્ધચક્ર છે—આથી મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થભાવ ઉત્પન્ન થાય છે. પૃથ્વી સહન કરે છે, તેથી તે રત્નરૂપ બની. અનેક સુંદર પાક ઉત્પન્ન કરે છે. માતા સહિષ્ણુતાની મૂર્તિ છે, માટે તે પૂજનીય છે. જે વાઢે છે, તે હસે છે. પથ્થર સહન કરે છે ને તે પ્રતિમા બની પૂજનીય બને છે. ફૂલ સહન કરે છે ને તે ભગવાનનો [illegible] કહેવાય છે. નદીના પાણી સંયમરૂપી કાંઠા વચ્ચે વહે છે, તો તે અનેકને જીવન અર્પે છે, અનેક પર ઉપકાર કરે છે. સાધુ સહન કરે છે ને પૂજનીય બને છે.

આ સહિષ્ણુતા ને સંયમ છે, ત્યાં જીવન ઊર્ધ્વગામી બને છે. આત્માનો વિકાસ થાય છે અને અનેકોના ઉપકારી બની શકે છે. પ્રભુની [illegible] [illegible] સહન કરે છે [illegible]

[illegible] જીવન [illegible] કરે છે.

સરોવર કિનારે પક્ષીયુગલને જોતાં પવનંજયને અંજના પ્રત્યે કરેલ અન્યાય સમજાય છે. પોતાની ભૂલ લાગે છે. તેથી રાત્રે યુદ્ધમેદાનમાંથી ઘેર આવે છે ને સવાર પડતાં પહેલાં તે ચાલ્યો જાય છે. જતાં જતાં તેણે પોતાની મુદ્રિકા અંજનાને આપી. ઘરમાં કોઈને પવનંજય આવ્યાની ખબર ન પડી. વખત જતાં અંજનાના સગર્ભાના ચિહ્ન પ્રગટ થયાં. સાસુને તેના ચારિત્ર અંગે શંકા પડી–તેમને થયું અંજનાના દોષથી જ પવનંજય ૨૨ વર્ષથી બોલાવતો નથી.

આ રીતે અંજનાને કલંકિની માનીને તેને પિયર ધકેલે છે. ગામલોકો તેના પ્રતિ તિરસ્કાર વરસાવે છે. તે થાકીને, હારીને પિતાને ત્યાં જાય છે. ત્યાં પણ તે જ હાલ! માતાપિતા અંજનાને સંઘરવા તૈયાર નથી. ભાઈ કહે છે કે, "એક આંગળીએ સાપ કરડચો હોય તો આપણે તે આંગળી કાપી નથી નાખતા?"–પણ માબાપ તે સાંભળવા–સમજવા તૈયાર નથી. તેમણે કહ્યું : 'અંજના આપણી છે, પણ કલંકિતા બન્યા પછી આપણા ઘરમાં તે ન જોઈએ.'

અંજના ભાગ્યમાં માનતી હોવાથી ભાગ્ય સામે લડે છે અને જંગલમાં ચાલી જાય છે. માણસ ઉપવાસ કરી શકે

છે, પણ અપમાન સહન કરી શકતો નથી.

જંગલમાં ફળફૂલ ખાઈને તે જીવન ગુજારે છે. ત્યાં એક દિવસ વિદ્યાચરણ મુનિના દર્શન થાય છે. મુનિ તેને ધર્મલાભ આશીર્વાદ આપે છે, અને મુનિને પોતાના કર્મ વિષે પૂછે છે. મુનિ ચાર જ્ઞાનના જ્ઞાતા છે. દીકરીની માફક અંજના ગુરુની આગળ પોતાનું હૈયું ખોલે છે.

ભયંકર રોગવાળાને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની જરૂર પડે છે, તેમ દુઃખવાળાને અને વ્યસનીને ગુરુની ખૂબ જ જરૂર પડે છે.

અંજના દુઃખી ખૂબ થઈ છે. અને તે હૃદય ખોલીને પોતાના દુઃખની વાત ગુરુને કરે છે તથા કહે છે 'દુનિયામાં મારૂ કોઈ નથી.'

ગુરૂ : 'એવુ બોલ નહીં. [illegible] પશુ-પક્ષીઓનું કોઈ કોણ છે? [illegible] [illegible] છે. માટે, તું ચિંતા ન કર. [illegible] દુઃખો દૂર કરનાર પુત્ર તને જન્મશે.'

[illegible]

[illegible]

આથી અંજનાને ઘણો સંતોષ થયો. ત્યાર પછી તેણે પોતાના દુઃખનું કારણ પૂછ્યું, ત્યારે ગુરુએ કહ્યું : 'અશુભ કર્મોને લીધે જ તમારે દુઃખ સહન કરવું પડ્યું.'

અંજના : 'એ કેવી રીતે ?'

ગુરુ : સાંભળ, પૂર્વે કનકરથ રાજાને લક્ષ્મીવતી અને કનકોદરી બે રાણી હતી. લક્ષ્મીવતી અતિ સુંદર હોવાથી કનકોદરી તેની ઈર્ષ્યા કરે છે. 'રાજા લક્ષ્મીવતીને બહુ ચાહે છે.' એમ તેના મનમાં થયા કરતું. તેથી તે લક્ષ્મીવતીને હેરાન કરવા ડગલે ને પગલે પ્રયત્ન કરે છે.

પ્રભુની સેવા અને પતિની સેવા—એ જ લક્ષ્મીવતીના મુખ્ય આદર્શો હતા. ભગવાનની ભક્તિ ભાવપૂર્વક કરતી. ભગવાન વિના તે ક્ષણભર રહી શકતી નથી. તેને હેરાન કરવા કનકોદરી ભગવાનને ઉકરડામાં સંતાડી દે છે. તે ભગવાન ૨૨ ઘડી ઉકરડામાં રહે છે.

પછી ગુરુ કહે છે : 'હે અંજના ! તે કનકોદરીનો જીવ જ તું છે અને તેં પ્રભુની પ્રતિમાનો વિયોગ લક્ષ્મીવતીને ૨૨ ઘડી સુધી કરાવ્યો, તેથી આ ભવમાં તમને તમારા પતિનો ૨૨ વર્ષનો વિયોગ થયો. હવે તેનો અંત આવી રહ્યો છે, માટે દુઃખને આપનાર પોતાનાં જ કર્મો છે.'

અંજનાએ પોતાના દુઃખમાં હિંમત રાખી. નવ માસ પૂર્ણ થતાં નદી કિનારે વૃક્ષ નીચે બાળકનો જન્મ થયો. આ બાળક ચરમશરીરી અને મોક્ષે જનાર આત્મા હતો.

આવા નિર્જન જંગલમાં અંજના તેનો જન્મ મહોત્સવ કેવી રીતે ઉજવી શકે? તેથી તે નિરાશ થાય છે ને રડે છે.

તે રડતી હતી ત્યારે પ્રતિસૂર્ય ત્યાંથી પોતાના વિમાનમાં પસાર થાય છે, સ્ત્રીના રડવાનો અવાજ સાંભળી નીચે આવ્યા. અંજનાને મળ્યા અને વાતચીતમાં જણાયું કે અંજનાના તે મામા હતા. તે પોતાના વિમાનમાં બધાને લઈ જાય છે. વિમાનમાં તોફાની ઘણા હોવાથી બાળક કૂદા કૂદ કરતાં વિમાનમાંથી પડી જાય છે, પણ ઉત્સવ કરે છે, ૨૨ વર્ષના સંયમ પછીનું આ બાળક હતું. જેની દીપ્ત તેનું ભાની હોય છે. તેજસ્વી માતા સમાન તેજસ્વી બાળક છે.

આ બાજુ પવનંજય યુદ્ધમાંથી ઘરે આવે છે. [illegible] અંજનાને મળવા તેના મોસાળમાં જાય છે [illegible]

"શિષ્ટ માણસો અશિષ્ટ બોલતા નથી" એમ મદનરેખાએ પોતાના જેઠ મણિરથને કહેવડાવ્યું તથા કહ્યું: "આ જીવે અનંતા ભવો કામ અને અર્થની પાછળ વેડફી નાંખ્યા, પણ આત્મા અમર ન બન્યો. જો એક ભવ પ્રભુની પાછળ વાપરીએ તો એક ભવમાં મુક્તિ મળી જાય."

આહાર, નિદ્રા, ભય, મૈથુનની ક્રિયા તિર્યંચ કરે છે. તે ક્રિયા આપણે કરીએ છીએ. ઘડપણમાં આપણે વિચાર કરીએ છીએ કે યૌવનમાં મેં મારું શરીર ભોગમાં વાપર્યું, તેના કરતાં પ્રભુભક્તિમાં વાપર્યું હોત તો મને મોક્ષ મળી જાત.

કામની ખાતર, ધનની ખાતર કુટુંબને છોડી દઈએ છીએ, પણ એક વર્ષ પ્રભુ થવા માટે વાપરીએ તો જીવન ધન્ય થઈ જાય છે. સંસારની માયામાં પાણી વલોવીએ છીએ. યુવાનીને કામમાં અને ઘડપણને અર્થમાં વાપરવાનાં નથી. વૃદ્ધ માણસને કામ છોડતો નથી. મણિરથના મનમાં કામ જાગેલો છે, તેથી મદનરેખાને મેળવવા તે કાવાદાવા કરી રહ્યો છે.

એક વાર મદનરેખા અને તેનો પતિ યુગબાહુ લતા-

મંડપમાં સૂઈ ગયાં છે; ત્યારે મણિરથે વિચાર કર્યો કે યુગ-બાહુને મારી નાખું તો જ મદનરેખા મને મળે. આમ વિચારીને યુગબાહુને ખંજર મારીને મણિરથ ચાલ્યો ગયો. મદનરેખાએ જોયું કે પોતાના પતિ અલ્પ સમયના મહેમાન છે, તેથી તેણે પોતાની ફરજ અદા કરી. યુગબાહુના આત્માને આર્તધ્યાનમાંથી ધર્મધ્યાનમાં લાવવા પ્રયત્ન કર્યો.

પાપી આત્મા પણ નવકારમંત્રનું સ્મરણ કરે તો તે સદ્‌ગતિ પામે છે, માટે જીવનભર નવકારમંત્રનું સ્મરણ કરવાનો છે. યુગબાહુને લાગ્યું : "હું તો [illegible] છું ને [illegible] જવાનો છું. માટે મૈત્રી ભાવના, [illegible] ઉત્તમ છે. યુગબાહુની [illegible] મદનરેખાએ [illegible] લીધી.

યુગબાહુનો આત્મા દેહ છોડી [illegible]

[illegible]

[illegible]

ભાઈને મારી નાખ્યો !

નવપ્રસૂતા મદનરેખા મહાસતીજી નવજાતશિશુને વૃક્ષ-પત્રમાં લપેટી વૃક્ષ નીચે સૂવડાવી મહાસતીજી નિકટવર્તી જળાશયે શરીરશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ કરવા ગયાં. ત્યાં તોફાની હાથી આવ્યો ને મદનરેખાને સૂંઢમાં લઈને ચાલ્યો જાય છે, ત્યારે મદનરેખા 'અરિહંત, અરિહંત'નું સ્મરણ કરે છે. તે સમયે મણિરથ વિદ્યાધર ત્યાંથી પસાર થાય છે, તે મદનરેખાને બચાવે છે. મદનરેખાને જોતાં મણિરથના મનમાં કામ જાગી જાય છે.

વિદ્યાધરે હાથીના ભયમાંથી મદનરેખાને બચાવી. હવે મદનરેખાને કામના ભયમાંથી મણિરથને બચાવવાનો છે.

મદનરેખાને પોતાના રૂપથી વૈરાગ્ય આવી ગયો. પોતાનું રૂપ, તેને વિરૂપ લાગ્યું.

વિદ્યાધરનો કામજ્વર જ્ઞાનીની વાણીથી ઊતરી જાય છે. મદનરેખા વિદ્યાધરને પૂછે છે કે મારા પુત્રનું શું થયું ? તેણે કહ્યું કે મિથિલા નગરીનો નિઃસંતાન રાજા તેને લઈ ગયો છે અને ત્યાં પ્રેમથી રાણી તેને ઉછેરે છે.

જે સ્રીને પોતાનાં બાળક, પતિ, ઘર ગયાં હોય તે ખૂબ દુઃખી દુઃખી થઈ જાય છે. છેવટે વિદ્યાધરને કહે છે કે, "મને જાત્રા કરવા નંદીશ્વર દ્વીપ લઈ જાવ."

મદનરેખા ને મણિરથ બન્ને ગુરુને વંદન કરવા જાય છે, ત્યારે ગુરુ તેમના મનના ભાવ જાણી જાય છે, તેથી ગુરુએ બ્રહ્મચર્યનો મહિમા સમજાવ્યો. દુનિયામાં કોઈ સિદ્ધિ મેળવવી હોય તો બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. તેની અસર વિદ્યાધર પર સારી થઈ ને જાગ્યા ત્યારથી સવાર જાણી તેણે ગુરુની પાસે બ્રહ્મચર્ય વ્રત લીધું.

●

વિવેક

આ જીવન નાશવંત છે. માટે ખાઓ, પીઓ અને મોજ માણો, [illegible]

●

સંસાર એ તો તૃષ્ણા છે. તે તૃષ્ણા સંસારની વૃદ્ધિ કરાવે છે. તૃષ્ણાની તૃપ્તિ માટે પ્રભુના પ્રેમપીયૂષની જરૂર છે. તે પામવા માટે આ મહામૂલો મનુષ્યભવ મળ્યો છે, અને આત્મકલ્યાણની બધી સામગ્રી આપણને મળી ગઈ છે, છતાંય મનુષ્યભવને પસ્તીની માફક વેડફી રહ્યા છીએ. જો આ ભવની ભવ્યતા નહીં સમજાય તો આત્માની દિવ્યતા પ્રાપ્ત નહીં થાય. પૂર્વ સંચિત પુણ્યથી જે પ્રાપ્ત થયેલ છે, તેને અધમ કાર્યોમાં ખર્ચી નાખવાનું નથી.

સુલસાના બધા પુત્રો મરી ગયા છતાં દુઃખી થયા વગર પ્રભુ મહાવીરનાં દર્શન કરવા ગઈ. તે માનતી હતી કે 'જે છોડવાનું છે, તે છૂટી ગયું છે, જે પોતાનું છે, તે કદી જતું નથી અને જે જાય છે, તે મારું નથી" આવા જ્ઞાનને કારણે તે વંદનીય–પૂજનીય બની. આવા જ્ઞાનની પ્રાપ્તિ માટે જ્ઞાનચક્ષુની જરૂર છે. આ માટે એકાંતમાં પોતાના આત્માની સાથે વિચારણા કરવાની છે. વાસના, અસંયમ અને કામ–વિષયને દબાવવાના નથી, પણ તેમને સમજાવવાના છે, તેમને ત્યાગના રાહે લઈ જવાના છે. ત્યાગમાં જ સુખ સમાયેલું છે, વિષયોમાં સુખ નથી. જેમ જેમ દેવલોકમાં

ઉપર જઈએ, તેમ તેમ દેહનો સ્પર્શ ચાલ્યો જાય છે અને માનસિક સુખ વધતું જાય છે.

પહેલા બાર દેવલોક પછી નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર અને તેના ઉપર સિદ્ધ શિલા છે. ચૌદ રાજલોકનો આકાર ઊભેલા ને બે હાથ કેડે દીધેલા હોય તેવા મનુષ્ય આકારનો છે. ગળામાં પાંચ અનુત્તર છે અને મસ્તક ઉપર સિદ્ધ શિલા છે.

પહેલા બે દેવલોકમાં પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય હોય છે, ત્યાં મનુષ્ય કરતા સુખ અને સ્પર્શ અધિક હોય છે. આગળ પાંચ દેવલોક સુધી સ્પર્શ નથી, ત્યાં દૃષ્ટિથી જ સંતોષ થાય છે.

છઠ્ઠા ને સાતમા દેવલોકમાં વાતો અને દૃષ્ટિથી જ સંતોષ થાય છે. આઠમા દેવલોકમાં દેવીના સ્મરણથી સંતોષ થાય છે. પછીના દેવલોકમાં આવું કંઈ પણ હોતું નથી.

[illegible]

આજે કોઈક ધનથી, સત્તાથી, વાસનાથી, રૂપથી અશાંત બની રહ્યા છે. પણ તેમાં સત્ય કે સત્ત્વ નથી. આત્મિક વાત્સલ્ય પાછળ ત્યાગની ભાવના રહેલી છે. પરિગ્રહની તૃષ્ણા પાછળ માનવી દોડ્યા કરે છે. તે તૃષ્ણાનો ત્યાગ કરવા માટે આ છે. આત્મિક વાત્સલ્યમાં કોઈ ભાગ્યે જનાર આત્મા જાગી જાય તો જીવન ધન્ય બની જાય. માનવમાં માનવતા છે, દિવ્યતા છે, પવિત્રતા છે. તે દિવ્યતાથી તેને તથા જગતને જોવાનું છે. ચંદન સ્વનો ત્યાગ કરે છે, તો સુગંધ ને શીતળતા અર્પે છે. જ્યારે ત્યાગનો પરિપાક ઉત્તમ હશે, તો તે ત્યાગીની મહેક ચાતરફ ફેલાશે. અને ત્યાગી આગળ ભોગી નમે છે; માટે આ ભૌતિક સંસારમાં માનવીને અનેક પ્રકારની તૃષા હેરાન કરે છે, તેને તપાવે છે, તરફડાવે છે અને જીવનને વૃથા ને વ્યાધિમય બનાવી મૂકે છે. અનેક બંગડીનો અવાજ રાજવીને શૂળ જેવો લાગતો હતો. તેનો ત્યાગ થવાથી શાંતિ લાગી. તો પાંચ ઇંદ્રિયોના વિષય–કષાયની તૃષા નાબૂદ થશે, તે ઉપર સંયમ આવશે તો ધીરે ધીરે વિકારોનો, વિકલ્પોનો ત્યાગ થશે અને જીવન પ્રકાશ પંથે વિહરી દિવ્યતાનો આસ્વાદ અનુભવશે.